શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર

આજીવન લવાજમ : રૂા. ૧૫૦૦/-

# કચ્છશ્રુતિ



શ્રી કચ્છી સમાજ
અમદાવાદ

વર્ષ : ૩૨મું
સપ્ટેમ્બર : ૨૦૧૭ ● અંક : ૩
પાના નં. ૧ ● (કુલ પેજ : ૫૨)

૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૭ ❀ પ્રસિદ્ધ કર્યા તા. ૧૦-૦૯-૨૦૧૭ ❀ કિંમત : રૂા. ૧૮/-

હૈયે હરખ ના માતો રે બહુચરી,
હૈયે હરખ ના માતો રે લોલ...
આસોનાં નવરાત્ર આવ્યા અલ્યા ગરબા,
આસોનાં નવરાત્ર આવ્યા રે લોલ...
ગરબાનો રંગ મને લાગ્યો એલા ગરબા,
ગરબાનો રંગ મને લાગ્યો રે લોલ ...



## ગુજરાતીના સામાજિક જીવનમાં તાણાવાણાની જેમ વણાયેલા-ઓતપ્રોત થયેલા ગરબા-રાસ !

તંત્રી મંડળ : અશોક મહેતા (મુખ્ય તંત્રી) ● દિનેશભાઈ આર. મહેતા ● ભોલાભાઈ ગોલીબાર

મુખ્ય કાર્યાલય : શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલીસબ્રીજ, અમદાવાદ–૩૮૦૦૦૬. ● ફોન : ૦૭૯–૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪

Email : kutchhisamaj@gmail.com • Website : www.kutchisamajahmedabad.org.

Girlie™

Ladies Bag | Ladies Foot Wear

Unit-1, Ground Floor, Urja House, Swastic Cross Road,
C.G. Road, Ahmedabad - 380009.
Ph. : 079-26562011
E-mail : girlie.ahmedabad@gmail.com

ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેન્ક લિ.

મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ. ફોન : ০৭৯-২૬૪০০৯৬৯-৭০

- ફિક્સ ડીપોઝિટ ઉપર આકર્ષક વ્યાજદરો
- બચત તથા કરંટ ખાતા માટેની યોજના
- રૂ. ૧ કરોડ સુધીની લોન ધિરાણની વિવિધ યોજનાઓ અને વ્યાજનો દર

FD ના ખાતેદાર માટે ૯૦ થી ૬૫% સુધી OD માત્ર ૧ % વધુ વ્યાજ થી તેમજ થર્ડ પાર્ટી OD માટે પણ માત્ર ૧% વધુ વ્યાજ.

વિવિધ સાઈઝના લોકર ફક્ત ગ્રાહકો માટે વગર વ્યાજની ડીપોઝિટથી



SILICON®
ZERO MAINTENANCE LAMINATE

RANGE
- Romantic Veneer
- Zero Maintenance Laminate
- Plyboards
- Engineered Prelam Particle Board
- Doors

**Customer Care:** 09376327182, 09375021100
**Email:** info@silicon-group.com; coordinator@silicon-group.com
**Web.:** www.silicon-group.com

Navinbhai Patel
Director
Mob. : 9825034905

Ramjibhai Patel
Ratanshibhai Patel

PATIDAR

PATIDAR PACKERS PVT. LTD.

Wooden Boxes Crafts & Pallets.
Mfrgs. & Specialist in Seaworthy Packaging.

Opp. Ahmedabad Steel Craft, Near G.V.M.M., Odhav Road, Ahmedabad - 382 415.
Ph.: 079 - 22901233, 22902433, 22900933

Aashish Dinesh Mehta

Vikas Infrastructure
Land Developers & Investors

804, Aakridi Heights, Opp. Aangan Party Plot,
Nr. Prerna Tirth Derasar, Satellite, Ahmedabad-15.

(M) : 93741 31715, 94288 26997

Email : vikas_infra@rediffmail.com

હિમાંશુ ભાઈલાલ ઠક્કર
+91 98793 01004
+91 93740 01004

અમર રઘુવંશમ્
શ્રી રઘુકુળ વિશ્વ

પ્રેરણા સ્ત્રોત
- શ્રી લોહાણા મહાપરિષદ
- અખિલ ગુજરાત લોહાણા સમાજ
- શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
- શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ અમદાવાદ
- શ્રી જલારામ અભ્યુદય જનસેવા ટ્રસ્ટ
- શ્રી કચ્છી સમાજ અમદાવાદ

jaymahaparishad@gmail.com
shreeraghuvansham@gmail.com

મહેમાનોનું માન, સ્નેહીઓનું સન્માન... કર્ણાવતીની દાબેલી થી જ શોભે...

મણીનગરના પ્રખ્યાત
કર્ણાવતી™ દાબેલી સેન્ટર





આપણા સ્વાદ... હર પલ યાદ..

Our Main Branch
Maninagar
1, Radhamandir Complex, Opp. Hirabhai Tower,
Uttamnagar, Maninagar, Karnavati - 380 008.

Drive-In-Road
LL /12, Indraprastha Tower, Nr. Himalaya Mall, Drive - In - Road, Bodakdev, Ahmedabad- 380052.

Bopal
A -01 & 02, New York Arcade, Nr. Bhavya Park, Opp. Inductherm, Bopal, Ahmedabad.

★ Food's Regent Spice Products (Mfg. Dabeli Instant Masala)
6,7,8, Ground Floor, Karmam Avenue, Opp. Surya City,
B/h.Hirabhai Tower, Maninagar, Ahmedabad.

Mahendra Sangoi
Chairman, M.D.

RAMDEV GROUP

Mfg. of
Cement Concrete Blocks
& Pavers
Builders and Developers

Ami Zarna, Opp. Navneet Hi-tech Hospital, L.T. Road, Dhaisar (E). Mumbai-400 068.
Telefax : 28940150/51 • E-mail : mahedrasangoi@ramdevgroupindia.com
Website : www.ramdevgroupindia.com

વર્ષ-૩૨ ● અંક - ૩
૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૭

**માનદ્ સલાહકાર**
શ્રી હંસરાજ કંસારા

**તંત્રી મંડળ**
**અશોક મહેતા - મુખ્ય તંત્રી**
મો. ૯૮૨૫૩૨૨૬૮૯/૯૮૭૯૦૬૩૧૦૦
**દિનેશ આર. મહેતા**
મો. ૯૯૨૪૩૪૨૬૨૮
**ભોલાભાઈ ગોલીબાર**
ફોન : (૦૭૯) ૨૬૬૦૬૮૮૮

**વ્યવસ્થાપક સમિતિ/જાહેરાત સમિતિ**
**શ્રી મનુભાઈ કોટડિયા - કન્વીનર**
મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮
**શ્રી ભરત ઓઝા - સભ્ય**
મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩
**શ્રી સુનીલ દાવડા - સભ્ય**
મો. ૯૮૨૫૦ ૨૧૪૨૩

**વિભાગીય સંપાદન**
વતનના વાવડ - ભરત ઓઝા
ગાંધીનગર ગાથા - વર્ષા મહેતા
મહિલા વિશ્વ - રેખાબેન શુકલ
કલરવ - દિનેશ માંકડ
શબ્દ-શોધ - પ્રદીપ જોશી-આદિપુર

**પત્ર વ્યવહારનું સરનામું**
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com
●
Kutchshruti Available on
www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com

**કચ્છ શ્રુતિ લવાજમ**
૨ વર્ષ : રૂા. ૫૦૦/-
૫ વર્ષ : રૂા. ૧૦૦૦/-
આજીવન : રૂા. ૧૫૦૦/-
ચેક/ડ્રાફ્ટ : 'શ્રી કચ્છી સમાજ-અમદાવાદ'ના નામનો મોકલવો.

'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી. - મુખ્ય તંત્રી

# આ અંકમાં....

## વિભાગ-૧ :-

### તંત્રી લેખ

- અમદાવાદ સ્થિત કચ્છીઓની ગૌરવગાથા .................................. **અશોક મહેતા**....૪
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા આયોજિત
  નવરાત્રિ પ્રસંગે રાસ ગરબાનો કાર્યક્રમ ● નવરાત્રિ પ્રસંગના વિવિધ સૌજન્ય ......... ....૭-૯


### વિચાર મંથન

- સફળતાના વિવિધ પગથિયા .................................. **યાસીન દલાલ**....૧૦


### સમાજની ક્ષિતિજો

- વિતક શાં ખોલવાં અમથાં? .................................. **ગોવિંદ ખોખાણી**....૧૨


### કચ્છ

- પાનંધ્રો લિગ્નાઈટ ખાણ .................................. **સંજય પી. ઠાકર**....૧૪


### સાંપ્રત

- જૂના કાયદાઓનું GSTમાં પરિવર્તન ......**હર્નિશ પી. મોઠ, સી.એ. જયકિશન વાધવાણી**....૧૬


### દિશા સૂચન

- પ્રગતિ આ રીતે પણ થઈ શકે – (૨) .................................. **અશોક મહેતા**.....૨૧


### અતીતમાં નજર

- અતીતની અટારીએથી – ૫ .................................. **ભાવાનુવાદ : ભરત ભટ્ટ**....૨૩


### માહિતી

- ડિપ્રેશન દૂર થઈ શકે ખરું...? .............................. **દિનેશ પાંચાલ, જર્નાલિસ્ટ**....૨૯
- આપના મેડિકલ રેકોર્ડની ફાઈલ કેવી હોવી જોઈએ?..... **ડો. મયંક કિશોરચંદ્ર છાયા**....૩૧


### સ્વાસ્થ્ય

- વારંવાર હાથ ધોવા.......................................... **ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક**....૩૨
  **ડૉ. દિપ્તી શાહ (ગડા) મનોચિકિત્સક અને બાળ મનોચિકિત્સક**


### મંતવ્ય

- આ તે શબ્દકોશ છે કે ધર્મકોશ? ........................................ ...**વજેસિંહ પારગી**....૩૪


### સેલ્ફી

- ગુજરાતનું ખજુરાઓ : સદીઓ પહેલાં મંદિરની દીવાલ પર કોતરાયેલી લવ ગાઈડ . .....૩૫
- વડોદરાના પરીણિત દિવાન પ્રેમમાં પડ્યા અને તેમાંથી સર્જાયું સૂર્યમંદિર.............. .....૩૫


### વિવિધતા

- પ્રતિભાવ ● વિવિધ માહિતી .................................................... ૩૬
- અન્ય સંસ્થાના સમાચાર ● પુસ્તક પરિચય ........................................ ૩૭
- શબ્દ શોધ : ક્રમાંક - ૬૪ .................................................... ...**પ્રદીપ જોશી**....૩૮


### મેઘ ધનુષ

- છૂમંતર થઈ ગયું ........................................ **રમેશ ચંદુલાલ શાહ 'આરસી'**....૩૯
- કેટલીય યાદ નીકળે - **દિલીપ આચાર્ય 'દિલકશ'**....● દીકરી - **રમીલા પી. મહેતા**. ૩૯
- હકીકત .................................................... **અરવિંદ સોમૈયા**...૪૦
- મોંભત વધારીયું : **દિલીપ આચાર્ય 'દિલકશ'** ● ઊઠ ઉઘાડા તા ફેરેં : **બલવીરસિંહ જાડેજા**. ૪૦


## વિભાગ-૨ :-

- પરિવાર સમાચાર ● સમાજ સમાચાર............................................ ૪૩-૪૮
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ .................................. ૪૯

તંત્રીલેખ

# અમદાવાદ સ્થિત કચ્છીઓની ગૌરવગાથા



અશોક મહેતા

તાજેતરમાં જ ગુજરાતના અખબારોમાં સમાચાર પ્રસારિત થયા કે **શ્રી કૈલાસદાન કરણીદાન ગઢવી**ની ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા તરીકે નિમણૂંક કરવામાં આવેલ છે. જો કે આ અગાઉ છેલ્લા કેટલાક સમયથી પ્રદેશ કોંગ્રેસના ટી.વી. પર ડિબેટની પેનલમાં તેઓ કાર્યરત રહ્યા છે. ભુજ તાલુકાના લાખોંદ ગામના શ્રી કૈલાસદાન ગઢવી શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ઈમીડિયેટ પાસ્ટ પ્રેસિડેન્ટ એટલે કે પૂર્વપ્રમુખ છે અને રાજકીય ક્ષેત્રે કોંગ્રેસ પક્ષમાં રહી તેઓશ્રી પોતાની કારકિર્દી આગળ ધપાવી રહેલ છે. આવતા દિવસોમાં રાજકીય ક્ષેત્રે વધુને વધુ આગળ ધપી તેઓ દેશની સેવા કરતા રહે તેવી શુભેચ્છા અત્રેથી વ્યક્ત કરીએ છીએ.

અમદાવાદ - ગાંધીનગર સ્થિત કચ્છીઓએ સમાજના વિવિધ ક્ષેત્રે આગળ ધપી વિકાસ સાધવામાં જે દોટ મૂકેલ છે તેની વાતો આજે અત્રે કરવી છે. તેમનું કાર્યક્ષેત્ર માત્ર જ્ઞાતિના કે પ્રદેશના ધોરણે નહીં પરંતુ સમગ્ર ગુજરાત રાજ્ય અને તેનાથી પણ આગળ વધીને સમગ્ર ભારત દેશ અથવા તો સમગ્ર વિશ્વ રહેવા પામેલ છે તે જાણીને આપણી છાતી ગદગદ ફૂલી ઊઠે છે.

**શ્રી સુરેશચંદ્ર મહેતા**ની કેરિયરની શરૂઆત જો કે કચ્છ માંડવીથી થયેલ. પરંતુ છેક ૧૯૭૫ એટલે કે છેલ્લા ૪૨ વર્ષથી તેઓશ્રીનું નિવાસસ્થાન ગાંધીનગર રહેવા પામેલ છે. આ કચ્છી માડુ ગુજરાતના પ્રધાન મંડળમાં વિવિધ ખાતાનું મંત્રીપદ શોભાવી છેક ગુજરાતના મુખ્યમંત્રી સુધી પહોંચી શકેલ હતા. આ સમગ્ર સમય દરમ્યાન તેઓશ્રીએ પોતાનો નાતો શ્રી કચ્છી સમાજ - અમદાવાદ સાથે જાળવી રાખેલ છે. **સ્વ. શ્રી નવીનચંદ્ર શાસ્ત્રી** જ્યારે માત્ર ધારાશાસ્ત્રી હતા ત્યારથી જ તેમનો નાતો શ્રી કચ્છી સમાજ - અમદાવાદ સાથે રહેલ હતો. તેઓનું શરૂનું નિવાસ સ્થાન અમદાવાદની પોળમાં હતું. ત્યારબાદ તેઓશ્રી વિધાનસભાની અંજાર વિભાગની બેઠક પરથી ચુંટાઈને લગભગ ૧૪ વર્ષ સુધી ધારાસભ્ય રહ્યા અને શ્રી માધવસિંહ સોલંકી, શ્રી ચીમનભાઈ પટેલ તથા શ્રી છબીલદાસ મહેતાની મિનિસ્ટ્રીમાં વિવિધ ખાતાઓની જવાબદારી નિભાવી કાયદામંત્રી સુધી પહોંચ્યા હતા. અમદાવાદના નરોડા વિસ્તાર સ્થિત **શ્રી જેન્તીભાઈ ભાનુશાળી** યુવા વયે શ્રી કચ્છી સમાજ - અમદાવાદના કાર્યકર તરીકે પોતાની જવાબદારી નિભાવેલ હતી. ત્યારબાદ આગળ જતાં તેઓશ્રી કચ્છના અબડાસા વિભાગના ભાજપના ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવેલ હતા. તેઓશ્રી કચ્છ ભાજપના પ્રમુખ તરીકેનો હોદ્દો પણ સંભાળી ચૂકેલ છે. સાબરકાંઠા કંપાની બીજી પેઢી તરીકે **શ્રી છબીલદાસ પટેલ** અમદાવાદ - ગાંધીનગરમાં સ્થાયી થયેલ હતા. તેઓએ શરૂઆતમાં એસ્ટેટ ડેવલપર તરીકેના વ્યવસાયમાં ઝંપલાવેલ હતું. પરંતુ તેમની કાર્ય પ્રત્યેની નિષ્ઠા જોઈ શ્રી શંકરસિંહ વાઘેલાની નજર તેમના પર પડી અને તેઓશ્રી રાજકીય કાર્યકર બની ગયા. ત્યારબાદ તેઓશ્રી માંડવી વિભાગના અને પછી અબડાસા વિભાગના ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા. **સ્વ. ડૉ. ઇન્દુભાઈ શાહ**નું નિવાસ સ્થાન એટલે અમદાવાદનો સરસપુર વિભાગ. શરૂથી જ તેઓ કોંગ્રેસના એક અદના કાર્યકર તરીકે આ વિભાગમાં કાર્યરત રહ્યા અને છેવટે આ વિભાગના મ્યુનિસિપલ કોર્પોરેટર તરીકે ચૂંટાઈ આવ્યા. તેઓશ્રીએ તેમના સમય દરમ્યાન મ્યુનિસિપાલિટીની બે સમિતિમાં સહ-કન્વીનર તરીકે અને અન્ય પાંચ સમિતિના સભ્ય તરીકે સેવા આપી. વી.એસ. હોસ્પિટલ બોર્ડના સભ્ય તરીકે પણ તેઓએ પોતાની સેવા આપેલ હતી. ગુજરાત વિધાનસભાના એક સમયના સ્પીકર સ્વ. શ્રી ધીરુભાઈ શાહના સુપુત્ર **શ્રી આશિષ ધીરુભાઈ શાહ** પાલડી વિભાગમાંથી ભાજપના ઉમેદવાર તરીકે કોર્પોરેશનની ચૂંટણીમાં ચૂંટાઈ આવેલ છે અને હાલે તેઓ મ્યુનિસિપલ કોર્પોરેટર તરીકે અમદાવાદમાં પોતાની ફરજ બજાવી રહેલ છે.

આ હતી રાજકીય ક્ષેત્રના કચ્છી માડુની વાત. હવે આપણે અન્ય વિભાગો પર નજર દોડાવીએ.

ન્યાયશાખાની વાત કરીએ તો **સ્વ. શ્રી કે. જે. વૈદ્ય** હાઈકોર્ટ જજ હતા. ત્યારબાદ **શ્રી જે.એન. વોરા** તથા

**શ્રી કાંતિભાઇ પૂજ** હાઈકોર્ટ જજના પદેથી નિવૃત્ત થયા. **શ્રી નીલય અંજારિયા** તથા **શ્રી સતીષચંદ્ર હેમચંદ વોરા** હાલે હાઈકોર્ટના ન્યાયાધીશ પદે પોતાની સેવા આપી રહ્યા છે. અમદાવાદના નામી ઍડવોકેટ તરીકે પણ અનેક કચ્છી માડુ હાલે કાર્યરત રહેવા પામેલ છે.

ગુજરાત રાજ્યની વહીવટી શાખાની વાત કરીએ તો **શ્રી હરિલાલ સોમજી છાયા** (શ્યામ પિત્રોડાના શ્વસુર) આઈ.એ.એસ. હતા અને નિવૃત્ત થયા ત્યારે રાજ્યના જેલોના વડા અને ડાયરેક્ટર, ટ્રાન્સપોર્ટના પદે બિરાજમાન હતા. **શ્રી પ્રભાકર ધોળકિયા** લીગલ ડિપાર્ટમેન્ટના પદેથી નિવૃત્ત થયા બાદ એક વર્ષ સુધી ગુજરાત રાજ્યના ચૂંટણી કમિશનરના પદે રહેલ હતા. **સ્વ. શ્રી સત્યેન્દ્ર શાહ** આઈ.એ.એસ. ઑફિસર હતા અને વિકાસ કમિશનરના પદેથી નિવૃત્ત થયેલ હતા. **સ્વ. શ્રી ઉમરશીભાઈ કુરુવા** સમાજ કલ્યાણ બોર્ડના સચિવ પદ સુધી પહોંચ્યા હતા અને નિવૃત્ત થયા ત્યારે પછાત વર્ગ બોર્ડના સચિવ પદે હતા. **ડૉ. ચંદ્રકાંત દેઢિયા** ગુજરાત પોલ્ટ્રી ફાર્મર્સ ફેડરેશનના મેનેજિંગ ડાયરેક્ટર રહી ચૂકેલ હતા અને એનિમલ હસબન્ડરી વિભાગના જોઈન્ટ ડાયરેક્ટર પદેથી નિવૃત્ત થયેલ હતા. **વિજયાબેન શેઠ** પોસ્ટ માસ્ટર - જનરલના પદેથી નિવૃત્ત થયેલ હતા. **સ્વ. શ્રી મધુભાઈ ભટ્ટ** આંકડા બ્યુરોના નિયામક પદ સુધી પહોંચેલ હતા. **શ્રી આર.આર. મહેતા** ૧૯૯૭માં આઈ.એ.એસ.ના પદે પહોંચેલ હતા અને નિવૃત્ત થયા ત્યારે ઈન્ડસ્ટ્રી અને માઈન વિભાગના સેક્રેટરીપદે હતા. **શ્રી કિરીટ વસંતલાલ સંઘવી** નર્મદા નિગમના ચીફ એન્જિનિયર અને ડાયરેક્ટર લેવલની કક્ષાએ પહોંચેલ હતા. **સ્વ. શ્રી ધનસુખલાલ મોતીલાલ શાહ (શ્રી ડી.એમ. શાહ)** એન્જિયનિરિંગ કૉલેજના પ્રિન્સિપાલના પદેથી રીટાયર્ડ થયેલ હતા. **શ્રી બિપીન ઠક્કર** આઈ.એ.એસ. કક્ષાએ પહોંચેલ હતા. તેઓશ્રી અર્બન ડેવલપમેન્ટ બોર્ડના જોઈન્ટ સેક્રેટરી હતા અને ફાયર બ્રિગેડના ડાયરેક્ટર પદેથી નિવૃત્ત થયેલ હતા. **શ્રી મારૂતિ કોટવાલ** આઈ.એ.એસ. થયા બાદ રાજકોટના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર પદેથી રીટાયર્ડ થયેલ હતા. **શ્રી મુકેશ કુમુદકાંત શુક્લ** માર્ગ અને મકાન વિભાગના અધિક સચિવ પદે પોતાની ફરજ નિભાવે છે. **શ્રી ધીરજ પારેખ** આઈ.એ.એસ. ઓફિસર છે અને શ્રમ, રોજગાર અને તાલીમ વિભાગમાં સચિવપદે બિરાજમાન છે. **શ્રી સુનિલ ધોલી** આઈ.એ.એસ. છે અને નશાબંધી નિયામકના પદે બિરાજમાન છે. **ડૉ. નિશિથ પી. ધોળકિયા** હેલ્થ વિભાગમાં હાલે ડાયરેક્ટ પદે સેવા આપી રહેલ છે. **શ્રી અતુલભાઈ સોની** અ.મ્યુ.કો.માં ફૂડ ટેસ્ટિંગ લેબોરેટરીના વડા તરીકે હાલે ફરજ બજાવી રહેલ છે. અમદાવાદમાં વેચાણ થતા કોઈપણ પ્રકારના ફૂડનું ટેસ્ટિંગ તેમને ત્યાં કરવામાં આવે છે.

શિક્ષણ ક્ષેત્રની વાત કરીએ તો અંજારના **ડૉ. મધુભાઈ શાહ** અને તેમના લઘુબંધુ **ડૉ. હિતેન્દ્ર શાહ** કે જેઓ ડેન્ટીસ્ટ છે, તેઓએ અમદાવાદના બોપલ વિસ્તારમાં ડેન્ટલ કૉલેજની સ્થાપના કરેલ છે. **શ્રી રાજુભાઈ હંસરાજભાઈ પટેલ** અમદાવાદ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી નામની એન્જિનિયરિંગ કૉલેજ ચલાવી રહેલ છે. વ્યવયાસિક તાલીમ ક્ષેત્રે **શ્રી નાનાલાલભાઈ ચૌહાણે** ડી.એન. પોલીટેકનિકની સ્થાપના કરેલ, કે જે હાલે તેમના સુપુત્ર **શ્રી દીપકભાઈ ચૌહાણ** સારી રીતે આગળ ધપાવી રહેલ છે.

સાહિત્ય ક્ષેત્રે **શ્રી વિનેશ અંતાણી** નું નામ ઘર ઘર વિખ્યાત થઈ ગયેલ છે.

આરોગ્ય ક્ષેત્રે ગુજરાતભરમાં પ્રથમ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટની સર્જરી કરનાર **ડૉ. ધીરેન શાહ (રામાણિયા)** કાર્ડિયાક સર્જન છે અને અમદાવાદની વિખ્યાત સિમ્સ હોસ્પિટલના ડાયરેક્ટર પદે બિરાજમાન છે. **ડૉ. રાજેન્દ્ર ટોપરાની (માંડવી)** કેન્સર સર્જન છે અને એચ.સી.જી. હોસ્પિટલના ડાયરેક્ટર પદે પોતાની સેવા આપી રહ્યા છે. **ડૉ. હિમાંશુ શાહ (માંડવી)** યુરોલોજિસ્ટ છે. તેઓશ્રી કિડનીના ઑપરેશનના નિષ્ણાત છે અને ફયુઝન હોસ્પિટલના ડાયરેક્ટર પદે બિરાજમાન છે. ઉપરોક્ત ત્રણે હોસ્પિટલોએ અમદાવાદ અને ગુજરાત ખાતે પોતાનું નામ ઉજાગર કરેલ છે. **શ્રી ધનસુખભાઈ લીંબાણી (પટેલ)** એ નરોડા - અમદાવાદ ખાતે માત્ર અને માત્ર સેવા કરવાની ભાવનાથી અર્પિતા હોસ્પિટલની સ્થાપના કરેલ છે.

આપણે હવે ઉદ્યોગ ક્ષેત્રની વાત પર આવીએ તો પાઠ્ય પુસ્તક પ્રકાશન ક્ષેત્રે **ગાલા બંધુઓ – સ્વ. શ્રી લાલજીભાઈ ગાલા, સ્વ. શ્રી છોટુભાઈ ગાલા** તથા **શ્રી શાંતિલાલભાઈ ગાલા (રાયણ)** એ નવનીત પ્રકાશનનું નામ ભારતભરમાં વિખ્યાત કરી દીધેલ છે. **શ્રી હરીશભાઈ રંગવાલા (ભુજ)** એ હર્ષા એન્જિનિયર્સની સ્થાપના કરી બેરિંગ સ્લિવમાં અમદાવાદ ઉપરાંત દુનિયાના બીજા બે દેશોમાં પોતાના ઉત્પાદનો શરૂ કરી દીધેલ છે. તેમની મોટાભાગની પ્રોડક્ટ દુનિયાના વિવિધ દેશોમાં નિકાસ થાય છે. બાબુલ જરદા તરીકે વિખ્યાત ઉર્મિન ગ્રૂપના **સ્વ. શ્રી નાનુભાઈ મજીઠિયા** ના સુપુત્રો

**શ્રી કૌશિકભાઈ, શ્રી તેજસભાઈ** તથા **શ્રી રાજેન્દ્રભાઈ** એ ડ્રાયફ્રૂટ તથા તૈયાર ફુડ પેકેટ્સના પેકિંગ ક્ષેત્રે ઝંપલાવી બાગબાન ગ્રુપના નામથી પોતાની કંપનીનું ટર્નઓવર ખૂબ જ વિશાળ પાયા પર લઈ ગયેલ છે. **શ્રી શાંતિલાલભાઈ સાવલા (તુંબડી)** તથા **સ્વ. શ્રી કાંતિલાલભાઈ સાવલા (તુંબડી)** એ પેટ્રોલ પંપના વ્યવસાયમાંથી ગેસ ફિલ્ડ ક્ષેત્રે ઝંપલાવી ભારતભરના ગેસ ફિલ્ડમાંથી સંશોધન કરી, ગેસ મેળવી તેના વિતરણના વ્યવસાયમાં પોતાની કંપની દીપ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડને દુનિયાભરમાં વિખ્યાત કરી દીધેલ છે. તેમના સુપુત્રો **શ્રી મનોજભાઈ, શ્રી પારસભાઈ, શ્રી ધીરેનભાઈ** તથા **શ્રી રૂપેશભાઈ સાવલા** ભવિષ્યમાં ઑફ શોર ગેસ સંશોધનમાં આગળ વધવા ઇચ્છા ધરાવે છે. જે.આર.જે. ફુડ્સની મીચી પ્રોડક્ટના **શ્રી જગદીશભાઈ ઠક્કરે** પોતાની કંપનીની ગુજરાતભરમાં, અન્ય રાજયમાં અને વિદેશમાં પણ ખ્યાતિ વધારી છે અને દરેક સ્થળે તેમની પ્રોડક્ટનું વેચાણ ચાલુ છે. **સ્વ. શ્રી શાંતિલાલ છગનલાલ શાહ (તુંબડી)** એ વોટરપ્રુફ સિમેન્ટ પેઇન્ટના ક્ષેત્રે 'ઇન્ડોસેમ'ને અવ્વલ દરજ્જે લાવી દીધેલ છે. એ જ રીતે તેમના લઘુબંધુ **સ્વ. શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ (તુંબડી)** એ 'ઇન્ડોટેક્ષ'ને જગવિખ્યાત કરી દીધેલ છે. આજે બંને બંધુઓના સુપુત્રો આ કંપનીઓને આગળ ધપાવી રહેલ છે. સો મિલ મશીનરીના ક્ષેત્રે શાર્પેક્ષની સ્થાપના કરી **શ્રી અરુણભાઈ પટેલે** સો મિલ મશીનરી તથા ગાર્ડન મશીનરીમાં પોતાની કંપનીને અવ્વલ દરજ્જે લાવી દીધેલ છે. **સિગ્નેચર** અને **સિલિકોન**ના નામ લેમિનેટ ક્ષેત્રે વિખ્યાત થઈ ચૂકેલ છે. **શ્રી ગીરીશ હરિયા (બાડા)** નું શંભુ કોફી બાર આજે અમદાવાદમાં વિખ્યાત થઈ ચૂકેલ છે.

પુસ્તક પ્રકાશન ક્ષેત્રે **સ્વ. શ્રી ગોવિંદભાઈ શાહ (ફતેહગઢ)** એ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, **સ્વ. શ્રી પ્રાગજીભાઈ શાહ (ફતેહગઢ)** એ નવભારત સાહિત્ય મંદિર તથા **સ્વ. શ્રી ભોગીભાઈ શાહ (ફતેહગઢ)** એ બુકશેલ્ફની સ્થાપના કરી પ્રકાશન ક્ષેત્રે આ કંપનીઓના નામ ગુજરાતભરમાં વિખ્યાત અને ઝળહળતા કરી દીધેલ છે. આજે તેમના સુપુત્રો **શ્રી મનુભાઈ શાહ** (ગૂર્જર પબ્લિકેશન્સ), **શ્રી મહેન્દ્રભાઈ શાહ** તથા **શ્રી જયેશભાઈ શાહ** (નવભારત સાહિત્ય મંદિર) તથા **શ્રી હેમાંગભાઈ શાહ** અને **શ્રી હીરેનભાઈ શાહ** (બુકશેલ્ફ) આ વ્યવસાયને ખૂબ જ સારી રીતે આગળ ધપાવી રહેલ છે. તેઓની ત્રીજી પેઢી પણ હવે કાર્યરત થવા લાગેલ છે.

ટ્રાવેલ્સ કંપનીઓની વાત કરીએ તો **શ્રી મેઘજીભાઈ કુંવરજીભાઈ ખેતાણી (પટેલ)** ની પટેલ ટ્રાવેલ્સ એન્ડ ટુર્સ, **શ્રી ખીમજીભાઈ જાદવજીભાઈ છાબરિયા (પટેલ)** ની સ્વામિનારાયણ ટ્રાવેલ્સ, **શ્રી રાવજીભાઈ જાદવજી પટેલ**ની સહજાનંદ ટ્રાવેલ્સ, **શ્રી લાલજીભાઈ મનજીભાઈ કેરાઈ (પટેલ)** ની શ્રી હરિ ટ્રાવેલ્સ, **શ્રી હરિભાઈ શામજીભાઈ પટેલ** ની એચ.કે. ટ્રાવેલ્સ, **શ્રી હીરેન મેઘજીભાઈ પટેલ** ની એમ.કે. બસ સર્વિસ અને **શ્રી રાજેશભાઈ લાલજીભાઈ રાબડિયા** ની કેનશન ટ્રાવેલ્સ આજે અમદાવાદ, સમગ્ર ગુજરાત તેમજ તેની આજુબાજુના રાજ્યોમાં પણ વિખ્યાત થઈ ચૂકેલ છે. **રોયલ ગ્રુપે** પણ સારી એવી નામના મેળવી લીધેલ છે.

**સૉ મિલ** ક્ષેત્રે સમગ્ર કચ્છ કડવા પાટીદાર સમાજ ખૂબ જ ઉદ્યમી રહેલ છે અને માત્ર અમદાવાદ કે ગુજરાતમાં નહીં પરંતુ ભારતભરમાં તેઓએ આ ક્ષેત્રે નામના મેળવી લીધેલ છે.

અમદાવાદ - ગાંધીનગર સ્થિત કચ્છીઓ અન્ય અનેક ક્ષેત્રે સારા એવા આગળ વધી ગયેલ છે પરંતુ અત્રે એ બધાની માહિતી આપવી શક્ય નથી.

અમદાવાદ સ્થિત વિવિધ ક્ષેત્રોના વિખ્યાત કચ્છીઓની પ્રવૃત્તિઓની અત્રે ઝાંખી કરવામાં આવેલ છે. તેમ છતાં અન્ય અનેક ક્ષેત્રના કચ્છીઓની પૂરતી માહિતી ન હોવાના કારણે તે અત્રે પ્રસ્તુત નહીં થઈ શકેલ હોય. કદાચ ઉપરોક્ત માહિતીમાં ક્ષતિ પણ રહી જવા પામેલ હશે. ધ્યાન દોરવામાં આવશે તો તે જરૂરથી સુધારી લેવામાં આવશે.

અંતમાં, ઉપરોક્ત ક્ષેત્રના મોટાભાગના કચ્છીઓએ શ્રી કચ્છી સમાજ - અમદાવાદ સાથે પોતાનો નાતો ખૂબ જ નજદીકથી જાળવી રાખેલ છે અને શ્રી કચ્છી સમાજ - અમદાવાદ પણ તેમની સિધ્ધિઓથી ગર્વ અનુભવી રહેલ છે. આ બધા મહાનુભાવોની લાગણીથી શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દિવસોદિવસ મજબૂત થતો રહેશે અને અત્રે અમદાવાદમાં સેવાની ભાવના પ્રસરાવતો રહેશે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગલોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

આયોજિત

## નવરાત્રિ રાસ-ગરબાનો કાર્યક્રમ

દર વર્ષની માફક ચાલુ વર્ષ દરમ્યાન પણ શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા એક દિવસનો નવરાત્રિ કાર્યક્રમ યોજવામાં આવી રહેલ છે.

અમદાવાદ - ગાંધીનગર સ્થિત દરેક કચ્છી પરિવારને આ કાર્યક્રમમાં પધારી હર્ષોલ્લાસપૂર્વક ભાગ લેવા આમંત્રિત કરવામાં આવે છે.

આ કાર્યક્રમ **સાનિધ્ય પાર્ટી પ્લોટ**, જોધપુર ચાર રસ્તા પાસે, સેટેલાઈટ વિસ્તારમાં યોજવામાં આવનાર છે.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનાર સહુ પરિવારને વિનંતી કે તેઓ સાંજના ૭.૦૦ વાગે પાર્ટી પ્લોટ પર અચૂક આવી જાય.

સૌપ્રથમ સહુએ સાથે રહીને સમૂહ ભોજન લેવાનું રહેશે.

રાતના ૮.૩૦ વાગે મા અંબેની આરતી ઉતારવામાં આવશે.

આરતીનો કાર્યક્રમ પૂર્ણ થયે રાતના ૮.૪૫ વાગે પ્રસાદની વહેંચણી કરવામાં આવશે.

અને ત્યારબાદ રાસ-ગરબાના કાર્યક્રમની સંગીતના સૂરોની રમઝટ સાથે શરૂઆત કરવામાં આવશે.

રાસ-ગરબામાં ભાગ લેનારે ટ્રેડિશનલ ડ્રેસમાં રમવાનું રહેશે. બેસ્ટ ડ્રેસ, બેસ્ટ પરફોર્મન્સ અને ઓવરઓલ પરફોર્મન્સ માટે પ્રથમ ત્રણ ક્રમાંકે આવનારને સારી ગીફ્ટથી નવાજવામાં આવશે.

સંગીતના આહ્‌લાદક સૂર રેલાવતી અને મધુર ગીતોની રમઝટ કરાવતી મ્યુઝિક પાર્ટી નક્કી કરી લેવામાં આવેલ છે.

સાથે સાથે ખેલંદાઓને ક્રમાંક આપવા જજની પેનલ પણ નક્કી કરી લેવામાં આવેલ છે.

એન્ટ્રી પાસની કિંમત માત્ર રૂા. ૫૦/- વ્યક્તિ દીઠ રાખવામાં આવેલ છે.

આપ સહુને આ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવા અપીલ કરવામાં આવે છે.

**• દિવસ •**
**રવિવાર, તા. ૨૪-૯-૨૦૧૭**
**(ચોથું નવરાત્ર)**

**• સમય •**
**સાંજના ૭.૦૦ વાગ્યાથી**
**પ્રથમ સમૂહ ભોજન અને ત્યારબાદ ગરબા**

**• સ્થળ •**
**સાનિધ્ય પાર્ટી પ્લોટ,**
**જોધપુર ચાર રસ્તા પાસે.**

**હિમાંશુ ઠક્કર**
માનદ્ મંત્રી તથા કન્વીનર - નવરાત્રિ ગરબા સમિતિ
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

**અશોક મહેતા**
મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

**નવરાત્રિ કાર્યક્રમ : રવિવાર, તા. ૨૪-૯-૨૦૧૭**

## ખેલંદાઓને ઇનામ વિતરણ

**બેસ્ટ ડ્રેસ માટે :**

૧. ૫થી ૧૦ વર્ષની ઉંમર સુધી : પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર
૨. ૧૦થી ૨૦ વર્ષની ઉંમર સુધી : પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર
૩. ૨૦થી ૪૦ વર્ષની ઉંમર સુધી : પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર
૪. ૪૦ વર્ષથી ઉપરની ઉંમરની વ્યક્તિ માટે : પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર

**બેસ્ટ પરફોર્મન્સ માટે :**

૧. ૫થી ૧૦ વર્ષની ઉંમર સુધી : પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર
૨. ૧૦થી ૨૦ વર્ષની ઉંમર સુધી : પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર
૩. ૨૦થી ૪૦ વર્ષની ઉંમર સુધી : પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર
૪. ૪૦ વર્ષથી ઉપરની ઉંમરની વ્યક્તિ માટે : પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર

**ઓવરઓલ પરફોર્મન્સ માટે :**

૧. પુરુષ વ્યક્તિ : પ્રથમ ક્રમાંકે
૨. મહિલા વ્યક્તિ : પ્રથમ ક્રમાંકે
૩. બેસ્ટ કપલ : પ્રથમ ક્રમાંકે

## નવરાત્રિ પ્રસંગના વિવિધ સૌજન્ય

નવરાત્રિ પ્રસંગના વિવિધ સૌજન્યની યોજના નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે. અમને આશા છે કે સમાજના સાધન-સંપન્ન મહાનુભાવો દ્વારા આ યોજનામાં ઉત્સાહપૂર્વક ભાગ લેવામાં આવશે.

★ *પાર્ટી પ્લોટનું સૌજન્ય : રૂા. ૫૧,000/-*
★ *નવરાત્રિ પાસની પાછળની જાહેરાતના : રૂા. ૫૧,000/- (અપાઈ ગયેલ છે.)*
★ *ઑરકેસ્ટ્રા માટેનું સૌજન્ય : રૂા. ૫૧,000/- (અથવા રૂા. ૧૧,000/-ના ૧ એવા પાંચ નામ)*
★ *પ્રસાદ માટેનું સૌજન્ય : રૂા. ૨૫,000/-*
★ *બેસ્ટ ડ્રેસિસના ઈનામ માટેનું સૌજન્ય : રૂા. ૨૫,000/-*
★ *બેસ્ટ પરફોર્મન્સના ઈનામ માટેનું સૌજન્ય : રૂા. ૨૫,000/- (અપાઈ ગયેલ છે.)*
★ *ઓવરઓલ પરફોર્મન્સના ઈનામ માટેનું સૌજન્ય : રૂા. ૨૫,000/-*
★ *જમણવારનું સૌજન્ય – ૧૧ નામ : રૂા. ૧૧,000/- દરેકના*
★ *પાર્ટી પ્લોટ પર પ્રસારિત કરવામાં આવનાર*
*૬' x ૩'ની સાઈઝના બેનરના : રૂા. ૫,000/- દરેકના*

**હિમાંશુ ઠક્કર**
**માનદ્ મંત્રી તથા કન્વીનર - નવરાત્રિ ગરબા સમિતિ**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

**અશોક મહેતા**
**મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

**નવરાત્રિ પ્રસંગે રાસ-ગરબા • રવિવાર, તા. ૨૪-૯-૨૦૧૭**

**સ્થળ : સાન્નિધ્ય પાર્ટી પ્લોટ, જોધપુર ચાર રસ્તા પાસે, સેટેલાઇટ, અમદાવાદ.**

## પાસના વિતરણ કેન્દ્રો

**● નવરાત્રિ પાસના વિતરણ કેન્દ્રો નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે ●**

**(શુક્રવાર, તા. ૧-૯-૨૦૧૭ના રોજથી આ પાસનું વિતરણ શરૂ કરવામાં આવશે.)**

૧. **શ્રી કચ્છી સમાજ - અમદાવાદ :** ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમ સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોન : (૦૭૯) ૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪

૨. **શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : શ્રી કચ્છી જૈન ભવન,** ૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, નવચેતન હાઈસ્કૂલ સામે, એલિસબ્રિજ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોન : ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧

૩. **શ્રી કચ્છી લેવા પટેલ સમાજવાડી - નારણપુરા :** સેન્ટ ઝેવિયર્સ સ્કૂલની સામે, કામનાથ મહાદેવ સામે, ઘરડાઘર રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩. મો. ૯૦૯૯૨ ૧૧૭૧૮

૪. **શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજવાડી - ગીતા મંદિર :** ગીતા મંદિર પાસે, નાળા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૨૫૩૫ ૮૭૫૯

૫. **દામુભાઈ વિદ્યાર્થી ભવન - નારાણપુરા :** વિઠ્ઠલભાઈ પટેલ કોલોની, લખુડી તલાવડી પાસે, નારાણપુરા, અમદાવાદ.

૬. **શ્રી અમિત ભવાનજીભાઈ પટેલ : રવિ એન્ટરપ્રાઇઝ,** સહકારી લાટી બજાર વિભાગ-૨, ગીતા મંદિર પાછળ, એસ.ટી. સ્ટેન્ડ પાસે, અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૨૫૩૯૯૪૨૩

૭. **શ્રી આણંદજી વેલજી વીરા : નાડકો ડ્રેસિસ**, વી.એસ. હોસ્પિટલની સામે, આશ્રમ રોડ, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોન : (૦૭૯) ૨૬૫૭૫૩૮૪

૮. **શ્રી જૈમીનભાઈ જે. સોની : જે. જે. જ્વેલર્સ,** સુપર મૉલ, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯. મો. ૯૮૨૪૫ ૪૬૬૫૦

૯. **શ્રી નીતિનભાઈ ધનજી ગાલા : એસ. નીતિનકુમાર એન્ડ કાં.,** ૧૧૪/૧-બી, સિંધી કોમર્શિયલ માર્કેટ, ચોખાબજાર, કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૨. ફોન : ૨૨૧૨૦૦૫૧

૧૦. **શ્રી વિજયભાઈ દેઢિયા : વિજય સ્ટોર્સ,** રાજકમલ બેકરીની બાજુમાં, વલ્લભવાડી, જવાહરચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. મોબાઈલ : ૮૧૨૮૮ ૮૪૬૦૦

૧૧. **શ્રી પ્રબોધભાઈ ઠક્કર : કર્ણાવતી દાબેલી સેન્ટર,** ૧, રાધામંદિર કોમ્પ્લેક્સ, હીરાભાઈ ટાવરની સામે, ઉત્તમનગર, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.

૧૨. **શ્રી સુનીલભાઈ હંસરાજભાઈ દાવડા : આરતી કોર્પોરેશન,** ૩૮, પી.ડી. એસ્ટેટ, રેવાભાઈ એસ્ટેટની બાજુમાં, સી.ટી.એમ., અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦ ૦૨૬.

૧૩. **શ્રી મનસુખભાઈ વશરામભાઈ પટેલ : લક્ષ્મી સો મિલ,** ઓઢવ, અમદાવાદ. ફોન : ૨૨૮૭૦૧૨૯ મો. ૯૩૨૭૦ ૧૩૩૯૦

૧૪. **શ્રી સુનિલભાઈ પટેલ : પ્રગતિ યુવક મંડળ,** શંકર વિજય સૉ મિલ, રામજી મંદિર સામે, કઠલાલ રોડ, સીંગરવા, તાલુકો : દસક્રોઈ, અમદાવાદ-૩૮૨ ૪૩૦. મો. ૯૧૭૩૦ ૧૬૩૦૭

૧૫. **શ્રી જગદીશ દામજી ભાનુશાળી :** ૭૯, સૂરધારા સોસાયટી, કડવા પટેલ સમાજવાડીની પાછળ, દહેગામ રોડ, નરોડા, અમદાવાદ-૩૮૨ ૩૩૦. મો. ૯૮૭૯૮ ૭૭૭૧૦

૧૬. **શ્રી નીલેન્દુ વોરા :** ૪૪૫/૨, સેક્ટર ૫/એ, અંબાજી મંદિર પાસે, ગાંધીનગર-૩૮૨ ૦૦૬. મો. ૯૪૨૭૮ ૦૧૪૦૩

૧૭. **શ્રીમતી વર્ષાબેન મહેતા :** મહેતા ગ્રુપ ટ્યુસન્સ, પ્લોટ નં. ૬૭૬, સેક્ટર-૨૪, આદર્શનગર, ગાંધીનગર. મો. ૯૪૨૮૦ ૪૯૦૦૮

વિચાર મંથન

# સફળતાના વિવિધ પગથિયા



યાસીન દલાલ

સફળતા એ સાપેક્ષ વસ્તુ છે. સફળતા સાથે સુખ અને સંતોષ જોડાયેલા છે. કેટલીકવાર માણસ પાસે અઢળક ધન અને સંપત્તિ હોય તો પણ તેને આંતરિક સંતોષ નથી મળતો. કેટલીકવાર ખૂબ ઊંચો હોદ્દો મળે તો પણ મન અસંતુષ્ટ રહે છે. કેટલીકવાર શ્રમજીવી પણ રાતે સુખની નિંદર માણે છે તો ક્યારેક કોઇ ધનિક વ્યક્તિ પણ આખી રાતના ઉજાગરા કરે છે.

સફળતા માટે ઇચ્છા અને મહત્ત્વાકાંક્ષા જરૂરી છે. અમદાવાદની બસમાં પાટિયું માર્યું છે "ઇચ્છા દુઃખની મા છે." ખરેખર જો એમ જ હોય તો એ બસનું અસ્તિત્વ જ ન હોય. કોઈ વૈજ્ઞાનિકને બસની શોધ કરવાની ઇચ્છા થઈ ત્યારે જ એ શોધ થઈ. ન્યૂટનને કિટલીનું ઢાંકણ ઉછળતું જોયું પછી પ્રશ્ન થયો કે આમ કેમ? એમાંથી જ વરાળની શક્તિની શોધ થઈ. આ એક શોધે દુનિયાની શિકલ બદલી નાખી. એમાંથી જ આગગાડીની શોધ થઈ. એ જ રીતે ન્યૂટને બગીચામાં બેઠા બેઠા ફળ ઉપરથી નીચે પડ્યું ત્યારે પ્રશ્ન કર્યો કે નીચેથી ઉપર કેમ ન ગયું? એમાંથી ગુરુત્વાકર્ષણની શોધ થઈ. આ એક શોધે દુનિયાની શિકલ બદલી નાખી.

જણાવવા જેવો અબ્રાહમ લિંકનનો દાખલો. એ સાત વખત પ્રમુખપદની ચૂંટણીમાં હારી ગયા તોય નિરાશ થયા નહીં. દ્રઢ મનોબળને કારણે આઠમીવાર ચૂંટણી લડી અને એમાં જીત્યા. પાછળથી એ અમેરિકાના શ્રેષ્ઠ રાષ્ટ્રપતિ પુરવાર થયા. રંગભેદની નાબૂદી પણ એમણે જ કરાવી. કરોળિયાનું જાળુ જોઈને એમાંથી પ્રેરણા લેતા. કરોળિયો વારંવાર પડી જતો પણ અનેક વખતના પ્રયત્ન પછી જાળુ ગૂંથવામાં એ સફળ થયો.

ફુલ્લરનો દાખલો પણ જોવા જેવો છે. એના પિતા એક સાબુના કારખાનામાં મામૂલી પગારથી કારકુનની નોકરી કરતા. એ વારંવાર પિતાને પ્રશ્ન કરતો કે આવી મામૂલી નોકરી છોડીને કોઈ વ્યવસાય કેમ શરૂ નથી કરતા? પિતા હંમેશાં જવાબ આપતા કે ઈશ્વરની આ જ ઇચ્છા છે. પિતા ગુજરી ગયા પછી ફુલ્લર એ જ કારખાનામાં એ જ નોકરીમાં જોડાયા. પણ એમણે ત્યારે જ નક્કી કરેલું કે એક દિવસ એ મોટા ઉદ્યોગપતિ થઈને જ રહેશે. થોડા વર્ષો પછી એ જ કારખાનું એના માલિકે વેચવા કાઢ્યું. ફુલ્લરે ૧૦% સુથી આપીને એ ખરીદવાનો કરાર કરી લીધો. ત્રણ મહિનાની મુદતમાં એમણે બાકીના પૈસા ચૂકવી દેવાના હતાં. મિત્રો પાસેથી ઉછીના લઇને અને ઘરવખરી વેચીને એમણે હજારો રૂપિયા ઉભા કર્યા પણ તોય પાંચ હજાર ડોલર ચૂકવવાના બાકી રહી ગયા. એક જ દિવસ બાકી હતો ત્યારે સવારમાં એમણે નક્કી કર્યું કે બજારમાં સોમા ડગલે જે દુકાન આવે એમાં એ પ્રવેશસે અને બાકીની રકમ લઈને જ નીકળશે. સોમા ડગલે જે દુકાન આવી એનો માલિક અજાણ્યો હતો છતાં ફુલ્લરે હિંમત ન હારી. એની સાથે ઓળખાણ કાઢી અને બાકીની રકમ લઈને જ નીકળ્યો. પાછળથી એ અમેરિકાનો બહુ મોટો ઉદ્યોગપતિ થયો.

આજનો સરેરાશ નાગરિક સતત બેચેની અને અજંપો અનુભવે છે. આ અજંપાના કારણો અનેક હોઈ શકે. કોઈને નોકરીમાં મજા આવતી નથી, કોઈને ધંધો ફાવતો નથી, કોઈને ઘરમાં પત્ની સાથે મેળ પડતો નથી, તો કોઈને સંતાનો સાથે અંતર પડી જાય છે. કોઈ રાજકારણી તો વળી ઇચ્છિત પદ કે હોદ્દો ન મળે એનાથી બેચેન થઈ જાય છે. મનગમતો મિત્ર કે મનગમતું પ્રેમપાત્ર ન મળે એ પણ અજંપાનું મોટું કારણ હોઈ શકે અને પરિણામે અધ્યાત્મ ગુરુઓને ચરણે જઇને આળોટે છે.

ઉર્દુમાં એક સરસ શેર છે, **'કભી કિસી કો મુકમ્મિલ જહાં નહીં મિલતા, કહીં જમી તો કહીં આસ્માં નહીં મિલતા...'** દરેક માણસને એની ઇચ્છિત વસ્તુ મળી જતી નથી. દરેકના જીવનમાં કશુંક ખૂટે છે એ જ આપણે મેળવવું છે. અધૂરપ પુરવાની આ ઝંખનામાં માણસ મનની સમતુલા ગુમાવી બેસે છે અને પછી અહીં-તહીં ભટકવા માંડે છે. **કહેવાતા 'ગુરુઓ' આવા ગુમરાહ લોકોની જ રાહ જોતા હોય છે. કોઇ મઠ કે આશ્રમમાં લઈ જઈને એમને આધ્યાત્મિકતાના ઇન્જેક્શન આપવાનું શરૂ થઈ જાય છે.** આવા ગુમરાહ લોકોમાં આજકાલ બહુ પૈસાદાર લોકો વધુ જોવા મળે છે. સાચા ખોટા માર્ગે પૈસા ખૂબ બનાવી લીધા, પછી અંદરનો ખાલીપો ખખડવા માંડે ત્યારે સમજાય છે કે પૈસો એ પરમેશ્વર નથી. ગુજરાતીઓ

પાસે પૈસો વધી ગયો એટલે આધ્યાત્મિકતાની દુકાનોમાં એમની ઘરાકી વધી ગઈ છે. આવા લોકો કોઈ ગુરુ પાસે દોડી જવાના બદલે થોડો સમય પોતાની જાત સાથે સંવાદ કરે તો ઘણા પ્રશ્નોના જવાબ આપોઆપ જ મળી જાય.

ધર્મ અને અધ્યાત્મની વ્યાખ્યા જ બદલવી પડે એવો માહોલ સર્જાયો છે. વ્યવસાયમાં છેતરપિંડી ન કરે, કરચોરી ન કરે, ભેળસેળ ન કરે એવા વેપારીને, દર્દીને લૂંટે નહીં એવા ડૉક્ટરને કે ઑફિસમાં આવેલ ફરિયાદીનું અપમાન ન કરે એવા સરકારી કર્મચારીને હવે આધ્યાત્મિક કહેવો પડશે. આપણા એક ચિંતક તો એવું કહી ગયા છે કે મનને એટલી હદે એકાગ્ર કરી નાંખવું કે એ વિચારહીન સ્થિતિમાં આવી જાય! વિચાર જ જતા રહે અને માણસ વિચારહીન બની જાય તો એના જીવનનો શો અર્થ? પછી તો જીવનની દરેક પ્રવૃત્તિ જ નિરર્થક બની રહે. **પણ આપણે ત્યાં એવો ખોટો ખ્યાલ ઘૂસી ગયો છે કે કામ તો સંસારની હાયવોય જેને હોય એ કરે, અને એ હાયવોય છોડીને આંખો મિંચીને બેઠો રહે એ માણસ આધ્યાત્મિક કહેવાય.** કેટલાક માણસો એકસાથે અનેક ચીજો તરફ ધ્યાન આપી શકતા હોય છે અને સફળતાપૂર્વક આપી શકતા હોય છે. આવા માણસોને એકાગ્ર બનીને એક જ મુદ્દા પર ચિત્તને કેન્દ્રિત કરવાની જરૂર જ નથી. આવી તીક્ષ્ણ બુધ્ધિ વિકસાવી શકાય છે. સફળ ઉદ્યોગપતિ કે સફળ વહીવટકર્તામાં આ ગુણ હોય છે. પણ હમણાં તો આપણા કેટલાક ઉદ્યોગપતિઓ અને ફિલ્મ અભિનેતાઓ પણ શિબિરોના રવાડે ચડી ગયા છે.

આપણે આજે સૌથી વધુ જરૂર ઉત્પાદકતા અને શ્રમની છે. એ ભૂલીને આપણે આળસુ અને અકર્મણ્યતા પર પડી ગયા છીએ. આધ્યાત્મિકતાને જો ચિંતન અને મનન ગણીએ તો એ માણસ માટે જરૂરી છે. માણસના જીવનમાં કોઈ ધ્યેય હોવું જોઈએ, કોઇ ફિલસૂફી હોવી જોઈએ. વિશ્વના શ્રેષ્ઠ વિચારોનું ચિંતન એણે ભણવું જ જોઈએ. પોતાના જીવનમાં પ્રગતિ અને સફળતામાં એ ખૂબ ઉપયોગી અને માર્ગદર્શક બની શકે. પણ આધ્યાત્મિકતાના નામે આત્મા, પરમાત્મા અને સ્વર્ગ - નર્ક જેવી અગમ્ય બાબતોમાં એ પડી જાય તો આ માણસ પછી કામ કરતો જ બંધ થઈ જશે અને પરાવલંબી બની જશે. આર્થિક ઉન્નતિ માટે સાહસ અને કુશળતા જોઈએ અને સખત પરિશ્રમ જોઈએ, જે માણસના જીવનને મિથ્યા માનશે એની મહત્ત્વાકાંક્ષા મરી જશે અને કામ કરવા જ નહીં પ્રેરાય. માણસમાં મહત્ત્વાકાંક્ષા હશે તો એ પૂરી કરવા માટે મથશે પણ જો અગમનિગમની માયાજાળમાં પડી જશે તો જીવનમાં એને રસ જ નહીં રહે. માણસ વધુ મેળવ્યા પછી સાદાઈ અપનાવે એ એક વાત છે અને પોતાની પાસે કાંઈ હોય જ નહીં એટલે સાદાઈ અપનાવવી પડે એ બીજી વાત છે. **જે માણસની પાસે વિચારનો આંતરિક વૈભવ છે, એણે મનની શાંતિની શોધમાં અહીં તહીં ભટકવું પડતું નથી.**

'તમારી સફળતાનું રહસ્ય શું?' એવો પ્રશ્ન અનેક લોકોનો અનેકવાર પૂછાઈ ચૂક્યો છે. કોઈ કહે છે કે સફળતા મેળવવી હોય તો સખત મહેનત કરવી જોઈએ. કોઈ પ્રામાણિકતા અને નિષ્ઠાને સફળતા માટે જરૂરી ગુણો તરીકે ઓળખાવે છે. કોઈ પ્રેમપૂર્ણ વ્યવહારને સફળતાની શરત તરીકે ગણાવે છે.

સફળતાને સમજવા માટે મનુષ્યના જીવનના આર્થિક, સામાજિક, માનસિક સંદર્ભો સમજવા જોઈએ. આ અર્થમાં જ સફળતા એક સાપેક્ષ વસ્તુ છે. મનુષ્યનાં વ્યક્તિત્વને સમજીએ તો આ પ્રશ્ન થોડોક હળવો બની શકે અને માણસનું વ્યક્તિત્વ આપણે ધારીએ છીએ એવું સીધુસાદું કદી હોતું નથી. એ અત્યંત સંકુલ હોય છે. એક જ માણસમાં ઘણીવાર અનેક માણસો વસતા હોય છે. સમરસેટ મોમેં એકવાર કહ્યું હતું કે, 'હું મારા વ્યક્તિત્વના જુદા જુદા પાસાં તરફ નજર કરું છું તો લાગે છે કે મારામાં ઘણા માણસો આવીને વસેલા છે અને ક્યારેક એમાંથી એક માણસનો હાથ ઉપર હોય છે તો ક્યારેક બીજાનો. આમાંથી કોણ સાચું છે? બધા કે કોઈ નહીં?'

એમનો આ પ્રશ્ન બહુ જ મહત્ત્વનો છે. કદાચ દરેક મનુષ્ય જીવનનાં કોઈને કોઈ તબક્કે આ પ્રશ્નનો સામનો કરતા હોય છે. આપણામાં રહેલા મનુષ્યનાં વિવિધ સ્વરૂપોને આપણે ઓળખીએ નહીં ત્યાં સુધી આપણે સફળતાનાં સોપાન સર કરી શકીએ નહીં. સફળતાની ચાવી મનુષ્યની પોતાની પાસે જ હોય છે, પણ માણસ એને બહાર શોધતો હોય છે. આ આખી વાત માનસશાસ્ત્રીય છે. વાસ્તવમાં આધુનિક યુવાનોના મોટાભાગનાં પ્રશ્નો માનસિક સંદર્ભો ધરાવતા હોય છે. અને સમસ્યાઓની આસપાસ ચર્ચાઈ ગયેલું આ માનસિક સંદર્ભોનું જાળું આપણે ખેડીએ નહીં ત્યાં સુધી જીવનનો મર્મ પામવાનું કામ ખૂબ જ કઠિન નીવડવાનું છે.

ડેલ કાર્નેગી જેવા વિશ્વપ્રસિધ્ધ નિષ્ણાતો સફળતા માટે કેટલાક ઉપાયો સૂચવે છે. એણે સૂચવેલો એક મહત્ત્વનો ઉપાય એ છે કે માણસે પોતાના જીવનના યોગ્ય સમયે પોતાની કારકિર્દીનો નિર્ણય લઈ લેવો જોઈએ અને કારકિર્દી એવી જ પસંદ કરવી જોઈએ, જ સત્ય, શક્તિ

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૦ ઉપર)**

સમાજની ક્ષિતિજો

# વિતક શાં ખોલવાં અમથાં?

• ગોવિંદ ખોખાણી •

નગાધિરાજ હિમાલયનાં ઉન્નત શિખરો પર બિરાજમાન ભગવાન કેદારનાથ અને બદ્રીવિશાલ મારા જીવનમાં ઉર્જા આપનાર પ્રેરણા સ્થાન બની રહેલ છે. તેથી જ હરિદ્વાર જવાનું અચૂક યાદ આવે જ. ક્યારેક સામાજિક પ્રસંગોએ આ યાત્રા શક્ય ન બને ત્યારે જીવનમાં કોઈ ઉણપ વર્તાય છે તેવો અહેસાસ થાય. પરિણામે મન સતત હિમાલય તરફ દોડતું જ રહે.

ગાયત્રી મંત્રના પ્રસારક અને શાંતિકુંજ હરિદ્વારના સ્થાપક ગુરુદેવ રામશર્મા આચાર્યના શુભ આશીર્વાદથી માધાપરમાં ગાયત્રી શક્તિપીઠની સ્થાપના કરી. શાંતિકુંજ, હરિદ્વારમાં આયોજિત ૭ દિવસીય શિબિરમાં ભાગ લેવાનો નિર્ણય કર્યો અને ૧૨ જેટલા ભાઈ-બહેનો હરિદ્વાર પહોંચ્યા.

શિબિર પૂર્ણ કરી ભગવાન બદ્રીવિશાલનાં દર્શન કરી જીવનમાં પરમ શાંતિનો અનુભવ કર્યો. સૂર્યનારાયણ પોતાનાં કિરણો હિમાલયનાં ઉન્નત શિખરો પર પ્રસારતાં જોવાં અને તેની ભવ્યતાનો અનુભવ દેવભૂમિ પર કંઈક જુદો જ લાગે.

વહેલી સવારે દર્શનનો લહાવો લઈ સવારના ૯ વાગે જ પ્રથમ ગેટ ખૂલતાં જ નીકળી જવાની ઇચ્છાથી બસમાં વહેલાસર સીટ મેળવવાની ઇચ્છાથી યાત્રાળુઓની ભીડ વચ્ચે બસમાં જગ્યા મેળવી લઈએ છીએ. પ્રથમ બસ હોવાથી લોકોની ભીડ પણ એટલી જ! બસ સમયસર રવાના થઇ અને યાત્રાળુઓ જય બદ્રીવિશાલનો જયઘોષ કરી વિદાય લેવાનો સંકેત આપી શ્રધ્ધા સાથે તીર્થ સ્થાન છોડે છે.

બસમાં બધા યાત્રાળુઓને સીટ પર બેસવાની જગ્યા ન મળતાં બસમાં ચાલવાની જગ્યા પર અનેક યાત્રાળુઓ પોતાના સામાન સાથે ગોઠવાઈ જાય છે. બસમાં મારી સીટની બાજુમાં જ એક વૃધ્ધ દંપતિ પોતાનો થેલો બાહુમાં દબાવી વચ્ચે રસ્તામાં જ ગોઠવાઈ જાય છે. તેમની અવસ્થા જોતાં જ મનમાં વિચાર આવે છે, ૧૨ કલાકની લાંબી મુસાફરી આ વૃધ્ધજનો આ રીતે જ બેસી કઈ રીતે પસાર કરી શકશે. હું હાથથી ઈશારો કરી વૃધ્ધને મારી સીટ પર આવી જવા જણાવું છું. વૃધ્ધ બે હાથ જોડી આભાર વ્યક્ત કરી નમ્રતાપૂર્વક ના પાડે છે.

સર્પાકારે પસાર થતો વાંકોચૂકો રસ્તો અને એ વચ્ચે પસાર થતી અમારી બસ. કોઈ ઠંડીને કારણે ઝોકે ચડે છે, કોઈ બહારની કુદરતી વનરાઈના સૌંદર્યને જોવા બારી બહાર જ નજર નાખી બેઠા છે. વૃધ્ધજન પોતાની સાથેના થેલામાંથી ડબ્બો બહાર કાઢી ધ્રુજતા હાથે ખોલવા પ્રયત્ન કરે છે. ત્યાં જ સામેના વળાંકથી એકાએક ધસી આવતા વાહનથી બચવા અમારી બસનો ડ્રાઈવર બ્રેક મારે છે અને બસને આંચકો લાગતાં જ સ્ટીલનો ડબ્બો હાથમાંથી છૂટી જાય છે. ડબ્બામાં રાખેલ સુખડી પોતાનાં કપડાં ઉપર પડતાં વૃધ્ધ નિરાશ વદને તેને જોઈ રહ્યા છે.

વૃધ્ધની અસહાય સ્થિતિ હું જોતો રહ્યો. મેં કહ્યું, 'વડીલ, બદ્રીનાથ - કેદારનાથની યાત્રા કઠિન છે. આ અવસ્થાએ યાત્રામાં એકાદ સંતાનને સાથે રાખીએ તો તકલીફ ન પડે.' મારી શિખામણથી વૃધ્ધ દંપતિની આંખો ભીની થઈ જાય છે. બંને એકબીજા તરફ જોતા જ રહે છે. ડૂમો ભરાઇ આવતાં વૃધ્ધ દંપતિની ચારે આંખો આંસુ વહાવતી હું જોતો રહું છું. જીવન અસ્તાચળના કિનારે પહોંચેલ આ વૃધ્ધ દંપતિની સ્થિતિ મને દુઃખદ સ્થિતિમાં ખેંચી જાય છે. મને મનોમન પસ્તાવો થાય છે કે, મારે આ પ્રશ્ન કરવો જોઈતો ન હતો. મેં ભૂલ કરી, જેને કારણે આ વડીલની યાત્રા દુઃખમાં સરી પડી.

સમય જતાં વૃધ્ધ વડીલ મૌન તોડે છે, 'ભાઈ, તમે યુવાન અવસ્થાએ યાત્રા કરો છો એ સારું છે. અમારે પણ કેટલાય સ્વપ્ન હતા. એકના એક પુત્રને ઠરીઠામ કરી નિરાંતે જીવન પસાર કરીશું. અમારો એકનો એક પુત્ર અમારી વૃધ્ધાવસ્થા સમયે અમારો પાલનહાર બની રહેશે એવા કેટલાય સુખમય સ્વપ્ન અમે સેવ્યા હતા. પરંતુ આજે અમારા જીવનમાં લાકડીના ટેકે ચાલી શકીએ એવું કોઈ જ નથી. આ અવસ્થામાં હવે માત્ર ઈશ્વર ઉપર અમારો જીવન આધાર છે.'

વૃધ્ધની જીવન વ્યથા મને ફરી એકવાર વિચારતો કરી દે છે. 'એકનો એક પુત્ર હોવા છતાં આ કેવી લાચારી? એ પુત્રને શું થયું હશે?' અનેક પ્રશ્નો મનમાં દોડવા લાગે છે. પૂછવાની હિંમત કરી શકતો નથી. ક્યાંક વૃધ્ધના હૃદયને ફરી એકવાર દુઃખ પહોંચે તો?

ગળામાં ભરાઈ આવેલ ડૂમાને નીચે ઉતારી, થોડી ક્ષણો પછી ફરી વૃધ્ધજન અતીત ઉલેચે છે.

ભાઈ, અમારે એકનો એક પુત્ર છે.

ભણાવી મોટો કર્યો. સમય જતાં ઉચ્ચ અભ્યાસ અર્થે બાજુના શહેરમાં જવાની પુત્રે ઈચ્છા વ્યક્ત કરી. અમે પુત્રના ભવિષ્યને નજર સમક્ષ રાખી હા પાડી. એ સમયે પુત્રના ઉચ્ચ અભ્યાસનો ખર્ચ અમે ઉઠાવી શકીએ એ સ્થિતિમાં ન હતાં છતાં છ એકર અમારી ખેતીની જમીન, ઘરના દરદાગીના વેચી, પેટે પાટા બાંધી, વાડીમાં મજૂરી કામે લાગ્યા. એકના એક પુત્રના ઉજ્જવળ ભવિષ્ય માટે અમે દુઃખમય જીવનમાં રહી પુત્રને નિયમિત પૈસા મોકલતા રહ્યાં. પુત્ર એન્જિનિયર થઈ ઘેર આવ્યો ત્યારે અમારા આનંદની કોઈ સીમા ન રહી. સમય જતાં લગ્ન લીધાં. ઘર ભલે નાનું, પરંતુ ઉચ્ચત્તર શિક્ષણને કારણે વિદેશથી આવેલ કન્યા મળી ગઈ. લગ્ન પછી એકના એક પુત્રે પત્ની સાથે વિદેશ જવા વિદાય લીધી. વિદાય સમયના મારા પુત્રના એ શબ્દો આજે પણ મને યાદ છે. 'બા - બાપુજી, તમે મારી જરા પણ ચિંતા ન કરશો. હું વિદેશમાં વ્યવસ્થિત ગોઠવાઈ જઇશ કે તુરંત તમને બંનેને મારી પાસે બોલાવી લઈશ. પછી આપણે સૌ આનંદથી જીવન પસાર કરીશું.' પુત્રના આ શબ્દોએ અમારી આંખોમાં આનંદનાં અશ્રુઓ ભરાઈ આવ્યા.

બે વર્ષ પછી અમે વિદેશ ગયા પણ ખરા, પરંતુ પુત્રવધૂનો વ્યવહાર ન ગમ્યો. દિકરો દિવસભર તેના કામે ઘરથી બહાર અને અમારે ઘરમાં દીકરા વહુના મેણાટોણાં સાંભળવાના. દરરોજની આ સ્થિતિ વધુ સમય સહન કરી શકાય તેવી ન હતી. પુત્રનું પત્ની પાસે કેટલું ચલણ છે એ ઘરમાં નજરે જોયા પછી પુત્ર પાસે ફરિયાદ કરવાનો કોઈ અર્થ જ ન હતો. શું કરવું? ક્યાં જવું? એ અંગે અમોએ રાત્રિ દરમ્યાન સાથે બેસી ખૂબ વિચાર્યું અને છેવટે વતન પરત આવવાનો નછૂટકે નિર્ણય લીધો. પુત્રને વાત કરી. તેણે મૂક સહમતિ આપી અને અમે વતન પરત આવ્યા.'

દિવસો દુઃખના લંબાતા રહ્યા. અવસ્થાને કારણે વાડીમાં મજૂરી કામે જઈ પેટિયું રળીએ તેવી સ્થિતિ ન રહી. જીવન નિર્વાહ માટે ટેકો કરવા થોડી મદદ નિયમિત મોકલતા રહેવા પુત્રને વિનંતી કરી અને પુત્રે પ્રત્યુત્તર પાઠવ્યો, 'મેં નજીકના શહેરમાં આવેલ વૃદ્ધાશ્રમ તમારા જેવા ઘરડાં લોકો માટે જ ચેરીટી કરેલ છે. તમે ત્યાં દાખલ થઈ જાઓ. તમારી સંભાળ માટે હું આવી ન શકું અને તમે દુઃખી થાઓ એ કરતાં ઘરડાઘરમાં જઈ નિરાંતે રહો, જીવન આનંદપૂર્વક વિતી જશે.'

પુત્રે પત્રમાં શું લખ્યું છે એ પત્ની પૂછતી રહી પરંતુ પત્ર હાથમાં હોવા છતાં હું જવાબ આપી ન શક્યો. માતાનું હૃદય, પુત્ર પ્રત્યેની મમતા કેટલી લાગણીસભર હોય છે તે જાણતો હોવાથી પુત્રનો જવાબ સાંભળ્યા પછી માતાની સ્થિતિ કેવીક થશે? એ વિચારે કંઈ જવાબ ન આપતાં પુત્રનો પત્ર પત્નીના હાથમાં મૂકી, બંને હાથને મારી મુઠ્ઠીઓમાં દબાવી અમે બંને લાંબા સમય સુધી રડતા રહ્યાં. અમારા દુઃખના સમયે કોઈ આશ્વાસન આપનાર પણ ન હતું. પરિણામે એકબીજાના આંસુ લૂછતા રહ્યા. ક્યાં જઈએ? શું કરીએ?

નાના ગામડાંમાં જીવન પસાર કરીએ છીએ. થોડી સૂકી જમીન છે તેમાં મહેનત પછી ખર્ચ પૂરતું મળી રહે છે. ક્યારેક કોઈની વાડીમાં પણ મજૂરી કરી આવીએ છીએ. ક્યારેક પડોશીની મીઠી નજર હેઠળ સહાય મળે છે.

ગામમાં સત્સંગ, કથા, યજ્ઞ થાય, સાધુ-સંતો પધારે પરંતુ બે હાથે આ પુણ્યકાર્યમાં કંઈક દાન કરી શકીએ એવી સ્થિતિ જ રહી નથી. લાંબા સમયથી ભગવાન બદ્રીવિશાલનાં દર્શન કરવાની અમારી બંનેની ખૂબ જ ઈચ્છા હતી. ઘડપણ વધતું જાય છે. કાલે શું થશે? એ વિચારમાં અટવાયા પછી જીવનમાં પ્રથમ વખત તીર્થયાત્રાએ નીકળ્યાં છીએ. શ્રવણના અંધ મા-બાપની જેમ અમે તો ભાગ્યશાળી નથી કે પુત્ર આ દેખતાં મા-બાપને યાત્રા કરાવે, છતાં અમે ભગવાન બદ્રીવિશાલના શરણે જઈ એક જ માંગણી કરી કે અમારા પુત્રને વિદેશમાં સુખી રાખજે. તેનો પરિવાર વધે, જીવન ભર્યુંભાદર્યું રહે એ જ અમારી પ્રાર્થના છે. અમે તો હવે ખર્યું પાન છીએ. આ જીવનનો હવે કેવો ભરોસો!

હિમાલયની ગિરીકંદરા, ગગનને ચુંબતી ઝાડી, સર્પાકાર રસ્તા પર અનેક વળાંક વચ્ચે ઊંચે પહોંચી, નીચે ખીણ સુધી સતત દોડતી બસ વૃધ્ધ દંપતીની વિતક ગાથા સાંભળ્યા પછી મારું મન અનેક વિચારોમાં દોડી જાય છે. માનવીનું જીવન પણ આ બસની જેમજ કેટકેટલા વળાંકભર્યા જીવનપથ પરથી પસાર થતું રહ્યું પરંતુ પાનખર સુધી તેણે જિંદગીના સારા-નરસા વર્ષોની એકમાત્ર સુખદ યાદ. આ વિતક કથા આજના સામાજિક - કૌટુંબિક જીવનનું એક કટુ સત્ય છે.

***પ્રેસ રીપોર્ટર***
***નવા વાસ, મુ.પો. માધાપર, તા. ભુજ, કચ્છ-૩૭૦ ૦૨૦. મો. ૯૪૨૬૯ ૬૭૮૧૮***

***જેડો ખાય અન્ન, તેડો થિયે મન***
***મન તેડો તન, હરિ તેડો થીએ જીવન.***

મહેનત કરીને મેળવેલો સાત્ત્વિક આહાર લેવાથી, તન-મન અને જીવન સાત્ત્વિક બને છે.

***હરિદાસ કે. ઠક્કર, 'હરિ' - મસ્કા, કચ્છ***

કચ્છ

# પાનંધ્રો લિગ્નાઇટ ખાણ

• સંજય પી. ઠાકર •

કચ્છના પ્રગતિપથમાં મહત્ત્વનો વળાંક ગણાતા પાનંધ્રો લિગ્નાઇટ ખાણ અને તેના સંલગ્ન વીજમથકે લખપત તાલુકાને જબરો ધબકાર આપ્યો છે. વિપુલ ખનિજ સંપત્તિનો ભંડાર ધરાવનાર કચ્છ પ્રદેશમાં પાનંધ્રોની કોલસાની ખાણ અને વિદ્યુત મથકને લીધે જિલ્લાના અર્થતંત્રને લાભદાયી અસર થઈ છે અને રોજગારી રળવી શક્ય બની છે. ભારતમાં તામિલનાડુ પછી સૌથી વધારે લિગ્નાઇટનો જથ્થો ગુજરાત ધરાવે છે. ઉપરાંત, ગુણવત્તાના ધોરણે એટલે કે બળતણ મૂલ્યમાં ગુજરાતનો લિગ્નાઇટ ભારતમાં અવ્વલ છે. રાજ્યભરમાં સૌથી વધારે લિગ્નાઇટનો જથ્થો કચ્છ જિલ્લામાં ધરબાયેલો છે. ઈ.સ. ૧૯૯૫નાં સર્વેક્ષણ અનુસાર કચ્છમાં ૨૫.૬ કરોડ ટન લિગ્નાઇટનો વિપુલ જથ્થો શોધાયો છે. લિગ્નાઇટ મોટાભાગના પ્રોસેસ હાઉસમાં બોઇલરમાં વૈકલ્પિક કિંમતી બળતણ તરીકે તેમજ વીજળીના ઉત્પાદનમાં ઉપયોગી છે. કચ્છમાં લિગ્નાઇટનો સૌથી વધુ જથ્થો જ્યાં પ્રાપ્ત થયો છે તે સ્થળ પાનંધ્રો (લખપત) 'મેજર માઈનિંગ પોઈન્ટ' તરીકે વિકસ્યું. એશિયાની સૌથી મોટી ખાણો પૈકીની એક એવી પાનંધ્રોની ખાણમાં લગભગ ૯૪૦ લાખ ટન જેટલા લિગ્નાઇટનો ભંડાર ભૂગર્ભમાં ભંડારાયેલો પડ્યો છે! જિલ્લાની ખનિજ સંપદામાં લિગ્નાઇટનો જથ્થો મહત્તમ - અડધાથી વધારે રહ્યો છે. ૨૦૦૫-૦૬માં લિગ્નાઇટ ઉત્પાદન ૬૪ લાખ ટન (કુલ ખનિજ ઉત્પાદનમાં ૫૯ ટકા) અને એમાંથી મળતી રોયલ્ટીની રકમ ૩૩ કરોડ રૂપિયા (૫૩ ટકા) હતી. ગુજરાત રાજયના વિવિધ ઉદ્યોગગૃહોને દૂર દૂર બિહારથી આવતા મોંઘા કોલસાની તંગી ભોગવવી પડતી. એમાં લિગ્નાઇટ ખાણે ઘણી રાહત આપી છે. એમાં ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિ. - જી.એમ.ડી.સી. કારણભૂત બન્યું છે. ૧૯૭૩-૭૪માં પાનંધ્રો લિગ્નાઇટ ખાણનું ખોદકામ માતાના મઢ જાગીરના તત્કાલીન અધ્યક્ષના હસ્તે શરૂ થયું હતું. જી.એમ.ડી.સી.એ અદ્યતન માઈનિંગ ટેકનોલોજી સાથે પ્રથમ લિગ્નાઇટ ખાણ વિકસાવીને નવા અધ્યાયની શરૂઆત કરી હતી. જો કે, અહીં પ્રાયોગિક ધોરણે ઉત્ખનન ૧૯૫૮માં જ શરૂ થઈ ગયું હતું. ૧૯૮૮-૮૯માં અહીં ખાણને વિસ્તારીને બકેટ વ્હીલ એક્સકેવેટર લગાડાયા. મહત્તમ ઉત્પાદન ક્ષમતા ૨૦૦૬-૦૭માં નોંધાઈ હતી, કે જ્યારે આ ખાણ ૮ મિલિયન મેટ્રિક ટનને પાર કરી ગઈ હતી. અહીંની ખાણનો લીઝ એરિયા ૧૭૧૯ હેક્ટર છે અને હાલે અનામત જથ્થો ૧૦૯ એમએમટી જેટલો દર્શાવાય છે. ચાર દાયકા પહેલાં ખાણ વિધિવત શરૂ થતાં ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ ફૂલ્યોફાલ્યો ને એ કોલસો 'કાળું સોનું' પુરવાર થયો. આનુસંગીક રોજગારીની તકોનું સર્જન થયું.

મે ૨૦૦૮થી પાનંધ્રો ખાણનો ઊંચી ગુણવત્તાવાળો લિગ્નાઇટ જથ્થો અકરી મોટા અને કચ્છ લિગ્નાઇટ થર્મલ પાવર સ્ટેશન (જીએસઈસીએલ) પાનંધ્રો થર્મલ પાવર સ્ટેશન માટે અનામત રાખીને ખાણ બંધ કરાઈ છે. અકરી ૨૫૦ મેગાવોટ અને પાનંધ્રો ૨૯૦ મે.વોટવાળા કોલસા આધારિત વીજમથકો છે. પાનધ્રોના લિગ્નાઇટ જથ્થાને વીજ ઉત્પાદન માટે અનામત રાખવાનો નિર્ણય છેક ૧૫મી જુલાઈ, ૧૯૯૧ના લેવાયો હતો. જોકે, એ વખતે પછીથી ઉદ્યોગમંત્રીએ એ નિર્ણયને નકારી કાઢ્યો હતો. ૧૨ ડિસેમ્બર, ૨૦૦૭ના પાનંધ્રો લિગ્નાઇટ ખાણનો જથ્થો કચ્છમાં જ વાપરવાના ખનિજ નિગમના નિર્ણયથી ઘેરા - વિરોધાત્મક પડઘા પડ્યા હતા. ૧૮ મે, ૨૦૦૮ના લિગ્નાઇટનો જથ્થો અનામત રાખવા ખનિજ નિગમે પાનંધ્રો ખાણ બંધ કરવાનો તત્કાળ અમલી બને તેવો નિર્ણય લીધો. તે વિરુધ્ધ ટ્રાન્સપોર્ટરોએ રણશિંગું ફૂંક્યું હતું. પશ્ચિમ કચ્છે બંધ પાળ્યો, અન્યત્ર નહિંવત અસર જોવા મળી હતી. બીજી મે, ૨૦૧૦ના પાનંધ્રો પ્રોજેક્ટનું મહદ્અંશે ખાનગીકરણ કરાયું. લિગ્નાઇટનું ઉત્ખનન, લોડિંગ અને પરિવહનનું કામ ખાનગી કંપનીને સુપરત કરી દેવાયું. આવા બધા નિર્ણયે કચ્છમાં આર્થિક ઉથલપાથલ સર્જી દીધી.

પાનંધ્રોના વિકલ્પે માતાના મઢ લિગ્નાઇટ ખાણમાં ૨૮મી મે, ૨૦૦૮ના લોડિંગ શરૂ થયું છે. મઢની ખાણ ૧૭૫૬ હેક્ટર લીઝ એરિયા ધરાવે છે અને વાર્ષિક ૨.૪ એમએમટી ઉત્પાદનની ક્ષમતા ધરાવે છે. જે ૨૦૦૨માં શરૂ કરાઈ છે. અહીં ૫૮ એમએમટી જથ્થો ધરબાયેલો છે. લખપત તાલુકાના ઉમરસર લિગ્નાઇટ ખાણને ૨૯મી જુલાઈ, ૨૦૦૮ના કેન્દ્રના વન પર્યાવરણ મંત્રાલયે લીલી ઝંડી આપી હતી. અહીં ચિંકારા અભયારણ્યનો પ્રશ્ન

પેચીદો હતો. વાર્ષિક ૧ એમએમટી ક્ષમતાવાળી લિગ્નાઇટ ખાણ ઉમરસર ખાતે ૨૦૧૫માં શરૂ કરાઈ છે. આ ખાણ ૨૧૮૬ હેક્ટર લીઝ એરિયા ધરાવે છે અને ૧૯ એમએમટી જથ્થો ઉપલબ્ધ છે. ઉમરસર ખાણનો આરંભ ૬ નવેમ્બર, ૨૦૧૪ના તત્કાલીન મુખ્યમંત્રી આનંદીબેન પટેલે કરાવ્યો હતો. જો કે તેનો ખરો પ્રારંભ ૧૩ માર્ચ, ૨૦૧૫ના થયો હતો. મઢ અને ઉમરસર ખાણનો લિગ્નાઇટ ઊર્જા, કાપડ, સિમેન્ટ, સિરામિક્સ, રસાયણ અને ઇંટ ઉદ્યોગ ઉપયોગ કરે છે. મઢ ખાણથી ઉતરતી ગુણવત્તાવાળો લિગ્નાઇટ ઓછી માત્રામાં કઢાય છે અને તેથી પરિવહન ઉદ્યોગને ભારે ફટકો પડ્યો છે. જો કે, માતાના મઢ અને ઉમરસર ખાણના કામકાજે થોડી રાહત આપી છે. કચ્છના અર્થતંત્રની નાળ બની ગયેલા પરિવહન વ્યવસાયે અનેક ઉતાર ચડાવ જોયા છે. ૧૯૮૦-૯૦ના દાયકામાં જ્યારે આ ખાણ પૂરબહારમાં કાર્યરત હતી ત્યારે અહીં દૈનિક ૧૩૦૦૦ ટન લિગ્નાઇટ કોલસાનું ઉત્પાદન કરાતું હતું. પછીથી ઘટીને સાતથી આઠ હજાર ટન જેટલું થવા પામ્યું. પાનંધ્રો ખાણ બંધ થઇ ત્યારે આ વ્યવસાયમાં નાની-મોટી દસ હજાર ટ્રક સામેલ હતી. એક લાખ જેટલા લોકોને સીધી તથા અઢીથી ત્રણ લાખ લોકોને પરોક્ષ રોજગારી પાનંધ્રો ખાણ થકી મળતી હતી. જીએમડીસી પાનંધ્રોમાં વર્ષે ૩૦ લાખ ટન લિગ્નાઇટ પેદા કરતું હતું અને તે વિદ્યુત બોર્ડ તથા ખાનગી વપરાશકારોને પૂરું પાડતું હતું. સામાન્ય રીતે અહીંથી દૈનિક સરેરાશ ૧૧૦૦થી ૧૧૫૦ ટ્રક લિગ્નાઇટ ભરવા આવતી હતી. માર્ચ ૧૯૯૩ના અંતિમ સપ્તાહમાં એક દિવસમાં ૧૫૦૦ ટ્રક લિગ્નાઇટ ભરવાનો વિક્રમ નોંધાયો હતો. ખનિજ ખોદકામની વધુ કાર્યક્ષમ કામગીરી માટે અહીં વિશેષ પ્રકારના અદ્યતન યાંત્રિક સાધનો ગોઠવવામાં આવ્યા હતા. નવ કરોડના ખર્ચે પાંચ મેગાવોટ સોલાર પાવર પ્રોજેક્ટ પાનંધ્રોની લિગ્નાઇટ ખાણ સંકુલમાં ૨૦૧૧ના અંતભાગમાં સ્થપાયો છે, જે આ પ્રકારનો દેશનો સૌથી પ્રથમ પ્લાન્ટ છે.

અબજો રૂપિયા રળી આપતું જીએમડીસી રાજ્ય સરકારનું કમાઉ અને ધીકતું નિગમ રહ્યું છે. ખનિજ નિગમની વર્ષ ૨૦૧૫-૧૬માં કુલ આવક ૧૩૩૪ કરોડ રહી છે. ટેક્સ અને ખર્ચાઓ બાદ કરતાં ૨૪૦ કરોડની ચોખ્ખી આવક થઈ છે. એમાં પાનંધ્રો ૨૫૨ કરોડ રૂપિયા (૨૯.૮૮ લાખ મે.ટન), માતાના મઢ ૨૨૩ કરોડ રૂપિયા (૧૩.૭૦ લાખ મે. ટન) અને ઉમરસર ૧૩૦ કરોડ રૂપિયા (૮.૪૩ લાખ મે. ટન)નો સમાવેશ થાય છે. કુલ લિગ્નાઇટની આવક ૮૯૬ કરોડ (૬૯.૭૮ લાખ મે. ટન) છે. ગઢશીશા બોક્સાઇટ પ્લાન્ટની આવક ૧૫ કરોડ (૨.૬૨ લાખ મે.ટન) છે. આવી ધીકતી કમાણી કચ્છનો ખનિજ ભંડાર કરી આપે ત્યારે કચ્છ નિગમ પાસે સવિશેષ સવલતો મળવાની અને સામાજિક જવાબદારી નિભાવવાની અપેક્ષા રાખે તે સ્વાભાવિક છે. નવેમ્બર ૧૯૯૨માં ખનિજ નિગમ દ્વારા રાજકોટમાં શરૂ થનારી મેડિકલ કોલેજ પ્રશ્ને કચ્છમાં વ્યાપક વિરોધ થયો હતો. કારણકે કચ્છમાંથી કરોડોની કમાણી કરતું નિગમ કચ્છહિતને પ્રથમ અગ્રતા આપે તે આવશ્યક છે. અહીં યાદ આવે છે, એ સુવર્ણકાળ; જ્યારે ૨૫મી ઓગસ્ટ, ૧૯૯૮ના જી.એમ.ડી.સી.ના ચેરમેનપદે ભુજના ધારાસભ્ય મુકેશભાઈ બી. ઝવેરીની નિમણૂક થયા પછી તે વર્ષની ૨૪ ડિસેમ્બરે કચ્છ માટે નિગમનું આઠ કરોડનું પેકેજ જાહેર કરાયું હતું અને અનેકાનેક કામો - પ્રકલ્પો હાથ ધરવા શક્ય બન્યા હતા. અહીં નોંધનીય છે કે, ડિસેમ્બર ૧૯૯૭ના ખનિજ નિગમના પહેલીવાર કચ્છી અગ્રણી બહાદુરસિંહ એસ. જાડેજાની વરણી થઈ હતી. જો કે, તેમનો કાર્યકાળ ટૂંકો રહ્યો હતો.

*કચ્છમિત્ર, તા. ૧-૩-૨૦૧૭*

## સ્મિત

સ્મિતની કોઈ જ કિંમત ચૂકવવી પડતી નથી, પરંતુ તે ઘણું જ મેળવી આપે છે. તે આપનારને ગરીબ બનાવ્યા વિના મેળવનારને શ્રીમંત બનાવે છે. એક પલકારમાં તે ઉદ્‌ભવે છે, પરંતુ તે ક્યારેક યાદગાર બની રહે છે.

જે સ્મિત આપ્યા વિના જીવી શકે છે, તે શ્રીમંત નથી અને જે હંમેશાં સ્મિત આપે છે તે ગરીબ નથી. સ્મિત ઘરસંસાર સુખી બનાવે છે, વેપારધંધામાં શુભેચ્છા વધારે છે અને મિત્રોની મૈત્રીમાં વધારો કરે છે.

સ્મિત થાકેલાનો વિરામ છે, નિરાશામાં આશા છે, અંધકારમાં પ્રકાશ છે અને દુઃખી માણસ માટે કુદરતની અમૂલ્ય દવા છે.

છતાંય, સ્મિત ખરીદી શકાતું નથી. તે ભીખ માંગવાથી મળતું નથી, ઉછીનું મળતું નથી યા ચોરી શકાતું નથી. એ એક એવી ચીજ છે કે જે બક્ષીસ આપ્યા સિવાય કોઈને ઉપયોગી થતી નથી.

તમને જે સ્મિત આપી શકતો નથી તેને તમે જરૂર સ્મિત આપજો, કારણકે તેને સ્મિતની બક્ષીસની સૌથી વધારે જરૂર છે.

*સૌજન્ય : "સમજણના સૂર"*

## આજ

ગઈકાલ બની ગઈ છે ભૂતકાળ. ભૂતકાળની ભૂલોને યાદ કરીને આંસુ સારવાથી શું મળે?

આવતીકાલ છે અજાણી શક્યતાઓની શૃંખલા, શમણાંની માયાવી સૃષ્ટિ.

આજ અને માત્ર આજ જ છે આપણી પાસે – આપણી શક્તિઓને પુરવાર કરવા, ભવિષ્યની સફળતાનો પાયો ચણવા.

*સૌજન્ય : "સમજણના સૂર"*

સાંપ્રત

# જૂના કાયદાઓનું GSTમાં પરિવર્તન




હર્નિશ પી. મોઢ
ઇન્કમટેક્ષ તથા કાયદાના નિષ્ણાત

સી.એ. જયકિશન વાઘવાણી
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ

## GST કાયદા હેઠળ VAT તથા EXCISE તથા SERVICE TAXના રીટર્ન મુજબની CREDIT તથા તા. ૩૦-૬-૨૦૧૭ના રોજના CLOSING STOCKની CREDIT અંગે (TRANS-1 તથા TRANS-2 ફોર્મ)

GST કાયદાનો અમલ તા. ૦૧-૦૭-૨૦૧૭થી શરૂ થઇ ગયો છે. તા. ૩૦-૬-૨૦૧૭ સુધી VAT, EXCISE તથા SERVICE TAX અને તમામ કાયદાનો અમલ ચાલુ હતો અને તમામ વેપારી મિત્રોને ૩૦-૬-૨૦૧૭ના રોજ બાકી રહેલા સ્ટોક ઉપર ટેક્ષ ક્રેડિટ લેવાની થાય. હવે ઉપરોક્તનો સમાવેશ GST કાયદા હેઠળ થયેલ હોઇ ૩૦-૬-૨૦૧૭ના રોજ બાકી રહેલા સ્ટોક પરની ઉપરોક્ત જુદા જુદા કાયદા હેઠળ મળવાપાત્ર તમામ ક્રેડિટ GST કાયદા હેઠળ લેવાની થાય. તેના માટે GST TRANS-1 તથા TRANS-2 ભરવું જરૂરી છે. TRANS-1 તથા TRANS-2 ફોર્મ ભર્યા બાદ જ આવી ક્રેડિટ GST કાયદા અન્વયે ONLINE CREDIT LEDGER માં જમા થશે. આવી CREDIT ONLINE CREDIT LEDGER માં જમા થયા બાદ જ વેપારી ભરવાપાત્ર GST સામે આ ક્રેડિટ મજરે લઈ શકશે. આ અંગેની વિસ્તૃત સમજ આ લેખમાં આપવાનો પ્રયાસ કરેલ છે.

***ખાસ નોંધ*** : જે વેપારીઓની VAT કે EXCISE કે SERVICE TAX કાયદા હેઠળ તા. ૩૦-૬-૨૦૧૭ના રીટર્નમાં વધારાની ક્રેડિટ રહેલ નથી તથા તેઓ પાસે તા. ૩૦-૬-૨૦૧૭ના રોજ સ્ટોક ના હોય તેવા વેપારીઓને TRANS-1 તથા TRANS-2 ભરવાનું રહેતું નથી.

## VAT / EXCISE / SERVICE TAX હેઠળ રજિસ્ટર્ડ વેપારીઓના રીટર્ન અંગે

જે વેપારીઓ VAT તથા EXCISE તથા SERVICE TAX હેઠળ રજિસ્ટર્ડ હોય અને તેઓના જૂન-૨૦૧૭ના રીટર્નમાં વધારાની ક્રેડિટ રહેલ છે, તેઓને GST કાયદા હેઠળ ક્રેડિટ મળવાપાત્ર છે તેવા વેપારીઓને નીચે મુજબની વિગત TRANS-1 માં આપવાની રહેશે.

**(૧) VAT નંબર તથા VATના તા. ૩૦-૬-૨૦૧૭ના રીટર્નની વિગતો :**

જે વેપારીઓએ તા. ૩૦-૬-૨૦૧૭ના રોજ રીટર્નમાં CREDIT CARRY FORWARD બતાવેલ છે તેઓએ નીચે મુજબ વધારાની વિગતો TRANS-1 ફોર્મમાં આપવાની રહેશે.

**(A)** ૧-૪-૨૦૧૫થી ૩૦-૬-૨૦૧૭ના વર્ષ સુધીમાં C / F / H સામે કરેલ વેચાણોની વિગત નીચે મુજબ આપવાની રહેશે. (વર્ષ મુજબ અલગ અલગ આપવી પડશે.)

| TIN of Issuer | Name of Issuer | Form No. | Amount | Applicable VAT Rate |
|---|---|---|---|---|
| C FORM | | | | |
| | | | | |
| | | | | |
| TOTAL | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| **F FORM** | | | | |
| | | | | |
| | | | | |
| **TOTAL** | | | | |
| **H / I FORM** | | | | |
| | | | | |
| | | | | |
| **TOTAL** | | | | |
| | | | | |

(B) VAT કાયદા હેઠળના વેપારીઓએ જે વર્ષની આકારણી પૂર્ણ થયેલ છે ત્યારબાદથી ૩૦-૬-૨૦૧૭ સુધીમાં C / F / H સામેના વેચાણો અન્વયે C / F / H આવેલ ન હોય તેની યાદી વર્ષ મુજબ નીચે મુજબ આપવાની રહેશે. (વર્ષ મુજબ અલગ અલગ આપવી પડશે.)

| ફોર્મનો પ્રકાર | વર્ષ | બાકી ફોર્મની રકમ | લોકલ વેટ કાયદાનો વેરાનો દર | વધારાનો વેરાનો દર | વધારાનો વેરો |
|---|---|---|---|---|---|
| **C FORM** | | | | | |
| **F FORM** | | | | | |
| **H / I FORM** | | | | | |

ઉપરોક્ત યાદીમાં દર્શાવવામાં નહીં આવેલ C / F / H મુજબના વેરાનો ઘટાડો કરવાનો રહેશે. ત્યારબાદ બાકી રહેતી જમા રકમ GST કાયદા અન્વયે તેની ક્રેડિટ લેવાની રહેશે.

જો ત્યારબાદ C / F / H આવે તો તેની યાદી VAT DEPARTMENT માં જમા કરાવીને રીફંડ મેળવવાનું રહેશે.

**(૨)** EXCISE નંબર તથા EXCISE ના ૩૦-૬-૨૦૧૭ના રીટર્નની વિગતો.

**(૩)** SERVICE TAX નંબર તથા SERVICE TAX ના ૩૦-૬-૨૦૧૭ના રીટર્નની વિગતો.

## CAPITAL GOODSની ક્રેડિટ અંગે

જે વેપારીઓ વેટ તથા એક્સાઈઝ કાયદા અન્વયે રજિસ્ટર્ડ છે પરંતુ તેઓએ ખરીદી કરેલ કેપિટલ ગુડ્સની વેટ તથા એક્સાઈઝના કાયદા મુજબની ક્રેડિટ લેવાની બાકી હોય તેવા વેપારીઓએ બાકી રહેતી કેપિટલ ગુડ્સની વિગત નીચે મુજબ TRANS-1 ફોર્મમાં આપવાની રહેશે.

| Sr. No. | Invoice No. | Date of Invoice | Supplier Excise No. | આપનો Excise No. | Details of Cap. Goods | Duties | | | કુલ મળવા પાત્ર Cenvat | અગાઉ Claim કરેલ Duties | બાકી GSTમાં મજરે લેવાની રકમ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ED | CVD | SAD | | | |

## તા. ૩૦-૦૬-૨૦૧૭ના રોજ CLOSING STOCK અંગે

ઉત્પાદક કે ટ્રેડર્સ જે અગાઉ EXCISE, SERVICE TAX તેમજ VAT ના કાયદા અન્વયે માફી માલનો ધંધો કરતા હતા તેમજ જે તે કાયદા અન્વયે ઉચ્ચક વેરાનો વિકલ્પ સ્વીકાર કરેલ હોય કે સર્વિસ ટેક્ષના કાયદા અન્વયે ABEDMENT નો લાભ મેળવતા હોય તેઓને જે તે કાયદા અન્વયે ક્રેડિટ મળતી ન હતી. અને હવે GST ના કાયદા અન્વયે રજીસ્ટર્ડ થયેલ વેપારી COMPOSITION નો લાભ મેળવતા ના હોય તો આવા વેપારીઓ તા. ૩૦-૬-૨૦૧૭ના રોજના સ્ટોકની ક્રેડિટ વેટ, એક્સાઈઝ, સર્વિસ ટેક્ષની ક્રેડિટ GST માં શરૂઆતના સ્ટોકની ક્રેડિટ તરીકે બાદ મળી શકે તેવી જોગવાઈ છે.

આવા RAW MATERIAL, SEMI FINISHED GOODS કે FINISHED GOODS માં INPUTS થયેલ માલની ખરીદી છેલ્લા બાર માસ એટલે કે તા. ૧-૭-૨૦૧૬થી તા. ૩૦-૬-૨૦૧૭માં કરેલ હશે અને આવો માલ સ્ટોકમાં હશે તો તેની ક્રેડિટ GST માં બાદ મળી શકશે.

નીચેની વિગત TRANS-1 ના કોલમ 7A(a) મુજબ અપલોડ કરવાની રહેશે.

**(A)** EXCISE અલગ લગાડેલ હોય તેવા બીલોની વિગત નીચે મુજબ આપવી પડશે.

| Sr. No. | HSN No. | NO. (in Pcs.) | QTY. (in Kgs.) | Value of Stock | Eligible Duties |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |

**(B)** EXCISE અલગ લગાડેલ ન હોય તેવા બીલોની ક્રેડિટ ફક્ત TRADERS ના કેસમાં ૧૮%થી ઉપરના દરે વેરો લાગતો હોય ત્યારે CGST મના દરના ૬૦% તેમજ ૧૮%થી ઓછા દરે વેરો લાગતો હોય ત્યારે CGST ના દરના ૪૦%ના RATIO થી ક્રેડિટ મળવાપાત્ર છે. આવા સ્ટોકનું તા. ૧-૭-૨૦૧૭થી તા. ૩૧-૧૨-૨૦૧૭ સુધીમાં વેચાણ થવું જરૂરી છે અને આવી ક્રેડિટ છ માસ સુધી ક્રેડિટ મળી શકશે. આ ક્રેડિટ જેમ જેમ તા. ૩૦-૬-૨૦૧૭ના સ્ટોકનું વેચાણ થશે તેમ તેમ તેની ક્રેડિટ GST કાયદા હેઠળ મળવાપાત્ર રહેશે. આ ક્રેડિટ મેળવવા માટે TRANS-2 ફોર્મ ભરવાનું રહેશે. આ માટે આવી મળવાપાત્ર ક્રેડિટની રકમ જેટલો ખરીદનારને ભાવમાં ઘટાડો કરી વેચેલ હશે તો જ ક્રેડિટ મળી શકશે. આ માટે શક્ય હોય તો મળવાપાત્ર ક્રેડિટ જેટલી જ રકમનું ડિસ્કાઉન્ટ અલગ દર્શાવી બીલ બનાવવા હિતાવહ છે.

ઉપરોક્ત વિગત TRANS-1 ના કોલમ 7A(b) મુજબ અપલોડ કરવાની રહેશે.

## VAT

વેટ કાયદા અન્વયે માફી હોય કે ઉચ્ચક વેરાનો વિકલ્પ સ્વીકારેલ હોય તો વેટ કાયદા અન્વયે ITC મળવાપાત્ર થતી ન હતી. હવે આ જ માલ જો GST કાયદા અન્વયે વેરાપાત્ર થતો હોય અને GST કાયદા અન્વયે COMPOSITION નો વિકલ્પ સ્વીકારેલ ન હોય તો GST માં આવા સ્ટોકમાં રહેતા RAW MATERIAL, SEMI FINISHED GOODS અથવા FINISHED GOODS માં રહેલ INPUTS હોય તેની ક્રેડિટ મળવાપાત્ર છે. આવો સ્ટોકમાં રહેતો માલ છેલ્લા બાર માસમાં ખરીદેલ હોવો જોઈએ.

ઉપરોક્ત વિગત TRANS-1 ના કોલમ 7C મુજબ અપલોડ કરવાની રહેશે.

| DETAILS OF INPUTS IN STOCK | | | | | Total ITC Claimed Under VAT Act | Total ITC Related to Exempt Sales Not Claimed earlier VAT Law | Total ITC Admi-ssible as SGST / UTGST |
|---|---|---|---|---|---|---|---|
| Description of Goods | Unit in Pcs. (નંગમાં) | Qty. (વજનમાં) | Value of Stock | VAT / ENTRY Tax Paid (આવા સ્ટોકના માલમાં ભરેલ વેરાની રકમ) | | | |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| INPUTS | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| INPUTS CONTAINED IN SEMI-FINISHED AND FINISHED GOODS | | | | | | | |
| | | | | | | | |

## ૩૦-૦૬-૨૦૧૭ના પહેલાનું બીલ હોય પરંતુ GOODS પછી મળેલ હોય તેવા કેસ માટે

આપે અગાઉના એક્સાઈઝ કે વેટ કાયદા અન્વયે એક્સાઈઝ, વેટ અથવા એન્ટ્રી ટેક્ષ ભરી માલ ખરીદેલ હોય અને આવા માલની ડિલિવરી તા. ૧-૭-૨૦૧૭ પછી મળેલ હોય તો આવા માલની બુક એન્ટ્રી ૩૦ દિવસમાં અથવા કમિશ્નરની પરવાનગી મેળવી હોય તે કેસમાં ૬૦ દિવસમાં બુક એન્ટ્રી કરેલ હોય તો તેની ક્રેડિટ GST માં બાદ મળી શકે.

નીચેની વિગત TRANS-1 ના કોલમ 7B મુજબ અપલોડ કરવાની રહેશે.

| Name of Supplier | Invoice No. | Date | Description | Qty. | UQC | Value | Eligible Duty | VAT / ETAX | Date of Book Entry |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | |

## JOB WORK

કોઈ પણ પેઢીએ અન્ય પેઢીને જોબ વર્ક માટે માલ તા. ૩૦-૬-૨૦૧૭ પહેલા મોકલી આપેલ હોય અને આવો માલ જોબ વર્કરની પાસે તા. ૧-૭-૨૦૧૭ના રોજ પડેલ હોય તેવા સંજોગોમાં આવા સ્ટોકની વિગત નીચેના FORMAT માં આપવાની રહેશે.

| Sr. No. | Challan No. | Challan Date | Type of Goods | DETAILS OF GOODS WITH JOB-WORKER | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | HSN | Description of Goods | Unit in Pcs. | Qty. (વજનમાં) | Value |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 |
| GSTIN of JOB-WORKER, if AVAILABLE | | | | | | | | |
| | | | | | | | | |

## AGENT

કોઈ એજન્ટે કોઈ વેપારી વતી કમિશનથી વેચાણ માટે માલ મેળવેલ હોય અને આવો માલ તા. ૩૦-૬-૨૦૧૭ના રોજ સ્ટોકમાં હોય તો તેની વિગત તેમજ તેની મેળવેલ ક્રેડિટની વિગત નીચેના ફોર્મેટમાં આપવાની રહેશે.

| Sr. No. | GSTIN No. of Principal | DETAILS OF GOODS WITH AGENT | | | | |
|---|---|---|---|---|---|---|
| | | Description of Goods | Unit in Pcs. (નંગમાં) | Qty. (વજનમાં) | Value | Input Tax to be Taken |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 |
| | | | | | | |
| | | | | | | |

વેટ કાયદાના સમયગાળામાં તા. ૧-૧-૨૦૧૭થી તા. ૩૦-૬-૨૦૧૭ના સમયમાં કોઈને માલ APPROVAL માટે મોકલેલ હોય તો અને GST કાયદો અમલમાં આવ્યા બાદ હવે પછીના બીજા છ માસ એટલે કે તા. ૩૧-૧૨-૨૦૧૭ કે કમિશ્નરે સમય વધારી આપેલ હોય તો તા. ૨૮-૨-૨૦૧૮ સુધીમાં પરત આવે તો તેની ઉપર પરત મોકલનારે સપ્લાય ગણી વેરો લગાવવાનો નથી.

આ માટે આવા તા. ૩૦-૬-૨૦૧૭ના રોજ એપ્રુવલ માટે મોકલાવેલ માલની વિગત નીચેના ફોર્મેટમાં મોકલવી જે TRANS-1 ના કોલમ-૧૨માં દર્શાવવાની રહેશે.

| Sr. No. | DOC. No. | DOC. Date | GSTIN No. | Name & Add. | DETAILS OF GOODS SENT ON APPROVAL BASIS | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | HSN | Description of Goods | Unit | Qty. | Value |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 |
| | | | | | | | | | |
| | | | | | | | | | |

ઉપરોક્ત લેખમાં TRANS-1 તથા TRANS-2 હેઠળ આપવાની થતી વિગતો વેપારી મિત્રો તથા વાચકોને સમજાય તેવી સરળ ભાષામાં આપવાનો પ્રયત્ન કરેલ છે. આમ છતાંય વધુ ખુલાસા તથા સમજ માટે રૂબરૂ સંપર્ક કરવો હિતાવહ રહેશે.

*૯૦૧-૯૦૨, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.*
*ફોન : (ઓ) (૦૭૯) ૨૬૫૭૫૪૭૮, ૨૬૫૭૮૫૩૮ મો. ૯૮૨૫૦ ૩૯૫૪૦, ૯૬૬૨૨ ૫૦૯૫૭*

## ક્ષમા

દરેક ધર્મમાં ક્ષમા માંગવી અને બીજાને ક્ષમા કરવાની જે સલાહ છે એ મનની શાંતિ માટે ખૂબ જ મહત્ત્વની છે. જૈન ધર્મમાં તો ક્ષમા કરવાનો ઉપદેશ આપવામાં આવે છે. સાથે એક ખાસ દિવસ પણ બતાવ્યો છે જ્યારે બધા જૈનો ભૂતકાળમાં થયેલી ભૂલો માટે એકબીજાની ક્ષમા માંગે છે અને ક્ષમા કરે છે. ખ્રિસ્તી ધર્મમાં પણ ઈસુનો મુખ્ય સંદેશ માફ કરવાનો અને માફી માંગવાનો જ હતો. વેદોમાં કહ્યું છે કે ક્ષમા માંગવી અને ક્ષમા કરવું એ વીરોનું લક્ષણ છે (ક્ષમા વીરસ્ય ભૂષણમ્).

ગાંધીજી કહેતા કે તમે તમારી જાતને નુકસાન - અપમાન પહોંચાડી શકો. એ કામ બીજા નથી કરતા. આપણે જ પોતાની જાતને દુઃખી કરતા હોઈએ છીએ. **આપણો અહંકાર અને ક્રોધ ઓછા કરવા માટે ક્ષમા કરવું અને ક્ષમા માગવી એ અત્યંત અનિવાર્ય છે.** ઈશ્વર આપણને બધાને આવી ક્ષમા કરવાની અને ક્ષમા માંગવાની શક્તિ આપે એ જ પ્રાર્થના.

દિશા સૂચન

# પ્રગતિ આ રીતે પણ થઈ શકે – (૨)



અશોક મહેતા

*શ્રી ગુણવંતભાઈના પશુપાલનના આનુસંગીક કાર્યોની વિગતો આપણે અગાઉના લેખમાં જાણી. હવે તેઓના અન્ય કાર્યોની વિગત પણ સમજીએ.*

તેમણે વિચાર્યું કે દરેક ગામના હયાત તળાવને સજીવન કરવા, ઊંડા કરાવવા અને જરૂરિયાત પ્રમાણે નવા તળાવો પણ બનાવવા. હયાત તળાવોને વધુ ઊંડા બનાવવામાં આવે તો ચોમાસા દરમ્યાન તેમાં પાણીની આવક સારી એવી વધી જાય અને જે તે તળાવ લાંબા સમય સુધી પાણીથી ભરાયેલા રહે અને ગામના વપરાશમાં સારા એવા કામ આવે. તેનાથી ઢોરોને પીવાનું પાણી મળી રહે અને શક્ય પ્રમાણમાં જમીનના તળ ઊંચા આવે. તેઓએ તે માટે એક યોજના બનાવી. તળાવ ઊંડા કરવા JCB સૌરાષ્ટ્ર જલધારા ટ્રસ્ટનું મેળવી આપ્યું. જેસીબીનો તમામ ખર્ચ તેઓ જાતે ભોગવે. ઊંડા ખોદાયેલા તળાવની માટી લઈ જવા ટ્રેક્ટરની વ્યવસ્થા ગામ કરે અને મજૂરોની રોજી ગામ ચૂકવે. આ રીતે બહુ ઓછા ભારણથી (વિના મૂલ્યે નહીં) ગામના તળાવને ઊંડા કરી શકાય કે જેના પાણી એ ગામને જ કામ આવે. **આ રીતે તેઓએ કચ્છના અલગ અલગ વિસ્તારના ગામોમાં અંદાજિત ૧૫૦ જેટલા તળાવો ઊંડા કરાવ્યા અથવા તો નવા બનાવડાવ્યા.** તેના કારણે ૪ લાખ પશુઓને પીવાનું પાણી મળી રહે છે અને ૧ લાખ માનવોને વપરાશનું પાણી મળી રહે છે. ભાવનગર જિલ્લાના ગામ ખોપાડાના રહેવાસી અને સૌરાષ્ટ્ર જલધારા ટ્રસ્ટના અગ્રીમ કાર્યકર શ્રી બાબુભાઈ સવાણીના માર્ગદર્શન હેઠળ આ કામો કરવામાં આવ્યા કે જેના કારણે લાખો રૂપિયાના કામ હજારો રૂપિયાના પ્રમાણમાં થઈ શક્યા. ત્યારબાદ ક.વી.ઓ. મહાજનના કેટલાક સભ્યોને આ યોજના ખૂબ જ ગમી જતાં તેઓએ આ યોજનામાં આગળ વધવાનું નક્કી કર્યું. હાલે આ યોજના પર તેઓ કામ કરી રહ્યા છે.

ત્યારબાદ તેઓશ્રીએ ‘ખેત તલાવડી’ની યોજના વિશે વિચાર્યું. આ યોજના અનુસાર જે-તે ખેડૂતો પાસે પોતાના ખેતરમાં જ એક તલાવડી હોય તો તે તેને વધુ ઉપયોગી બની રહે અને નિશ્ચિતપણે કોઈ પણ જાતની ઓશિયાળી ભોગવ્યા વગર તે ખેડૂત પોતાની જમીનમાંથી વર્ષ દરમ્યાન એક કે બે પાક મેળવી શકે. તેઓશ્રીએ યોજના બહાર પાડી કે જે ખેડૂત પોતાના ખેતરની ૧૦ ટકા જમીનમાં ખેત તલાવડી બનાવશે તેને તેઓ પોતાની રીતે બધી જ મદદ કરશે. આ રીતે કોઈ ખેડૂત પાસે ૧૦ એકર જમીન હોય તો તેણે ૧ એકર જમીનમાં ખેત તલાવડી બનાવી બાકી રહેતી ૯ એકર જમીનમાં ખેતી કરવાની રહે. આ યોજના પાર પાડવા તેઓશ્રીએ સ્વયં પોતાના ખર્ચે બે જેસીબી વસાવી લીધા. યોજના અનુસાર જેસીબી ગુણવંતભાઈનું રહે અને ડીઝલ, ડ્રાઈવરનો ખર્ચ, માટી ઉઠાવીને અન્યત્ર પાથરવા વગેરેનો ખર્ચ ખેડૂત ભોગવે. આ રીતે ખેડૂતને દૈનિક અંદાજિત રૂા. ૫૦૦૦/-નો ખર્ચ આવે અને ખેત તલાવડીનું કામ પૂરું કરતાં અંદાજિત ૪ દિવસ લાગે. ખેડૂતને અંદાજિત રૂા. ૨૦,૦૦૦/-ના ખર્ચે પોતાની માલિકીની ખેત તલાવડી મળી જાય. તેઓ પાસે આ રીતે ૯૦ ખેત તલાવડીની અરજી આવી ચૂકેલ છે. **જેમાંથી ૬-૭ ગામની ૨૦ જેટલી ખેત તલાવડી તો બની જવા પામી છે.** બાકીનું કામ ચાલુ છે. વર્ષાંતે ૧૦૦ ખેત તલાવડીના કામ પૂર્ણ કરવાના તેઓશ્રીના આયોજનો છે. **અભિયાનની સેતુ સંસ્થા સાથે રહી તેઓ આ કાર્ય માટે આગળ વધી રહેલ છે.**

ગામના તળાવો ઊંડા કરાવવા અને ખેતરે ખેતરે ખેત તલાવડીની યોજના બાદ મીઠાક્ષેત્રના અગરિયા પરિવારો માટે તેમણે પોતાનું ધ્યાન કેન્દ્રિત કરેલ હતું.

કચ્છના નાના અગરિયાઓ પોતાનું કામ ચાલુ રાખવા માટે શાહુકારો પાસેથી ભારે વ્યાજ ચૂકવીને લોન મેળવતા હતા. શ્રી ગુણવંતભાઈએ વાર્ષિક ૧ ટકાના ટોકન વ્યાજે અગરિયાઓને લોન આપવાની શરૂઆત કરી. એક અગરિયાની જરૂરિયાત અંદાજિત રૂા. ૧.૨૫થી રૂા. ૧.૫૦ લાખની રહેતી. તેઓએ અત્યાર સુધી ૧૦થી ૧૨ અગરિયાઓને લોન આપેલ છે. એ દરમ્યાન સરકારશ્રીએ જેઓની કેપેસિટી

ખૂબ મોટા પ્રમાણમાં હોય તેવા કોન્ટ્રાક્ટરોને રણનું મીઠું લઈ જવાની પરમિશન આપી કે જેના કારણે બજારમાં મીઠાના ભાવ ગગડવા લાગ્યા. મીઠાના ભાવ ઘટ્યાની અસર નાના અગરિયાઓ પર થઈ. તેઓને મીઠાના ઉત્પાદન ખર્ચ કરતાં બજારભાવ ઓછા થઈ ગયેલ હોવાથી નુકસાની જવા લાગી. હાલે છેલ્લા બે વર્ષથી નાના અગરિયાઓએ મીઠું પકવવાનું બંધ કરેલ છે. પરિસ્થિતિમાં બદલાવ આવ્યા બાદ ફરી તેઓ મીઠાનું ઉત્પાદન શરૂ કરી શકશે.

દરિયાનું ખારું પાણી પોતાના પડમાં લાવવા દરેક અગરિયાને સોલાર મોટરની જરૂરત પડે (અહીં વીજળી તો હોય નહીં). હાલે તેઓ મોટર મેન્યુફેક્ચરિંગ કંપની પાસેથી હપ્તેથી મોટર ખરીદે છે. **શ્રી ગુણવંતભાઈએ વાર્ષિક માત્ર ૧ ટકાના ટોકન દરે તેઓને મોટર ખરીદવા ધીરાણ કરેલ છે. અત્યાર સુધી આ રીતે તેઓ રૂા. ૧૫થી ૨૦ લાખનું ધીરાણ કરી ચૂક્યા છે કે જે આવતા બે વર્ષમાં પરત આવે તેવી તેઓ ધારણા રાખી રહ્યા છે.**

વર્ષ ૨૦૧૪-૧૫માં ઘડુલી - સાંતલપુર રોડના કામને સરકારશ્રી તરફથી મંજૂરી મળતાં જે તે કોન્ટ્રાક્ટરને રસ્તો બાંધવા મોરમ-માટીની જરૂરત પડતા, તે કોન્ટ્રાક્ટરો આજુબાજુના ખેતરોના માલિક પાસેથી તેઓના ખેતર ખોદી, મોરમ-માટીના નાણા જે તે ખેડૂતને ચૂકવી, તે માટી લઈ જવાની કામગીરી કરતા હતા. એ વિસ્તાર એટલે કે બન્ની વિસ્તારમાં લુડિયા જેવા ગામો આવે છે. આ લુડિયા ગામના વિસ્તારમાં પાંચેક તળાવો આવતા. જે તે કોન્ટ્રાક્ટરને આ તળાવો વધુ ઊંડા ખોદી તેની માટી લઈ જવાનું સમજાવવામાં આવતા તે કોન્ટ્રાક્ટરને પાંચે પાંચ તળાવો શક્ય વધુ ઊંડા ખોદી એ મોરમ-માટી ઉપાડી રસ્તાના કામમાં વાપરી. લગભગ ૨૫ કિ.મી.નો રસ્તો તેના કારણે બનવા પામ્યો. એક તરફ કોન્ટ્રાક્ટરને માટીના કોઈ પૈસા આપવા ના પડ્યા જ્યારે અન્ય તરફ ગામના તળાવો ઊંડા ખોદાઈ જવાથી જે પાંચ તળાવોમાં માત્ર પાંચ મહિના ચાલે તેટલા પાણીનો સંગ્રહ થઈ શકતો હતો ત્યાં એક પણ પૈસાના ખર્ચ વગર બેથી ત્રણ વર્ષ ચાલે તેટલા પાણીનો સંગ્રહ થવા લાગ્યો. પરિણામે અહીંના પશુઓને કાયમી ધોરણે પાણી પીવાની રાહત થઈ. પરિણામે દુષ્કાળના સમયમાં પશુઓનું થતું સ્થળાંતર અટકી ગયું. સ્થળાંતરના કારણે ૧૦ ટકાથી ૨૫ ટકા સુધી થતાં પશુઓના અકુદરતી મરણ પણ અટકી ગયા. આ કામમાં ગ્રામ પંચાયત, તેના સરપંચ વગેરેનો સહકાર હોવાથી કામ સારી રીતે પૂરું થઈ શક્યું. શ્રી ગુણવંતભાઈનો સહકાર આ પ્રકારના કામોમાં પણ સારો એવો રહેતો આવેલ છે. આ પ્રકારના કાર્યો ઠેર ઠેર થઈ શકે તેવા પ્રયાસો ચાલુ રાખવામાં આવેલ છે.

આ રીતે ગામડાંઓને સ્વસ્થ રીતે ઊભા કરવાની ગણના સાથે ૮૦ વર્ષની હાલની ઉંમરે પણ શ્રી ગુણવંતભાઈ કાર્યરત રહે છે અને પોતાના કાર્યો નિરંતર આગળ ધપાવવાની ખેવના રાખે છે.

શ્રી ગુણવંતભાઈના કાર્યોમાંથી પ્રેરણા લઈને અન્ય ખમતીધર લોકો પણ ધીરજ રાખી આ યજ્ઞમાં જોડાય તો આપણે એક શાંત ક્રાંતિ લાવી શકીએ. ગામડાંઓને સ્વસ્થ રીતે બેઠા કરી શકીએ અને જોબ ક્રિએશનના પ્રશ્નોનું પણ થોડા ઝાઝા અંશે નિરાકરણ કરી શકીએ.

*સમાપ્ત*

***૨૦૩, સવિતા એન્કલેવ,***
***સમર્પણ બંગ્લોઝની બાજુમાં,***
***જજીસ બંગલો ચાર રસ્તા પાસે,***
***બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.***
***મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯***

## નિષ્ફળતા મળે ત્યારે...

દરેક માણસને જીવનમાં ક્યારેક તો નિષ્ફળતાનો સામનો કરવો જ પડે છે. પ્રેમમાં... પરીક્ષામાં... પસંદગીમાં... આર્થિક સાહસમાં... અનેક તબક્કે.

નિષ્ફળતા મળે ત્યારે કોઈપણ આત્યંતિક પગલું ભરતા પહેલાં આટલું વિચારો...

★ એમ ન માનો કે તમે હંમેશ માટે નિષ્ફળ સાબિત થઈ ગયા. બસ એટલું જ કે તમારે હજી સફળતા હાંસલ કરવાની વાર છે.

★ તમે કંઈ સિદ્ધ કરી ના શક્યા તો કાંઈ નહીં, કંઈ શીખ્યા તો છો જ.

★ એમ ન માનો કે તમે મૂર્ખ છો, પણ તમે લોકોમાં વધારે પડતો વિશ્વાસ મૂક્યો.

★ નિષ્ફળતાથી કોઈ લાંછન લાગતું નથી, વધારે પ્રયત્નથી સફળતા મેળવી જ શકાય છે.

★ એમ ન માનો કે તમારામાં આવડત નથી, માત્ર કાર્યપદ્ધતિ બદલવાની જરૂર છે.

★ એમ ન માનો કે તમે ઊતરતી કોટિના છો. માત્ર તમે સંપૂર્ણ નથી. પણ સંપૂર્ણ તો કોઈ નથી હોતું.

★ એમ ન માનો કે જીવન વ્યર્થ ગયું, માત્ર નવેસરથી શુભ શરૂઆત કરવાની જરૂર છે.

★ બધું મૂકીને મૂઢ ના થઈ જાવ, કઠોર પરિશ્રમ કરો.

★ એમ ન માનો કે હવે જીવનમાં ક્યારેય સફળ નહીં થાવ, માત્ર થોડી વધારે પ્રતીક્ષાની જરૂર છે.

★ એમ ન માનો કે ભગવાને તમને પડતા મૂક્યા છે, ***દૃઢ વિશ્વાસ રાખો કે ભગવાનના મનમાં તમારા માટે કંઈક બીજું છે... કંઈક વધારે સારું.***

***સૌજન્ય : "સમજણના સૂર"***

અતીતમાં નજર

## અતીતની અટારીએથી-૫

# 'એક દેશ, બે કોમ' – સૈયદ એહમદ ખાન

• સૈયદ એહમદ ખાન •

ગઈ કડીમાં આપણે કોંગ્રેસના ત્રીજા વાર્ષિક સંમેલનમાં બદરુદ્દીન તૈયબજીની ભૂમિકા અને સૈયદ એહમદ ખાનના પ્રતિભાવ વિશે વાત કરી હતી. આ કડીમાં આપણે સર સૈયદ એહમદ ખાન વિશે વધુ વિગતે વાત કરીશું. આ કડીમાં તેઓએ મેરઠ ખાતે ૧૬ માર્ચ, ૧૯૮૮ના રોજ કરેલું ઐતિહાસિક મહત્ત્વનું સંબોધન – એક દેશ, બે કોમ – આવરીશું.

- **ઐતિહાસિક સંદર્ભ :**

ઓગણીસમી સદીની સામાજિક સુધારાની ચળવળ મહત્ત્વના બે બૌધ્ધિક પરિમાણની કસોટીએ ચડીને આગળ વધતી હતી. બુદ્ધિગમ્ય તર્ક અને સર્વસ્વીકૃત ધાર્મિકતા. વેદોમાં અચૂક સત્ય જ હોઈ શકે તે માન્યતાને જે રીતે બ્રહ્મોસમાજે નકારી, તે રીતે અલીગઢ ચળવળે ઈસ્લામના બોધને આધુનિક યુગને અનુકૂળ રીતે સમજવાની જરૂર પર ભાર મૂક્યો. સૈયદ એહમદ ખાનનો મત હતો કે ધર્મના સિદ્ધાંતો અચલ જ છે એવું નથી. સૈયદ એહમદ ખાને ભારપૂર્વક કહ્યું કે સમાજની પ્રગતિમાં ધર્મની ભૂમિકા મહત્ત્વપૂર્ણ છે અને જો દરેક યુગની જરૂરિયાતને તત્કાલીન ધર્મ સંતોષી ન શકે તો તે ધર્મ સમયાંતરે સુસંગત રહેતો નથી અને મૃતપ્રાય બને છે. બ્રહ્મોસમાજના પ્રણેતા રાજા રામમોહન રાય બધા જ ધર્મોના મુળભૂત અને સર્વસાધારણ સિદ્ધાંત, જે વેદોમાં અને ક્રિશ્ચિયન દર્શનમાં પણ નીહિત છે, તે એકેશ્વરવાદમાં માનતા હતા. સાથે સાથે હિંદુઓમાં પ્રચલિત અનેકેશ્વરવાદ તથા ક્રિશ્ચિયનોમાં પ્રચલિત પિતા (ફાધર), પુત્ર (સન) અને પવિત્ર સત્ત્વ (હોલી સ્પિરીટ)ની ત્રિપુટીને તેઓ નકારતા હતા. સૈયદ એહમદ ખાને પણ એવા જ વિચારોનો પડઘો પાડતા કહ્યું : 'બધા પયગંબરો / આદી ઉપદેશકોનો ઈશ્વર વિશેનો મત / વિચાર એક સરખા પ્રકારનો હતો. એક જ ધર્મ હતો અને દરેક દેશ અને પ્રજાના અલગ અલગ પયગંબર હતા.' પહેલી કડીમાં જેઓ વિશે આપણે વાત કરી હતી તેવા કેશવચંદ્ર સેને (સૈયદ એહમદ ખાનના સમકાલીન) પણ સ્પષ્ટપણે કહ્યું : 'અમે નથી માનતા કે સઘળાં સત્ય બધા જ ધર્મોમાં જોવા મળે છે, પરંતુ અમે માનીએ છીએ કે જગતના બધા સ્થાપિત ધર્મો સાચા છે.'

આ રીતે આપણે કહી શકીએ કે તત્કાલીન સર્વસામાન્ય સ્વિકૃતિ પામતી દૃષ્ટિએ માત્ર દાર્શનિક ચિંતન પૂરતી મર્યાદિત ન હતી, પરંતુ તેનો અસરકારક પ્રભાવ તે કાળના રાજકીય અને સામાજિક દૃષ્ટિકોણ પર પણ પડ્યો. બ્રિટીશ સંસ્થાન બન્યા અગાઉના હિંદની પરિસ્થિતિ વર્ણવતા સૈયદ એહમદખાન સ્પષ્ટ કહે છે : 'અગાઉના સમ્રાટ, મહારાજાઓ કે શહેનશાહોના શાસન ન તો હિંદુ કે ન તો મુસલમાન ધર્મો પ્રમાણે ચાલતા હતા. તે શાસન માત્ર ત્રાસ અને જોરજુલમના આધારે ચાલતા હતા. બળિયાના બેઉ ભાગ જેવો ઘાટ રહેતો. જનસામાન્યનો અવાજ કે અભિપ્રાય કોઈ સાંભળતું નહોતું.' આમ આપણે જોઈ શકીએ છીએ કે સૈયદ એહમદ ખાને અપનાવેલો માપદંડ કોઈ ધાર્મિક ઓળખ પ્રેરિત ન હતો, બલ્કે તે ઉદારમતવાદ અને લોકતંત્રના સિદ્ધાંત પ્રેરિત હતો. જો કે આનો અર્થ એ નથી થતો કે ધાર્મિક ઓળખની અસર તે સમયના સામાજિક દર્શન અને દૃષ્ટિકોણ પર ન હતી. બલ્કે તે અસર ઘણી ઘેરી હતી. સર્વમાન્ય સ્વિકૃતિ માટે સુધારાવાદીઓનો આગ્રહ, ધાર્મિક ઓળખની સામાજિક વ્યવહાર પર પડતી અસરને નાથવાનો એક પ્રયત્ન હતો. જો કે ધીરે ધીરે ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં દરેક ધર્મના ચોક્કસ પાસાંઓની જાહેરજીવન પર અસર પડવા માંડી. બ્રિટીશ સંસ્થાન બનેલા હિંદના સંસ્કૃતિ અને વિચારસરણી સામે ઝઝુમતા સર્વમાન્ય સ્વિકૃતિ પામતા વિચારોએ બિનસાંપ્રદાયિકતાના વિકાસ માટે જરૂરી પાયો પૂરો પાડવાનો હતો. પરંતુ તેને બદલે ધાર્મિક વિશિષ્ટતાવાદના વમળમાં ફસાઈને તેણે પીછેહઠ કરી પારોઠના પગલાં ભર્યા.

૧૮૭૦ અગાઉના સમય દરમ્યાન હિંદના જાહેરજીવન તથા રાજકીય ગતિવિધિઓમાં આપણે ભાગ્યે જ કોમવાદી માનસની અસર નોંધી શકીએ. તત્કાલીન છાપાં-પ્રેસમાં બિનસાંપ્રદાયિક બાબતોમાં હિંદુ-મુસલમાનના અલગપણાનો અહેસાસ મોટેભાગે અસ્તિત્વમાં ન હતો એમ કહી શકાય. આપણે સૌ જાણીએ છીએ તે રીતે ૧૮૫૭નો સંગ્રામ હિંદુઓ અને મુસ્લિમો સાથે મળીને લડ્યા હતા. ઉત્તર ભારતનાં છાપાઓમાં હિંદુસ્તાની અને યુરોપિયન કે બ્રિટીશ સત્તાધીશો એ પ્રકારની જ ઓળખ પર ભાર મૂકવામાં આવતો હતો.

નિઃશંકપણે ઓગણીસમી સદીના આગવા

હિંદુસ્તાનીઓમાંના એક એવા સૈયદ એહમતખાને તેઓની શૈક્ષણિક પ્રવૃત્તિ કોઈપણ પ્રકારના કોમી ભાવ વગર જ શરૂ કરી હતી. ૧૮૬૦ના દસકામાં તેઓએ શરૂ કરેલી ઘણી વૈજ્ઞાનિક સંસ્થાઓમાં હિંદુ અને મુસ્લિમ એમ બંને લોકો જોડાયા હતા. આધુનિક શિક્ષણ પ્રત્યેના રૂઢીવાદી મુસ્લિમોના અણગમા સામે લડત આપવા તેઓએ ખાસ અલીગઢ કૉલેજની સ્થાપના કરી. આ સત્કાર્ય માટે ધનિક હિંદુઓએ નાણાંકીય સહાય કરી અને તે કૉલેજના વિદ્યાર્થીઓ અને શિક્ષકોનો મોટો વર્ગ હિંદુ હતો. ૧૮૮૪માં સૈયદ એહમદખાને કહ્યું હતું : 'શું તમે આ ભૂમિ પર નથી વસતા? શું તમે આ જ ભૂમિમાં દફન કે અગ્નિસંસ્કાર નથી પામતા? બેશક તમે સૌ આ જ ભૂમિ પર જીવો છો અને મરો છો. યાદ રાખો, કે હિંદુ અને મુસલમાન એ ધાર્મિક ઓળખના શબ્દો છે. બાકી આ દેશમાં રહેતા સૌ હિંદુ, મુસ્લિમ અને ક્રિશ્ચિયન, એક જ દેશના વાસી હોઈ, એક જ કોમ છે.' સૈયદ એહમદખાન આ પ્રકારે હિંદના અલગઅલગ ધર્મને અનુસરનારા લોકો અંતે તો એક જ રાષ્ટ્રની એક જ કોમ છે, એવો મત ધરાવતા હતા. પરંતુ ૧૮૮૫માં કોંગ્રેસની સ્થાપના થવા સાથે સૈયદ એહમદખાનના વૈચારિક અભિગમમાં મોટો બદલાવ આવવા લાગ્યો.

૧૮૮૫માં કોંગ્રેસની સ્થાપના સાથે રાષ્ટ્રીય ચળવળની શરૂઆતના ભણકારા વાગવા માંડ્યા. તે વખતના વાઇસરોય ડફરીન અને સંયુક્ત પ્રાંત (યુનાઇટેડ પ્રોવિન્સિઝ)ના લેફ્ટનન્ટ ગવર્નર એ. કોલ્વીન, તેઓ બંનેએ ૧૮૮૭માં રાષ્ટ્રીય કોંગ્રેસના સામ્રાજ્યવાદ વિરોધી વલણના એંધાણ મળતાં બંનેએ આક્રમક રીતે કોંગ્રેસને વખોડી. સૈયદ એહમદખાનનું માનવું હતું કે બ્રિટીશ શાસનની વફાદારી અને વકીલાત કરવાથી જ મુસ્લિમોને વહીવટીતંત્રમાં નોકરી તથા કામધંધા મળી શકશે. તેથી તેઓ પણ કોંગ્રેસની આક્રમક ટીકા કરવામાં અંગ્રેજોની સાથે ભળ્યા. તેઓને એમ પણ લાગ્યું કે અલીગઢ કૉલેજ માટે તેમને મોટા જમીનદારો અને બ્રિટીશ પદાધિકારીઓના સક્રિય ટેકાની જરૂર પડશે. શરૂઆતમાં સૈયદ એહમદખાને ભીંગાના રાજા શિવપ્રસાદ અને બીજાઓની મદદથી રૂઢિગત જ્ઞાતિ, જન્મ, વર્ગ અને મોભા પ્રમાણે સામંતશાહી જાગીરદારો અને વહીવટીતંત્રના પ્રભાવશાળી લોકોને સંગઠિત કરી નવી ઉદય પામતી લોકતાંત્રિક રાષ્ટ્રીય ચળવળનો વિરોધ કરવા પ્રયત્ન કર્યો. પરંતુ આ પ્રયત્ન નિષ્ફળ રહ્યો.

આથી હવે સૈયદ એહમદખાને મુસલમાન જાગીરદારી તત્ત્વોને મુસલમાન કોમ તરીકે સંગઠિત કરવાની શરૂઆત કરી. તેઓ અને તેમના અનુયાયીઓએ ધીમે ધીમે કોમવાદી વિચારધારાના મુળભૂત તત્ત્વો અને પાસાઓનો પાયો રાષ્ટ્રવાદી ચળવળના વિરોધમાં નાંખ્યો, જેનો પ્રસાર ૨૦મી સદીમાં હિંદના રાજકારણમાં થયો.

તેઓનો મુખ્ય સુર એ હતો કે જો લોકતાંત્રિક પ્રતિનિધિત્વવાળી સરકાર આવે અથવા તો બ્રિટીશ શાસનનો અંત આવે અને સત્તા હિંદીઓના હાથમાં સોંપાય તો બહુસંખ્યક હિંદુઓ અલ્પસંખ્યક મુસલમાનો પર હક્ક જમાવે અને તેઓના હિતોને અવગણે. આ કારણસર અલ્પસંખ્યક મુસલમાનોની સલામતી માટે તેઓને અંગ્રેજ શાસનની જરૂર જણાઈ. તેથી તેમણે કહ્યું કે મુસલમાનોએ અંગ્રેજોને વફાદાર રહી રાષ્ટ્રીય કોંગ્રેસનો વિરોધ કરવો જોઈએ.

સૈયદ એહમદખાને પોતાના જ અગાઉના જાહેર કરેલા – એક દેશ (હિંદ) અને તેમાં વસતા સૌ લોકો (હિંદીઓ) એક જ કોમ હોવાના - વિચારને ત્યજીને કહ્યું કે હિંદ એક જ રાષ્ટ્ર ન કહી શકાય. તેઓએ જાહેર કર્યું કે કોંગ્રેસ એક હિંદુ સંસ્થા છે, જેનો મુખ્ય હેતુ મુસ્લિમ હિતોને નુકસાન પહોંચાડશે. સાથે સાથે તેઓએ કોંગ્રેસની વિચારસરણીના પાયામાં રહેલા સમાજના 'નીચલા' વર્ગમાં જન્મેલા અને 'ઉચ્ચ' વર્ગમાં જન્મેલા લોકો વચ્ચેની સામાજિક સમાનતાના સિદ્ધાંતની ટીકા કરી. જો કે, સૈયદ એહમદ ખાન અને તેઓના અનુયાયીઓએ કોંગ્રેસની વિરોધી એવી જુદી કોઈ કોમી રાજકીય સંસ્થા ન સ્થાપી, કારણકે તેઓનું માનવું હતું કે કોઈ પણ ચળવળિયું રાજકારણ સરકાર વિરોધી અને રાજદ્રોહી બનવાનું વલણ ધરાવે છે. તેને કારણે (બ્રિટીશ) શાસકો પ્રત્યેની વફાદારી શંકાના દાયરામાં રહેશે, જે તેઓને મંજૂર ન હતું. તેથી સૈયદ એહમદ ખાને મુસ્લિમોને રાજકીય રીતે નિષ્ક્રિય રહી બધા જ પ્રકારના રાજકારણથી અળગા રહેવા સૂચવ્યું. બ્રિટીશ શાસકો તરત આ કોમવાદના મુળભૂત તર્ક અને અલ્પસંખ્યકોને સરકારી રક્ષણ આપવાના સિદ્ધાંતને પામી ગયા અને શરૂઆતથી જ હિંદીઓને વિભાજિત કરતા કોમવાદને સક્રિય રીતે ઉત્તેજન આપ્યું.

સાથે સાથે હિંદુ કોમવાદ પણ આકાર લઈ રહ્યો હતો. ૧૮૭૦ના દાયકાથી જ હિંદુ જમીનદારો, શાહુકારો અને મધ્યમવર્ગીય ધંધાદારીઓને મુસ્લિમ વિરોધી લાગણીઓને શેહ આપવાનું અને ઉશ્કેરવાનું શરૂ કર્યું. બ્રિટીશ શાસકોના હિંદના ઈતિહાસ પરના દૃષ્ટિકોણને પૂર્ણ રીતે સ્વિકારી, તેઓ પણ મધ્યકાલીન યુગના 'જુલ્મી' મુસ્લિમ શાસનની વાત કરતા થયા અને આ પરિસ્થિતિમાં 'મુસ્લિમ દમનકારી ત્રાસ'થી 'મુક્તિ' અપાવતી બ્રિટીશ શાસનની ભૂમિકાની પ્રશંસા કરતા થયા.

યુ.પી. (યુનાઇટેડ પ્રોવિન્સિઝ) અને બિહારમાં તેઓએ હિંદી ભાષાનો પ્રશ્ન ઉઠાવતા તેને કોમવાદી રંગ આપ્યો : ઉર્દુ મુસલમાનોની ભાષા હતી અને હિંદુઓની ભાષા હિંદી હતી. ૧૮૯૦ના દાયકાની શરૂઆતમાં આખા હિંદમાં ગૌહત્યા વિરોધી પ્રચાર કરવામાં આવ્યો. આ ગૌહત્યા વિરોધી પ્રચાર બ્રિટીશ સામે નહીં પણ મુસ્લિમો સામે ચલાવવામાં આવ્યો. દાખલા તરીકે, બ્રિટીશ કેન્ટોનમેન્ટમાં મોટેપાયે ગૌમાંસ માટે થતી ગૌહત્યા થવા સામે કોઈ વાંધો ઉઠાવવામાં ન આવ્યો. પરિણામે, ગૌહત્યા વિરોધી ચળવળે કોમી સ્વરૂપ ધારણ કર્યું. જેને કારણે અનેકવાર કોમી હુલ્લડ થયા. હિંદુ કોમવાદીઓએ પણ વિધાનગૃહોમાં તથા સરકારી નોકરીઓમાં હિંદુ લોકોના હિસ્સા માટે ચળવળ ચલાવી.

કોમવાદ અને કોમવાદી સંગઠનોના ઉદ્ભવ અને વિકાસના ઈતિહાસની ચર્ચા કરતી વેળાએ ઘણીવાર એક પ્રકારના કોમવાદી, કોમવાદના ઉદ્ભવ માટે બીજા પ્રકારના કોમવાદી પર દોષારોપણ કરતાં કહે છે કે સામેવાળાના કોમવાદના પ્રત્યાઘાત રૂપે તેઓનો કોમવાદ અસ્તિત્વમાં આવ્યો. આ રીતે એક પ્રકારના કોમવાદી, પોતાના કોમવાદના અસ્તિત્વ માટે બીજા પ્રકારના કોમવાદીના વલણને કારણભૂત ગણાવે છે અને પોતાના કોમવાદી વલણને વાજબી ઠેરવે છે. આ રીતે હિંદુ, મુસ્લિમ અને શીખ કોમવાદીઓ પોતપોતાના કોમવાદને બીજાના કોમવાદના પ્રત્યાઘાત સ્વરુપે વાજબી ઠેરવે છે. કયો કોમવાદ પહેલા આવ્યો તે નક્કી કરવું એટલું જ મુશ્કેલ છે કે જેટલું નક્કી કરવું કે મરઘી પહેલા કે તેનું ઇંડું પહેલા આવ્યું? હકીકતમાં એકવાર કોમવાદી વલણ અસ્તિત્વમાં આવે અને વિકસે ત્યારે તેનાં અલગ અલગ વરવા સ્વરુપ એકબીજાને પોષે છે અને વિકસાવે છે.

ખેર, આ આખી રમતમાં વિદેશી બ્રિટીશ શાસકોને ભારે ગમ્મત થઈ અને તેનો તેઓએ ભરપૂર લાભ લીધો. ૧૮૫૭માં સાથે મળીને આઝાદીનો સંગ્રામ ખેલવા જે હિંદીઓ ભેગા હતા, તે હવે બ્રિટીશ રાજકીય ખંધાઈનો શિકાર બની રહ્યા હતા. તેથી હિંદના રાષ્ટ્રવાદ માટેના પ્રશ્નો પેચીદા બનતા જતા હતા.

આપણે આ કડીમાં અગાઉ જોયું કે હિંદુ અને મુસ્લિમ કોમવાદી વલણે સમાજના એ વર્ગમાં જન્મ લીધો, જેને તત્કાલીન બ્રિટીશ સંસ્થાન બનેલા હિંદના સામંતશાહી માળખામાં ચોક્કસ પ્રકારના સ્થાપિત હિત હતા. હિંદુ અને મુસ્લિમ જાગીરદારો / જમીનદારો, અમીર / કુલીન વર્ગ તથા વહીવટીતંત્રમાંનો પદાધિકારી વર્ગ અને ખાંધિયા આડતિયા વર્ગ. એ સૌને હિંદના બ્રિટીશ સંસ્થાનના માળખામાં જો એવા કોઈ ફેરફાર થાય કે જેથી તેઓના સ્થાપિત હિતો પર અવળી અસર થાય તો તે પસંદ ન હતું. આવો વર્ગ સ્વાભાવિક છે કે ધીમે ધીમે વિકસતી નવી રાષ્ટ્રીય ચેતના અને તેની ઉદ્દીપક અને વાહક બનેલી રાષ્ટ્રીય કોંગ્રેસનો વિરોધ કરે અને બ્રિટીશની તાજની કદમપોશી કરે. આ સ્થાપિત હિતો ધરાવતો વર્ગ પણ સંયુક્ત રીતે રખેને જુદો મોરચો માંડે એ શક્યતાને પણ બ્રિટીશ શાસકોએ ચાલાકીથી કોમવાદી વાડાઓમાં વિભાજનને ઉત્તેજન આપ્યું. તેની સાતે જ વીસમી સદીની શરૂઆતમાં મુસ્લિમ કોમવાદી તત્ત્વોએ સાથે મળીને મુસ્લિમ લીગની સ્થાપના ૧૯૦૭માં કરી. હિંદુ કોમવાદી તત્ત્વોએ ૧૯૦૯માં પંજાબ હિંદુ સભા સ્થાપી. ટુંક સમયમાં જ અખિલ હિંદ હિંદુ મહાસભાની સ્થાપના પણ થઈ. આમ બ્રિટીશ શાસનના ઉત્તેજન સાથે હિંદુ અને મુસ્લિમ કોમવાદી સંગઠનોનો જન્મ થયો. હાલ પૂરતું આપણે વધુ વિગતોમાં ન જતાં સૈયદ એહમદ ખાનની ભૂમિકા અને વક્તવ્ય સુધી સીમિત રહીએ.

ઉપરોક્ત સામાજિક અને રાજકીય સંદર્ભમાં આ કડીમાં આવરી લીધેલું સૈયદ એહમદ ખાનનું વક્તવ્ય – એક દેશ, બે કોમ – પૂરા હિંદની રાષ્ટ્રીયતાના વિષયે ઘણું મહત્ત્વ ધરાવે છે.

- **વક્તાનો પરિચય :**

સૈયદ એહમદ ખાનનો જન્મ ૧૮૧૭માં દિલ્હીના એક મોભાદાર કુટુંબમાં થયો હતો. તેઓ પદ્ધતિસરનું શિક્ષણ પામ્યા ન હતા. ૨૧ વર્ષની વયે ૧૮૩૮માં તેઓ ઇસ્ટ ઇન્ડિયા કંપનીમાં નીચલી પાયરીએ જોડાયા. થોડા વખતમાં જ મુનસિફની પદવીને લાયક બન્યા. પોતાના જીવની કારકિર્દી દરમ્યાન બીજી કેટલીયે જુદી જુદી પદવીઓ શોભાવી. આખરે ૧૮૭૮માં સબ-જજ તરીકે નિવૃત્ત થયા. ૧૮૫૭નો સંગ્રામ ફાટી નીકળ્યો ત્યારે તેઓ બીજનૌરમાં હતા. ત્યાં તેઓએ ઘણા યુરોપિયનોને બચાવ્યા હતા. આ ઘટના તેમના જીવનનો મહત્ત્વનો વળાંક સાબિત થઈ. તેઓએ મોહમેડન એંગ્લો - ઓરીએન્ટલ કૉલેજ (૧૮૭૫)ની સ્થાપના કરી જે અત્યારની અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી છે. મુસ્લિમ કોમને આધુનિક શિક્ષણની મહત્તા સમજાવવા એમણે જે સંઘર્ષ કર્યો અને રૂઢીવાદી મુસ્લિમોનો આક્રોશ સહ્યો તેમાં તેમની મહાનતા દેખાય છે.

૧૮૮૫માં કોંગ્રેસની સ્થાપના થઈ ત્યારથી તેઓ મુસ્લિમોને કોંગ્રેસમાં ન જોડાવાની સલાહ આપતા રહ્યા અને તે માટે એવો જોરદાર પ્રચાર કરતા રહ્યા કે જેથી હિંદુઓ અને મુસલમાનો વચ્ચે અંતરની ઊંડી ખાઈ ઊભી થઈ. તેઓની સ્થાપેલી કૉલેજના બ્રિટીશ પ્રિન્સિપાલોએ પણ હિંદુ - મુસ્લિમ વચ્ચેની ખાઈ વધારવામાં ફાળો આપ્યો. ૧૯૮૯માં ૮૧ વર્ષની

પાકટ ઉંમરે તેઓનું નિધન અલીગઢ ખાતે થયું.

## વક્તવ્ય

## "એક દેશ, બે કોમ"

**મેરઠ, ૧૬ માર્ચ ૧૮૮૮**

સૌપ્રથમ આજે રાતના હું જે વિષય પર ભાષણ કરવાનો છું તેનાં કારણ મારે તમને જણાવવા જોઈએ. સજ્જનો, તમને ખબર છે કે ખાસ્સા એવા સમયથી આપણા બંગાળી મિત્રો રાજકીય બાબતોમાં સારો રસ લેવા માંડ્યા છે. ત્રણ વર્ષ અગાઉ તેઓએ એક બહુ મોટી સભા આયોજિત કરી. જે દર વર્ષે જુદી જુદી જગ્યાએ તેની બેઠક ભરે છે, અને તે સભાનું તેઓએ નામ આપ્યું છે - નેશનલ કોંગ્રેસ. આપણે અને આપણી કોમે આ બાબત કોઈ ધ્યાન આપ્યું નહીં. પંરતુ મિત્રો આ બંગાળીઓએ મારી કોમમાં બિલકુલ ગેરવાજબી અને બિનજરૂરી દખલ કરી છે. તેથી એ મારી ફરજ છે કે આ બિનજરૂરી દખલ શી છે તે દર્શાવવું અને ખરાબ અસરથી મારી કોમને બચાવવી.

હું જે કહેવા જઈ રહ્યો છું એ માત્ર મારી કોમના લાભમાં નથી, આ પ્રાંતોના મારા હિંદુ ભાઈઓ કે જેઓએ કોઈ ખોટા ખ્યાલથી દોરવાઈને કોંગ્રેસમાં ભાગ લીધો છે તેઓના પણ હિતમાં છે. તેઓને તે કોંગ્રેસમાં ભાગ લેવા બદલ પસ્તાવો થશે. જો કે તેઓને પસ્તાવાનો વારો આવશે નહીં, કારણકે કોંગ્રેસના પ્રસ્તાવ બધા પૂરી રીતે પાર પડે એ શક્ય નથી.

આ લાંબી પ્રસ્તાવના બાદ, રાજકીય બાબતોમાં માત્ર મારી કોમે જ નહીં પરંતુ આ દેશના લોકોએ પણ શું કરવું એ મારે તમને કહેવું છે. તમને દરેક મુદ્દા પર ધ્યાન આપવાની પૂરી તક મળે તે રીતે યોગ્ય ક્રમમાં હિંદના રાજકીય સવાલો પર હું વાત કરીશ. સૌપ્રથમ આ સવાલ છે : કોના હાથમાં આ હિંદના સામ્રાજ્યની સત્તા અને વહીવટ રહેશે? હાલમાં આપણે ધારી લઈએ કે અંગ્રેજો અને તેઓનું સૈન્ય તેઓના ઉત્તમ શસ્ત્રો સાથે હિંદ છોડી જાય તો તે પછી હિંદના શાસક કોણ બનશે? આવા સંજોગોમાં શું એ શક્ય છે કે - મુસલમાન અને હિંદુ - એ બંને કોમ એક જ રાજસત્તા ધારણ કરે અને સત્તામાં બંને કોમને સરખો હિસ્સો મળે? બિલકુલ નહીં. એ જરૂરી છે કે બે (કોમ)માંથી એક બીજા પર વિજય મેળવે. એવી આશા સેવવી કે બંને (કોમ)ની સરખી હિસ્સેદારી હોય તે અશક્ય અને અકલ્પ્ય છે. સાથે સાથે તમારે યાદ રાખવું જોઈએ કે હિંદુઓ કરતાં મુસલમાનોનું સંખ્યાબળ ઓછું છે અને ઉચ્ચ અંગ્રેજી શિક્ષણ પામેલા મુસલમાન હિંદુ કરતાં ઘણા ઓછા છે, છતાં તેઓ નથી નબળા કે નથી મહત્ત્વ વગરના. મોટેભાગે તો મુસલમાનો જાતે જ પોતાની સ્થિતિ સંભાળી શકે તેમ છે. પણ ધારો કે તેઓ જાતે પોતાની સંભાળ લઈ શકે નહીં, તો આપણા મુસલમાનભાઈઓ, પઠાણ, તેમના પર્વતીય પ્રદેશોમાંથી તીડનાં ટોળાંની માફક ધસી આવશે અને ઉત્તરમાં સરહદના પ્રાંતથી માંડીને તે બંગાળના છેવાડા સુધી લોહીની નદીઓ વહાવશે. આમ અંગ્રેજોની વિદાય બાદ કોણ વિજયી બનશે તે ઈશ્વરની ઈચ્છા પર નિર્ભર રહેશે. પરંતુ, જ્યાં સુધી એક કોમ બીજી કોમ પર વિજય મેળવી એને આજ્ઞાંકિત નહીં કરે ત્યાં સુધી આ ભૂમિ પર શાંતિ નહીં સ્થપાય.

આપણા બંગાળી મિત્રોની મહત્ત્વાકાંક્ષા એટલી હદે વધી છે કે પોતાની ક્ષમતા બહારની ઊંચાઈઓ સર કરવા તેઓ નીકળ્યા છે. પણ જો હું ભૂલ ન કરતો હોઉં તો, મારું માનવું છે કે કોઈપણ કાળે બંગાળીઓએ ભૂમિના નાનકડા ટુકડા પર પણ સત્તા ચલાવી નથી. તેઓ (બંગાળીઓ)ને જરા પણ જ્ઞાન નથી કે કઈ કઈ રીતે પરદેશી પ્રજા બીજી પ્રજાઓ પર પોતાની સત્તા ટકાવી રાખવા શું શું કીમિયા કરી શકે છે. તેથી તમારા વડવાઓએ જે કાંઈ કર્યું તેના પર ધ્યાનથી વિચારો અને ઈશ્વરે હિંદની સત્તા જેઓને સોંપી છે એવી બ્રિટીશ સરકાર તરફ અન્યાયી વલણ ન સેવો. પ્રામાણિકપણે જુઓ કે આ (બ્રિટીશ) સામ્રાજ્ય અને તેનો આ દેશ પરનો કબજો ટકી રહે તે માટે શું કરવું જરૂરી છે. તમે આ બાબત સમજી શકો. પણ જેઓએ કદી એક દેશ પર કબજો મેળવ્યો ન હોય કે કોઈ વિજય મેળવ્યો ન હોય તેઓ આ (વાત) સમજી શકે નહીં. ઓ મારા મુસલમાનભાઈઓ, હું તમને ફરી યાદ દેવડાવું છું કે તમે કોમો પર શાસન ચલાવ્યું છે અને સદીઓ સુધી જુદા જુદા દેશ - પ્રદેશને તમારા તાબામાં રાખ્યા છે. હિંદમાં જ સાતસો વર્ષ તમે રાજ્ય કર્યું છે. તમને ખબર છે કે શાસન ચલાવવું એટલે શું. જે લોકો તમારા પર શાસન કરે છે તેઓને અન્યાય ન કરો અને વિચારો કે તેઓનું શાસન કેટલું પ્રામાણિક છે. અંગ્રેજ સરકાર (શાસિત) બીજી પરદેશી પ્રજા પ્રત્યે જે ભલમનસાઈ દર્શાવે છે તેનો જોટો દુનિયાના ઈતિહાસમાં નહીં જડે.

આપણે જેમની સાથે જોડાઈ શકીએ તે પ્રજા સાથે આપણે જોડાવું જોઈએ. કોઈ મુસલમાન કહી નહીં શકે કે અંગ્રેજો 'પુસ્તકને અનુસરનારા લોકો' નથી. કોઈ મુસલમાન આ વાત નકારી નહીં શકે : કે ક્રિશ્ચિયન સિવાય બીજા કોઈ ધર્મને અનુસરનારા લોકો મુસલમાનના મિત્રો ન બની શકે એવી ઈશ્વરીય આજ્ઞા છે. જે કોઈએ કુરાન વાંચ્યું છે અને તેને માને છે તે જાણે છે કે આપણી કોમ બીજા કોઈ લોકોની મિત્રતા

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૩ ઉપર)**

Niten Vasa
Essen Dyechem
Deals in : Dyes, Chemicals & Pigments
26, Karnavati Estate Part-II, Near Ramol Cross Roads,
Phase-IV, G.I.D.C., Vatva, Ahmedabad - 382 445.
Ph. [O] (079) 2584 0108 [R] (079) 2684 0690
M.: 98240 14995

KAMLESH SHAH 9825018180
AMAM MARKETING
SALES PROMOTER
JK LAKSHMI CEMENT Ltd.
207, Sarthak Swastik Char Rasta, C.G.Road, Ahmedabad-380009.
Tel: (0) 079-26407413, 26562649 • (R) 26604912
Email: kms9659@gmail.com

Mukesh M. Savla
M.: 9825034569
Sagar
M.: 987913094
BHAGYODAY QUARRY WORKS
(MINING & CRUSHING INDUSTRIES)
Manufacturer Suppliers & Wholesaler of
Kapchi, Grit, Metal-6mm Wet Mixed, Rubble
& alltype of Construction Material,
Add: Ramnagar, Dhansura, Dist. Sabarkantha (Gujarat)
Email: Savlamukesh2002@redifmail.com, savlamukesh2002@gmail.com

ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ
મો. ૯૮૯૮૧૯૮૬૧૬
દાંતના ડૉક્ટર
૧, ઝલક કોમપ્લેક્ષ, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ.
૧૨, જયશેફાલી રો હાઉસ, શિવરંજની ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ.
મા કમલા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત ડેન્ટલ કોલેજ - બોપાલ

Let's Move towards Nature...
All things will be destroyed with time but time never just like...
शाश्वत Green
Plots & Farmhouse
ACTUAL SITE PHOTOGRAPHS




Site Address : Shashwat Green
Village : Makhiyav, Nr. Mankol Cross Road,
Sanad - Nalsrovar Road, Dist.: Ahmedabad.
Developers
Shashwat Reators
Hasmukh Patel : 9879608051
Vinod Patel : 9879608054
Anupam Patel : 9879608057

સુધારી લેવા જેવી છે પોતાની ભૂલ, ભૂલી જવા જેવી છે બીજાની ભૂલ...
આટલું માનવી કરે કબૂલ...
તો હરરોજ દિલમાં ઉગે સુખના ફુલ.
ઘનશ્યામભાઈ પ્રેમજીભાઈ ઠક્કર
હર્ષ, રિયા અને યશ ઠક્કર
-॥ ઓફિસ ॥-
એફ-૪૨, શુભ કોમ્પલેક્ષ, રાજસ્થાન હોસ્પિટલની બાજુમાં, શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪.
ફોન : ૨૨૮૮૪૧૬૧-૬૨
-॥ ઘર ॥-
એ/૩/૪, ઈલાઈટ એપાર્ટમેન્ટ, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૨૨૮૬૭૯૩૨

Bharat B. Gala
Nanvinchandra D. Dedhia
SRE
Raju ENTERPRISE
179 & 323, Unit-2, G.V.M.M,
Odhav, Ahmedabad-382415
Telefax: 22900896, 22900300
Mob.: 9327005460, 9825733710
RE- ROLLING / S.S PATTA-PATTI

જીવદયા પ્રેમીઓ.... દાનવીર દાતાઓ.....
આપના પરિવારમા આવતા વિવિધ પ્રસંગોએ તેમજ કુદરતી મુશ્કેલભર્યા અવસરોએ
આપના અમુલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાંજરાપોળો તરફ વાળો
કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલાવવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકો છો
અથવા પ્રતિનિધિઓને રૂબરૂ બોલાવી શકશો.
શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન
માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)
કાર્યાલય શ્રી અશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલો માળ, ઓફિસ નં. ૧૨૭ । ૧૩૦
ભુજ - કચ્છ (ગુજરાત), ૩૭૦ ૦૦૧ ફોન : ૦૨૮૩૨ - ૨૨૭૩૦૪ મો. : ૦૯૯૦૪૮૩૧૫૧૪
મુંબઈ ઓફિસ :
માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)
૩૦૭ । ૩૧૧ સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેનશન, ગોકુલ ધામ હોટલની બાજુમા, મુંબઈ ૪૦૦ ૦૦૪
૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦, ૯૯૨૦૨ ૯૮૭૨૬, ૯૯૧૩૯ ૫૩૮૫૬

**શ્રી ગીતાબેન રાંભિયા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ** (ગીતા સેના) રજિ. ન. ઈ૧૦, ૯૧૦

**શ્રી ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ** (ગીતા સેના) રજિ. ન. ઈ૧૧, ૧૯૨

Email : gitaben_rambhiya@yahoo.com • Website : www.gitabenrambhiyatrust.org

ગેરકયદેસર કતલખાને જતા અબોલ જીવોને બચાવી અભયદાન અપાવવાની કામગીરી
અત્યારસુધી ૮૦,૦૦૦ થી વધુ અબોલ જીવોને બચાવેલ છે.
રખડતા બીમાર તથા ઘવાયેલ પશુ-પક્ષીઓને સ્થળ ઉપર સારવાર અપાવવા
એનિમલ હેલ્પલાઈન ચલાવવામાં આવે છે.
અત્યારસુધી ૫૫,૦૦૦ થી વધુ અબોલ જીવોને સારવાર અપાયેલ છે.
કચ્છ થી અમદાવાદ તબીબી સારવાર અર્થે આવતા દર્દીઓને સંસ્થાના કાર્યકર્તાઓ સહાયરૂપ બને છે.
અત્યારસુધી ૬૦૦૦ થી વધુ દર્દીઓને મદદરૂપ થયેલ છે.
સંસ્થાના જીવદયા તેમજ માનવસેવાના કાર્યમા આપ સૌને સહકાર આપવા નર્મ વિનંતી.

૧૧૪૦, ગીતાભવન, માંડવીની પોળ, માણેકચોક, અમદાવાદ - ૩૮૦ ૦૦૧
ફોન : (૦૭૯) ૨૨૧૪૧૧૯૭, ૨૨૧૪૯૫૫૦, ૨૨૧૧૧૪૬૭, ૬૫૪૪૭૫૫૦

**સંસ્થાને આપનુ દાન ૮૦જી(૫) મુજબ કરમુક્તિને પાત્ર છે.**



## Gujarat's Leading Electronic Manufacture

(TOTAL EMS SOLUTION)

**Innovision Systems & Devices**
E-12, Electronic Estate, GIDC, Sector-26, Gandhinagar-382044, Gujarat

**Innovision Systems & Devices Pvt Ltd**
1143, Opp. GEB Sub Station, Chhatral-Kadi Road, Chhatral - 382729, Gujarat

MD-Paresh Shantelal Mehta & Heena Mehta (Nakhatrana-Kutch)
Phone: 0091-79-23287733 Email: innovisionpme@yahoo.com



જીવદયા  કરૂણા  અહિંસા  લુણી  પાંજરાપોળ

## શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર

(લુણી - મુંબઈ) કુ. જ્યોતિ અહિંસાધામ

પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ

પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ અને ટ્રેનીંગ સેન્ટર

બિમાર પશુ-પક્ષીઓનુ દવાખાનુ | એક થી દસ વર્ષ બાળકો માટે પીગી બેંક

**બેસ્ટ પાંજરાપોળ, ગૌશાળા, મહાવીર જીવદયા એવોર્ડ, કચ્છગૌરવ-અહિંસારત્ન**

કાર્યાલય : ૩૧૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, કાનજી મેન્સન, ગોકુલધામ હોટલની બાજુમાં, અલંકાર સિનેમાની પાસે, મુંબઈ - ૪ ફોન : ૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦

કાર્યાક્ષેત્ર : ગામ - લુણી, તાલુકા - મુંદ્રા, જિલ્લો - કચ્છ - ૩૭૦ ૪૧૦
ફોન : ૦૨૮૩૮ - ૨૮૧૧૩૬ • ફેક્સ : ૦૨૮૩૮ - ૨૮૧૨૭૦





II SHRI HARI II

## SHREE SWAMINARAYAN TRAVELS

22, Anilkunj Complex, Paldi Char Rasta, Ahmedabad-7.
Ph. : 079-26579911 • M. : 9825804762, 9099943071
A.C. ROYAL SEMI SLEEPER AND SLEEPER • DAILY SERVICE A.C. COACH

| | | | |
|---|---|---|---|
| • Bhuj | 9825804763 | Gandhidham | 9825804703 |
| • Anjar | 9099943074 | Mandvi | 9099943070 |
| • Una | 9825804253 | Rajula | 9825804754 |

• Div • Pune • Nasik • Sirdi • Mumbai •

| | | | |
|---|---|---|---|
| • Baroda | 9275051712 | Vidyanagar | 9825525732 |
| • Raipur | 9825804761 | | |

• PARCEL SERVICE AVAILABLE • ANY CAR/BUS AVAILABLE •
Visit us : www.sstbus.in



મો.: ૯૯૭૯૮ ૮૧૪૮૭  ફોન : ૦૭૯-૨૬૭૬૩૫૪૪, ૦૭૯-૨૬૭૬૩૪૬૫

## શ્રી હરિ ટ્રાવેલ્સ

યુ-૨૮, રત્નમણી કોમ્પ્લેક્ષ, જોધપુર ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

દર રવિવાર અને પૂનમ

**મહુડી, ખેડબ્રહ્મા, અંબાજી રીટર્ન બસ સર્વિસ**

**લકઝરી, ફોર વ્હીલર ભાડે મળશે.**

## શ્રી હરિ ટ્રાવેલ્સ

પટેલ કાપડ માર્કેટ, ખોડિયાર નગર, સોરઠ પાન પાસે,
બાપુનગર, અમદાવાદ. ફોન :૨૨૭૦૦૬૬૬ / ૭૭૭

Sister Concern
એચ. કે. ટ્રાવેલ્સ
ક્રિષ્ના ટ્રાવેલ્સ







## SHREE SAHJANAND TRAVELS

Visit us: www.sst.bookong.com

**23, Anilkunj Centre, Paldi Char Rasta, Ahmedabad.**

M: 9825801354, 9227101354,
Sateliite: 9825804234, Raipur: 9909911306
Bapunagar: 9825804578, Naroda: 9099970078

**Ahmedabad to Bhuj, Gandhidham, Mundra, Mandvi, Nakhatrana, Kotda, Netra, Rajula, Mahuwa**



## FOR CA STUDENT (C.P.T., IPCC, CA FINAL)

AVOID STUDYING IN BIG BATCH OF 100 - 300 STUDENTS,
WE OFFER GROUP TUITION WITH GROUP OF ONLY 30 STUDENTS

FACULTY :- SHIVANG BUCH
B.Com, C.A., M.F.A., MBA (Fin.) Gold Medalist, N.E.T. (Management)

## Shivang Institute

C/O, Sharda, Magal Tirth Tower-A, Near Dharnidhar Derasar,

Phone No. 9429609484 / 079-22772031



## BLUE EYE

YOUR SPY EYE







ALL TYPE OF CCTV ACCESSORIES AVAILABLE

**For import anything from China to India**
Please contact on below details
China: +86-13410015894 & India: +91 9601271254

**CHINA • INDIA • KENYA**

079 666 31712 / +91 96012 71254 / +91 99099 66554
sales@blueeyetech.in / care@blueeyetech.in
FF 119, Super Plaza, Sandesh Press Road, Vastrapur, Ahmedabad - 380015. INDIA

માહિતી

# ડિપ્રેશન દૂર થઈ શકે ખરું....?



દિનેશ પાંચાલ, જર્નાલિસ્ટ

અમારી મિત્રમંડળીમાં એક સાંજે ડિપ્રેશનની ચર્ચા નીકળી. ડિપ્રેશન એટલે શું? (ઝૂંપડપટ્ટીના વિસ્તારમાં ગરીબી એટલે શું તે કોઈને સમજાવવું પડતું નથી તેમ આજના તણાવયુગમાં ડિપ્રેશનનો અર્થ કોઈને સમજાવવો પડતો નથી.) **નોર્મલ માણસના દિલોદિમાગમાં આનંદ, ઉત્સાહ અને ઉમંગનો થ્રીફેસ કરન્ટ દોડતો હોય પણ અચાનક કોઈ કારણોસર તેના દિલમાં હતાશા, નિરાશા કે ઉદાસીનો હાઈવોલ્ટેજ કરન્ટ દોડવા માંડે ત્યારે ડિપ્રેશન થયું એમ કહેવાય છે.** અમારા બચુભાઈએ ડિપ્રેશન શબ્દને આ રીતે વ્યાખ્યાયિત કર્યો છે : 'ડિપ્રેશન એટલે દિમાગ પર ઉદાસીની ડિપ ઈમ્પ્રેશન...!' બીજા શબ્દોમાં કહીએ તો ડિપ્રેશન એટલે દિલના દરિયામાં ઉદ્‌ભવતી હતાશા - નિરાશાની ભરતી અને આનંદ - ઉત્સાહની ઓટ...! એ ભરતીઓટ અમાસ પૂનમની ઓશિયાળી હોતી નથી. **ડિપ્રેશન ધરતીકંપની જેમ ગમે ત્યારે થઈ શકે છે.** આજનું જનજીવન સંઘર્ષમય બન્યું છે. સવારથી સાંજ સુધીમાં માણસે અનેક સામાજિક, આર્થિક, કૌટુંબિક કે ધંધાકીય સમસ્યાઓનો સામનો કરવો પડે છે. મોંઘવારી, ભ્રષ્ટાચાર, બેકારી, ગરીબી અને કૌટુંબિક કલહો જેવી સમસ્યાઓ માણસની સાથે અહર્નિશ જોડાયેલી રહે છે. ડિપ્રેશન આજના તણાવયુગનો હાથવગો રોગ છે. એમાં મન મુરઝાઈ જાય છે. જીવનમાંથી રસ ઉડી જાય છે. ક્યાંય ચિત્ત ચોંટતું નથી. જીજીવિષા ખતમ થઈ જાય છે, હૈયું ભારે થઈ જાય છે. બોલવાની ઈચ્છા થતી નથી. માણસ નાની નાની વાતોમાં રડી પડે છે. તે શા માટે રડે છે તેની એને પોતાને જ ખબર પડતી નથી.

ઈતિહાસ કહે છે, ડિપ્રેશન સાધારણ માનવીને જ થાય એવું નથી. ઘણા સુપ્રસિદ્ધ લોકો ડિપ્રેશનનો શિકાર બન્યા છે. મહાત્મા ગાંધીજી, જવાહરલાલ નહેરુ, ચર્ચિલ વગેરેએ ડિપ્રેશનથી પીડાવું પડ્યું હતું. અમેરિકાના પ્રમુખ અબ્રાહમ લિંકન તેમજ સુપ્રસિદ્ધ લેખક અર્નેસ્ટ હેમિંગ્વેને ડિપ્રેશન હતું. (હેમિંગ્વેએ તો ડિપ્રેશનને કારણે આત્મહત્યા કરી હતી.) સર આઈઝેક ન્યૂટન પણ ડિપ્રેશનનો ભોગ બન્યા હતા. લેખકો અને કલાકારો વિશેષ સંવેદનશીલ હોય છે. એથી તેઓ જલદી ડિપ્રેશનનો ભોગ બને છે. હિટલર પર હૃદયરોગનો હુમલો થયો ત્યારે તેમણે એક મિત્રને હળવાશમાં કહ્યું હતું : 'તું ડૉક્ટરને પૂછ, આ કયો રોગ હિટલર જેવા જાંબાઝ યોધ્ધાને પડકારી રહ્યો છે? અરે...! કોઈ એ નાદાનને સમજાવો... યુદ્ધ હોય કે જીવન, હિટલરને હરાવવો આસાન નથી...! મેડિકલ સાયન્સ સૂચવે છે કે ડિપ્રેશન દૂર કરવા માટેના પ્રથમ ડૉક્ટર દર્દીએ પોતે જ બનવાનું હોય છે.

ડિપ્રેશનથી બચવા શું કરી શકાય? આમ તો મનોચિકિત્સકો દ્વારા સૂચવાતી દવાઓ જ ડિપ્રેશનનો ઉત્તમ ઉપાય હોઈ શકે. પરંતુ કેટલાક દર્દીઓએ સ્વાનુભવમાંથી શોધી કાઢેલા અનુભવસિધ્ધ ઉપાયો પણ જાણવા જેવા છે. એ ઉપાયો કેવળ ડિપ્રેશનના દર્દીઓને જ નહીં, પરંતુ તંદુરસ્ત માણસ માટે પણ અગમચેતીરૂપ નીવડે એવા છે. દસેક વર્ષ સુધી ડિપ્રેશનથી પીડાયા બાદ હવે જેઓ તેમાંથી સંપૂર્ણ મુક્ત થઈ શક્યા છે એવા એક વડીલનો અનુભવ નોંધપાત્ર છે. વડીલ કહે છે : 'ડિપ્રેશનમાં મન નબળું થઈ જતું હોય છે. એથી ઉત્તમ ઉપાય છે કે તમારી ઉદાસીને છાતીએ વળગાડી ઘરમાં એકલા બેસી રહેવાને બદલે લોકોના સમૂહ વચ્ચે વધુ રહેવાય એવું આયોજન કરો. વડીલે એક ઉદાહરણ આપતા કહ્યું : 'કોઈ માણસને કરન્ટનો જીવતો વાયર અડી ગયો હોય તો સૌપ્રથમ લાકડી વડે તે વાયરનું કનેક્શન તોડવું પડે. ડિપ્રેશન વીજળીના વાયર જેવું છે. વ્યક્તિના મન સાથે હતાશા ડિસકનેક્ટ થવી જોઈએ. એ માટે ઘણાં ઉપાયો છે. મનગમતી પ્રવૃત્તિમાં જાતને રોકેલી રાખો. એકલા પડો ત્યારે પણ માનસિક રીતે તમને ગમતી પ્રવૃત્તિના વિચારોમાં ડૂબેલા રહો. પ્રભુભક્તિથી શાંતિ મળતી હોય તો તેમાં મન પરોવો. યોગા કરો. નવા નવા મિત્રો બનાવો. તેમની જોડે મળી માનવસેવાની પ્રવૃત્તિમાં રસ લો. રોજ મિત્રો સાથે ચાલવા જાઓ. મિત્રો જોડે બેસીને પત્તા જેવી રમત રમો. રાજકારણ કે ફિલ્મો જેવાં મનગમતા વિષયો પર ચર્ચા કરો. દિલને આનંદમાં રાખવા તમારા લેવલે શક્ય હોય તે બધું કરી છૂટો. તમારી ઉદાસી, ચિંતા, દુઃખ વગેરેને તમારી જાત સાથે ટકરાતા અટકાવો. એ માટે સમાજમાં અથવા

તમારી જ્ઞાતિમાં સામે ચાલીને કોઈ મોટી, પડકારરૂપ જવાબદારી સ્વીકારી લો, જે તમને માનસિક રીતે અન્યત્ર રોકી રાખવામાં ઉપયોગી નીવડશે. તમે લોકોના સમૂહ વચ્ચે કામ કરશો તો તમારી જાત અને તમારા દુઃખ વચ્ચે લોકોની હાજરી રહેશે. એ હાજરીને કારણે તમારી હતાશા દબાઈ જશે. વડીલની સલાહ દિમાગમાં ઉતરે એવી છે. દોસ્તો, ઓરડામાં એકલા બેસીને રડતા કોઈ માણસ સમક્ષ મહોલ્લાના પાંચ માણસો હાજર થાય તો શું થાય તે તમે જાણો છો. તેના રૂદનમાં વિક્ષેપ પડે અને તેનું રૂદન અટકી જાય છે. તે રીતે માનસિક દુઃખ અને વ્યક્તિ વચ્ચે અંતરાય ઊભો થતાં દુઃખની અસ્ખલિતતા (કન્ટિન્યૂઈટી) તૂટે છે. ઘરમાં કોક સ્વજનનું મૃત્યુ થયું હોય ત્યારે તે વ્યક્તિની સાથે તેના નીકટના સ્વજનો થોડા દિવસો સાથે રહે છે તે પાછળનું લોજિક પણ આજ હોય છે. વ્યક્તિ એકલી રહે તો તેની આંતરિક વેદનાઓ સાથે તેનું તુરત અનુસંધાન થઈ જાય છે.

એક બીજી વાત પણ જાણી લેવા જેવી છે. માણસ પોતાના સ્વજનોને સુખી કરવા જિંદગીભર ઝઝુમતો રહે છે. પણ ક્યારેક તે બીજાનું ભલું કરવાની કોશિશ કરે છે ત્યારે તેના આનંદની માત્રા બેવડાઈ જાય છે. શ્રી મોટાએ કહ્યું છે : 'ક્યારેક તમારા ભાણામાંથી એકાદ રોટલી ભિખારીના ભૂખ્યા બાળકને આપી જોજો... કોક દુઃખીયાના અશ્રુ લૂછી જોજો... તમારું દુઃખ ભૂલીને કોકને મદદરૂપ થવા ઘસાઈ છૂટજો... તમે દુઃખમાં ડૂબેલા હશો તો પણ થોડીવાર માટે તમારું દુઃખ ભૂલી જશો...!' વાત ખોટી નથી. દિલમાં આનંદ, ઉત્સાહની ઊર્જા વધે તેવી પ્રવૃત્તિ કરવામાં આવે તો માણસના સમગ્ર ચિત્તતંત્રનું ફોકસિંગ અન્યત્ર વળે છે. ફ્રેંચ ફિલોસોફર સ્ટફિને તો ડિપ્રેશનના ઉપાય માટે વિજાતીય મૈત્રીની સલાહ પણ આપી છે. 'ખામોશી' નામની એક ફિલ્મ આવી હતી. તેમાં હતાશાનો ભોગ બનેલા નાયક (ધર્મેન્દ્ર)ને વિજાતીય મૈત્રીથી એક નર્સ દ્વારા કેવી રીતે સાજો કરવામાં આવે છે તેનું સુંદર નિરૂપણ કરવામાં આવ્યું છે. પણ આ ઉપાયમાં ભૂત મરે અને પલિત જાગે તેવું થઈ શકે. અર્થાત્ પતિને ઉપાયરૂપે વિજાતીય મૈત્રીની ટ્રીટમેન્ટ આપવામાં આવે તો શક્ય છે પત્ની ડિપ્રેશનનો શિકાર બની જાય!

- **ધૂપછાંવ :**

ડિપ્રેશનના દરિયામાં ડૂબી મરવા કરતાં પ્રવૃત્તિના સ્વિમિંગ પૂલમાં જાતને તરતી રાખશો તો દુઃખનો દરિયો આસાનીથી તરી જશો.

*સી-૧૨, મજૂર મહાજન સોસાયટી,*
*ગણદેવી રોડ, પો. કાલિયાવાડી,*
*જમાલપોર, નવસારી-૩૯૬ ૪૨૭.*
*મો. ૯૪૨૮૧ ૬૦૫૦૮*

## સફળતાના વિવિધ પગથિયા

**(અનુસંધાન : પાના નં.-૧૧ ઉપરથી ચાલુ)**

અને પ્રકૃતિને અનુકૂળ હોય. સંખ્યાબંધ માણસો ખોટી કારકિર્દી પસંદ કરીને પાછળથી પસ્તાય છે. કારકિર્દી પસંદગી જેવી ગંભીર બાબતને હળવી રીતે લેવામાં અનેક જોખમો રહેલા છે. **માણસે પોતે શું બનવાનું છે અને સમાજમાં કઈ ભૂમિકા ભજવવાની છે, એ વિશેનો નિર્ણય લેવામાં ખૂબ જ શાણપણ દાખવવું જોઈએ અને એકવાર આવો નિર્ણય લેવાઇ જાય એ પછી જે કામ પસંદ કર્યું, એને રૂચિપૂર્વક વળગી રહેવું અને નિષ્ઠાથી એ ફરજ બજાવવી એ સફળતા મેળવવા માટેની અનિવાર્ય શરત છે.** કાર્નેગી આના માટે એડિસનનો દાખલો આપે છે. જેણે અમેરિકાનું ઔદ્યોગિક ચિત્ર બદલવામાં મોટો ફાળો આપ્યો હતો. એણે જે કર્યું, એના માટે એની ઉપર કોઈ ફરજનું બંધન નહોતું અને છતાં એણે પોતાના ઘરને એક પ્રયોગશાળામાં ફેરવી નાખ્યું અને અંતે સફળતા મેળવી. એ કહેતો કે, 'મેં જે કંઈ કર્યું, એ માત્ર મારા મનોરંજન માટે જ કર્યું.' માણસ જે કામ દબાણ હેઠળ અથવા ફરજના ભાગરૂપે, પરાણે અને કમને કરે એમાં ભાગ્યે જ સફળતા મળે. એના સ્થાને, એ નિરપેક્ષભાવે કામ કરે અને ઉત્સાહપૂર્વક કરે તો પરિસ્થિતિ પલટાઈ જાય.

સફળતાનાં સોપાન સર કરીને એના અંતિમ લક્ષ્ય સુધી પહોંચવાનું કામ ધીરજવાળું અને સમય માંગી લે તેવું છે. આ સમયગાળો ઘણીવાર ટૂંકો અને ઘણીવાર ખૂબ લાંબો હોય છે. આ સમયગાળા દરમ્યાન ટકી રહેવું અને સ્વસ્થ રહેવું એમાં કસોટી છે. આપણે સફળતા મળવા સુધી ધીરજ ન રાખી શકીએ તો અડધે રસ્તે જ ભાંગી પડીએ. સફળતાનાં માર્ગનો કોઈ 'શોર્ટ કટ' હોતો નથી. સફળતા મેળવવા માટે સીધા ચઢાણ ચડવાનાં હોય છે. સફળતા મેળવવા માટે માણસ પાસે કોઈ ચોક્કસ ધ્યેય કે લક્ષ્ય હોવું અનિવાર્ય છે. આપણે સો માણસની મુલાકાત લઈએ તો એમાંથી ૯૯ માણસો કહેતા કે મારે સફળ થવું છે પણ કઈ દિશામાં સફળતા મેળવવી છે, કે એમનું લક્ષ્ય શું છે એ અંગે મોટાભાગના માણસો અનિશ્ચિત જ હોવાના. સફળતાની આડેનો આ બહુ મોટો અવરોધ છે. આપણી પાસે રસ્તાની સૂઝ કે દિશાનું ભાન ન હોય તો મંઝીલ કઈ રીતે મળવાની?

*૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી,*
*રાજકોટ-૩૬૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૧) ૨૫૭૫૩૨૭, ૨૫૭૪૩૨૪*

માહિતી

# આપના મેડિકલ રેકોર્ડની ફાઈલ કેવી હોવી જોઈએ?

• ડૉ. મયંક કિશોરચંદ્ર છાયા - એમ.ડી. (આયુર્વેદ) •

ઘરની કોઈ વ્યક્તિ બીમાર પડે અને અચાનક જ હોસ્પિટલમાં દાખલ થવું પડે ત્યારે સ્વાભાવિક રીતે જ આપણે મુંઝાઈ જઈએ છીએ. હોસ્પિટલ જતી વખતે દર્દીની મેડિકલ ફાઈલ સાથે રાખવી ખૂબ જ જરૂરી હોય છે. હૃદયરોગ જેવી ગંભીર પરિસ્થિતિ ઉભી થઈ હોય ત્યારે હોસ્પિટલમાં દાખલ થતી વખતે ફરજ ઉપરના તબીબ આપણને દર્દીની તબિયત વિશે અનેક પ્રશ્નો પૂછી શકે છે. એ સમયે જો યોગ્ય જવાબો ન આપીએ તો પાછળથી મેડિક્લેઇમ મેળવવા બાબતે કે બીલ સરકારશ્રીમાં કે બેંક જેવી સંસ્થામાં પાસ કરાવતી વખતે પ્રશ્નો ઊભા થાય છે. ક્લેઇમ પાસ થતો નથી.

આવું ન થાય તે માટે આપણે અગાઉથી જ મેડિકલ ફાઈલ તૈયાર કરી રાખવી જોઈએ જેમાં નીચેની બાબતો પ્રત્યે વિશેષ ધ્યાન આપવું જોઈએ.

૧. દરેક પેપર રીવર્સ ક્રોનોલોજિકલ ઓર્ડરમાં મૂકવા. જૂના પેપર સૌથી નીચે રાખવા અને નવા પેપર્સ સૌથી પહેલા રાખવા.

૨. જૂના એક્સ-રે, સી.ટી. સ્કેન, એમ.આર.આઈ.ના રીપોર્ટ અને ફિલ્મ જુદા ફોલ્ડરમાં મૂકવા.

૩. જૂના બીલો, મેડિકલ રીપોર્ટનો ભાગ નથી. તેથી એ બીલો અલગ જ રાખો.

૪. ભૂતકાળમાં તમારું કોઈ ઑપરેશન થયું હોય અથવા અન્ય કોઈ બીમારીને કારણે તમે ક્યારેય પણ હોસ્પિટલમાં ભરતી થયા હો, તો તમને હોસ્પિટલમાંથી જે ડિસ્ચાર્જ સમરી મળી હોય, તે તમારી આ ફાઈલમાં અવશ્ય મૂકવી.

૫. તમારી મેડિકલ હિસ્ટ્રી (જૂના રોગો - સારવાર વગેરે) બાબતે એક અલગ પાના પર ટાઈપ કરેલી વિસ્તૃત નોંધ તમારી ફાઈલમાં મૂકી રાખવી અને થોડા થોડા સમયે તે નોંધમાં આવશ્યક્તાનુસાર વિગતો નોંધતા જવી અને નોંધને 'અપડેટ' રાખવી જોઈએ.

૬. તમને કઈ કઈ વસ્તુઓને ઍલર્જી છે? કયા રસાયણોનું તમને ભૂતકાળમાં રીએક્શન આવી ગયું હતું, કયો ખોરાક તમને અનુકૂળ નથી? ડૉક્ટરે તમને અમુક દવાઓ ન જ ખાવી તેવું કહ્યું હોય તો તેનું લિસ્ટ, આ બધી બાબતોની સવિસ્તૃત નોંધ બનાવીને ફાઈલ કરો.

૭. વર્તમાન સમયમાં તમે કઈ કઈ દવાઓ લો છો તેનું લિસ્ટ પણ ફાઈલમાં મૂકો. ગર્ભનિરોધક દવાઓ, વિટામિન્સ, મિનરલ્સ, એલર્જી પ્રતિરોધક દવાઓ અને અન્ય નોન પ્રિસ્ક્રિપ્શન દવાઓનું લિસ્ટ પણ તૈયાર રાખો. આ ઉપરાંત આયુર્વેદિક, હોમિયોપેથિક, યુનાની કે સિધ્ધ મેડિસીનનાં ઔષધો લેતા હો તો તેની પણ નોંધ રાખો. આ દવાઓના બ્રાન્ડ નેમ અને તેના ડોઝ બાબતે ચોક્સાઈપૂર્વક નોંધ કરો.

૮. જો તમે પેસમેકર મૂકાવ્યું હોય, ની રીપ્લેસમેન્ટ કે હીપ રીપ્લેસમેન્ટ કરાવ્યું હોય કે અન્ય કોઈ ઇમ્પ્લાન્ટેડ ડિવાઇસ શરીરમાં મૂકાવેલાં હોય તો તેની નોંધ અવશ્ય રાખો.

૯. તમારી ફેમિલીની મેડિકલ હિસ્ટ્રીની નોંધ રાખો. જેમકે તમારા માતા-પિતા કે ભાઈ-બહેનને ભૂતકાળમાં કમળો, ટી.બી., હૃદયરોગ, બ્રેઈન સ્ટ્રોક, હેમરેજ, કેન્સર વગેરે જેવા રોગો થયેલા છે કે કેમ?

૧૦. હવે તો બજારમાં ઓનલાઇન સોફ્ટવેર મળે છે જેની મદદથી તમે તમારી મેડિકલ હિસ્ટ્રી સારી રીતે નોંધી શકો છો અને સરળતાથી જ્યારે જોઈએ ત્યારે તેનો ઉપયોગ કરી શકો છો. જેમકે www.webmd.com

૧૧. ઈમરજન્સીમાં કઇ વ્યક્તિને સૌપ્રથમ જાણ કરવી? તેની નોંધ તે વ્યક્તિના મોબાઈલ નંબર અને સરનામા સાથે ફાઈલમાં નોંધ કરો.

૧૨. તમારા ફેમિલી ડૉક્ટરના નામ - નંબરની નોંધ ફાઈલમાં અવશ્ય મૂકો.

૧૩. **મૃત્યુ બાદ કે 'બ્રેઇન ડેડ'ની અવસ્થામાં આંખ કે અન્ય અંગોનું તમે 'દાન' કરવા માંગતા હો તો ઓર્ગન ડોનર ઓથોરાઈઝેશનની વિગતો નોંધી રાખો.**

૧૪. તમારો હેલ્થ ઈન્સ્યોરન્સ હોય અથવા મેડિક્લેઇમની પોલિસી હોય તો તેની નોંધ સંપૂર્ણ વિગતો અને ઝેરોક્ષ સાથે ફાઈલમાં મૂકો.

આટલું કરવાથી ઈમરજન્સી વખતે તમે અને તમારો પરિવાર તમારી ટ્રીટમેન્ટ માટે સહેલાઈથી, માનભેર તમને ઉપયોગી થઈ શકશે અને ખોટી અડચણો ઊભી નહીં થાય!

*૧૧/૧૩૦, પૂજા એપાર્ટમેન્ટ, હિંમતલાલ પાર્ક, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. ૯૯૮૦૯ ૫૪૬૯૪*

સ્વાસ્થ્ય

# વારંવાર હાથ ધોવા




ડૉ. મણિલાલ ગડા
(મનોચિકિત્સક)
ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

- **કેસ સ્ટડી :**

૩૬ વર્ષની સુષ્મા (નામ બદલ્યું છે)ને છેલ્લાં ચારેક વર્ષતી વારંવાર હાથ ધોવાની કુટેવ પડી હતી.... બીમારી થઈ હતી. નાનું મોટું કામ કરે કે તરત જ હાથ સાબુથી ધોઈ નાખે. જ્યાં સુધી હાથ સાબુથી ન ધુએ ત્યાં સુધી સુષ્માને મનમાં ચેન ન પડે. ધીમે ધીમે હાથ ધોવાની પ્રક્રિયા વધતી જતી હતી. સુષ્મા હાથ ધોવામાં વધારે ને વધારે સમય વિતાવતી. આથી કામ પૂર્ણ કરવામાં સમય વધારે લાગ્યો તથા યોગ્ય સમયે કામ પૂરું ન થતું.

બે-એક વર્ષથી હાથ ધોવાનું પ્રમાણ ખૂબ જ વધી ગયું હતું. દરેક કામ કર્યા બાદ સુષ્મા ત્રણ વખત સાબુથી હાથ ધોતી. આ દરમ્યાન જો મનમાં શંકા આવે કે સાબુથી હાથ ત્રણ વખત ધોયા નથી તો ફરીથી બીજા ત્રણ વખત સાબુથી હાથ ધોતી. આ પ્રક્રિયાને લીધે –

૧. સમય વધારે જતો. જેને લીધે સમયસર કામ પૂરું ન થતું. જેને લીધે ઘરની અન્ય વ્યક્તિઓને તકલીફ થતી.

૨. હથેળીની ચામડી પર નકારાત્મક અસર થતા ચામડીની સારવાર ચાલુ હતી.

૩. સાબુનો વપરાશ તથા ખર્ચ વધી ગયેલ.

નાહવા માટે પણ સમય વધારે લાગતો હતો. એકથી દોઢ કલાક તો સહેજે નાહવામાં લાગતો હતો. ઘણી વખત બે કલાકથી વધારે સમય લાગતો. સુષ્માને લાગતું કે નાહતી વખતે શરીર બરોબર સાફ થયેલ નથી આથી ત્રણવાર સાબુ લગાડીને નાહતી હતી. આ બધાને લીધે પાણીનો વપરાશ ખૂબ જ વધી ગયો હતો. સુષ્મા નાહવા માટે ૧૦થી ૧૫ બાલટી પાણી વાપરતી હતી ઘણી વખત ઘરમાં પાણી ખલાસ થઈ જતું.

ટોઈલેટમાં પણ સુષ્માને વધારે સમય લાગતો હતો. એકાદ કલાક જેવું થઈ જતું.

બાથરૂમ તથા ટોઈલેટમાં સુષ્માને વધારે સમય લાગવાથી ઘરની અન્ય વ્યક્તિઓને તકલીફ થતી. પતિ તથા બાળકોને તૈયાર થવામાં અડચણો ઊભી થતી હતી.

આ બધાને લીધે રોજિંદુ કામ ઘણું જ મોડું થતું. બપોરનું જમવાનું જે પહેલા ૧.૦૦ વાગે તૈયાર થઈ જતું હતું તે હવે સાંજના પાંચેક વાગે તૈયાર થતું. બાળકોને તથા પતિને સાંજે પાંચ વાગે જમવા મળતું. રાતનું જમવાનું ૯ વાગે તૈયાર મળતું તે હવે રાતના ૧૧.૩૦-૧૨.૦૦ વાગે મળતું.

સુષ્મા પહેલા દરરોજ શાક - ફ્રુટ લેવા માર્કેટમાં જતી હતી. બે એક વર્ષથી શાક લઈને આવે કે તરત જ પહેરેલા કપડાં ધોવા નાખતી કારણકે એને થતું કે કપડાં ગંદાં થઈ ગયા છે, કપડાં પર જીવજંતુ લાગ્યા છે. જો એ કપડાં પહેરી રાખશે તો બીમાર પડશે. આજ શંકા તથા ભયને લીધે બાળકો પણ શાળાએથી આવે કે એમના યુનિફોર્મ ધોવા નાંખતી.

ઘરથી બહાર નીકળતી વખતે સુષ્મા પાંચ વખત અંદર-બહાર થતી તથા છેવટે પાંચમી વખત ઉંબરો ઓળંગ્યા બાદ જ ઘરથી બહાર જઈ શકતી. કાર્યક્રમમાં પહોંચવા માટે મોડું પણ થતું હોય તો પણ આ પ્રક્રિયામાં સુષ્મા ફેરફાર કરી શકતી ન હતી. દરવાજો બંધ કર્યા પછી પણ દરવાજો તથા લોક પાંચ વખત ચકાસતી કે દરવાજો બંધ છે કે નહીં? પતિ ઘણી વખત સમજાવતો કે દરવાજો બરોબર બંધ છે પરંતુ પાંચ વખત ચકાસ્યા બાદ જ સુષ્માને સંતોષ થતો. તેવી જ રીતે ગેસનો ચુલો પણ પાંચ વખત ચકાસે ત્યારે જ સુષ્માને સંતોષ થતો કે ગેસનો ચુલો બંધ છે.

સુષ્માને ઈશ્વર / ભગવાન પર ખૂબ જ શ્રધ્ધા હતી. મંત્રોચ્ચાર નિયમિતપણે પહેલા કરતી હતી. પરંતુ ત્રણેક વર્ષથી મંત્રની દરેક લાઈન પાંચ વખત બોલતી હતી. એમાં પણ જો શંકા આવે તો એ લાઈન બીજા પાંચ વખત બોલતી.

બારેક મહિનાથી ઈશ્વર વિરુધ્ધના વિચારો આવતા હતા. ઈશ્વર જોડે જાતીયતાના (Sex) વિચારો આવતા હતા. આ વિચારોથી સુષ્મા ખૂબ જ અસ્વસ્થ થઈ જતી. પોતાની જાતને અપરાધી માનતી હતી, પાપી માનતી કે હું આવા વિચારો કરું

છું, હું નર્કમાં જ જઈશ. આના કરતાં મરણ સારું... વગેરે.

સુષ્માની ઉપરોક્ત વર્તણૂંક, વિચારો, વ્યવહારને લીધે પતિ તથા બાળકો તંગ આવી ગયા હતા. પતિએ સહાનુભૂતિપૂર્વક ઘણી વખત સમજાવવાની કોશિશ કરી હતી કે આ વિચારો છોડી દે. વર્તણૂંક બદલાવ, આત્મવિશ્વાસથી કામ લે, બધું પહેલાની જેમ નોર્મલ થઈ જશે. સુષ્માની મમ્મી તથા ભાઈએ પણ સમજાવવાની કોશિશ કરી. પરિણામ શૂન્ય આવ્યું.

આ દરમ્યાન બહેનના દીકરાના લગ્ન પ્રસંગે સુષ્માને બહારગામ જવું પડ્યું. આ પંદર દિવસ દરમ્યાન સુષ્માની વર્તણૂંક બહારગામ એકદમ નોર્મલ હતી. વારંવાર હાથ ધોવાનું, કામમાં સમય વધારે લાગવો, નાહવામાં - ટોઈલેટમાં સમય વધારે લાગવો, વારંવાર ચેક કરવું – વગેરે કોઈ તકલીફ ન હતી.

મુંબઈ પાછા આવતા ધીમે ધીમે ઉપરોક્ત તકલીફ પાછી થઈ આવી.

સુષ્માને કુળદેવીના સ્થાનકે જઈ દેશમાં પગે લગાડી આવ્યા. જ્યોતિષ પાસે કહેલ વિધિ કરાવી. ધર્મગુરુ પાસે લઈ ગયા. વિચારો તથા કાર્ય, વ્યવહારમાં ફરક ન પડ્યો. તકલીફ વધતી ગઈ.

એક હિતેચ્છુની સલાહથી છેલ્લાં ઉપાય તરીકે લેખકને કન્સલ્ટ કર્યા.

સુષ્માએ કાઉન્સેલિંગના સેશન્સમાં રડતાં રડતાં જણાવ્યું કે : (૧) હું જે કરી રહી છું (વારંવાર હાથ ધોવાના, ફરી ફરીથી ચેક કરવું, બાથરૂમ ટોઈલેટમાં વધારે સમય લાગવો વગેરે) તે યોગ્ય નથી. મારે આ પ્રમાણે ન કરવું જોઈએ. (૨) પરંતુ આ વિચારો તથા વર્તણૂંક, વ્યવહાર, કામ કરવાની પધ્ધતિ મારા કાબૂમાં નથી. આ પ્રમાણે ન કરું તો મન બેચેન થઈ જાય છે. (૩) મારા મનમાં હંમેશાં ડર તથા ભય રહે છે કે જો હું ત્રણ કે પાંચ વખત એ કાર્ય નહીં કરું તો કાંઈક નુકસાન થશે, કાંઈક અશુભ થશે, મારી મમ્મીને જીવલેણ બીમારી થશે કે મારી દીકરીનું કોઈ અપહરણ કરી એના પર બળાત્કાર કરશે. આવા નકારાત્મક પ્રસંગો ન બને તે માટે આવી વર્તણૂંક કરું છું.

*(ક્રમશઃ)*

## અતીતની અટારીએથી : ૫

**(અનુસંધાન : પાના નં.-૨૬ ઉપરથી ચાલુ)**

કે લાગણીની અપેક્ષા ન રાખી શકે. અત્યારે ઈશ્વરે તેઓને (અંગ્રેજોને) આપણા શાસક બનાવ્યા છે. તેથી આપણે તેઓ (અંગ્રેજો) સાથે મિત્રતા કેળવવી જોઈએ અને તેઓનું હિંદ પરનું શાસન કાયમી અને દ્રઢ રહે, અને બંગાળીઓના હાથમાં ન જાય, તે માટે જરૂરી જે કાંઈ કરવું ઘટે તે કરવું રહ્યું.

★

***નોંધ :*** ઉપરોક્ત વક્તવ્યથી એ માન્યતા ખોટી ઠરે છે કે મહાન કવિ મોહમ્મદ ઈકબાલે 'બે કોમ'નો સિદ્ધાંત ૧૯૩૦માં અલ્હાબાદ ખાતે યોજાયેલી મુસ્લિમ લીગની બેઠકમાં ઉપસ્થિત કર્યો હતો. હકીકતમાં આપણે જોયું કે ૧૮૮૯માં આ વાત સૈયદ એહમદ ખાન કરી ચૂક્યા હતા. એ નોંધવું ઘટે કે તત્કાલીન યુવાન મુસ્લિમ બુધ્ધિજીવીઓ ધીરે ધીરે બ્રિટીશ વફાદીર, હિંદુ વિરોધી, ગુલામ માનસ ધરાવતા અમીર - કુલીન વર્ગની નેતાગીરીથી અસંતુષ્ટ રહેવા લાગ્યા. તેઓમાંના વધુને વધુ યુવાન મુસ્લિમ બુધ્ધિજીવીઓ આધુનિક અને ક્રાંતિકારી રાષ્ટ્રીય વિચારધારા તરફ આકર્ષાવા લાગ્યા. સમયાંતરે મૌલાના મોહમ્મદ અલીની નેતાગીરી નીચે ઉદ્દામ રાષ્ટ્રીય અસહકાર ચળવળ શરૂ થઈ. તેમાં જોડાયેલા બીજા યુવાન નેતાઓ હતા : હકીમ અજમલખાન, હસન ઈમામ, મૌલાના ઝફરઅલી ખાન અને મઝહર ઉલ હક. તદુપરાંત ઈજિપ્તની રાજધાની કેરોમાં સ્થિત પ્રસિદ્ધ અલ અઝહર વિશ્વવિદ્યાલયના હોનહાર સ્નાતક યુવાન મૌલાના અબુલકલામ આઝાદ પણ પોતાના બુધ્ધિગમ્ય તાર્કિક અભિગમ સાથે રાષ્ટ્રીય ચળવળમાં જોડાયા. તેજસ્વી યુવાન વકીલ મોહમ્મદઅલી જીન્નાહ પણ કોંગ્રેસમાં જોડાયા હતા. ૧૯૧૨માં જ્યાર મુસ્લિમ લીગે 'સેલ્ફ ગવર્નમેન્ટ'નો ઠરાવ પસાર કર્યો ત્યારે મુસ્લિમ લીગમાં જોડાવા માટે કોંગ્રેસી મોહમ્મદ અલી ઝીણાને આમંત્રણ મળ્યું હતું. ૧૯૧૨થી ૧૯૨૪ના ગાળા દરમ્યાન રાષ્ટ્રવાદી યુવાનો મુસ્લિમ લીગની બ્રિટીશ વફાદારી ધરાવતી નેતાગીરીથી હાવી અને પ્રભાવી રહ્યા અને કોંગ્રેસની નેતાઓની નજદીક આવતા ગયા.

*ભાવાનુવાદ : ભરત ભટ્ટ (૯૯૦૯૯ ૧૦૦૯૨)*

## આ ગાંડપણ માત્ર આપણામાં જ છે

***આપણે ત્યાં જ્યોતિષીઓ અને ગોર મહારાજોનું જે મહત્ત્વ છે એ અન્ય દેશોમાં નથી. મુહૂર્તો જોવાનું ગાંડપણ આપણા લોકો સિવાય બીજા કોઈ લોકોમાં જોવા મળતું નથી.***

મંતવ્ય

# આ તે શબ્દકોશ છે કે ધર્મકોશ?

• વજેસિંહ પારગી •

પેઢાલપુત્ર, પોટ્ટિલ, સંવર, સાગરોજિત, સુતેજા, અરનાથ, અનંતવિજય, અભિનંદનસ્વામી...

આવા શબ્દો તમે લોક વ્યવહારમાં સાંભળ્યા છે? મેં તો નથી સાંભળ્યા. હજુ થોડા શબ્દો જુઓ : મુનિસુવ્રત, મુનિસુવ્રતસ્વામી, શતકીર્તિ, અનંતનાથ, દેવગુપ્ત, શુદ્ધમતિ... વગેરે વગેરે...

'સાર્થ જોડણીકોશ'ની ૨૦૧૭ની આવૃત્તિમાં સમાવાયેલાં આ બધાં નામ જૈન તીર્થંકરોનાં છે. ૨૪ અતીત, ૨૪ વર્તમાન અને ૨૪ અનાગત એટલે કે ૭૨ તીર્થંકરોના નામ કોશમાં સમાવાયાં છે. મૂળ કોશમાં ચાર-પાંચ તીર્થંકરોના નામ હતાં ને તે પૂરતાં લાગતાં હતા. ૨૦૦૫ની પુરવણીમાં રહી ગયેલા બધા જ તીર્થંકરોના નામ ૨૦૧૭ની આવૃત્તિમાં સમાવી લીધાં. સવાલ એ છે કે આમાનાં મોટાભાગનાં નામ લોક વ્યવહારમાં ચલણી જ નથી. જૂના વખતમાં ચલણી હોત તો 'ભગવદગોમંડળ' ને 'બૃહદ્ કોશ'માં આ નામો નોંધાયેલા મળત. પણ એમ નથી.

કોશમાં મુખ્યત્વે લોક વ્યવહારમાં ચલણી બનેલા શબ્દો ઉમેરાય. આ નામો ચલણી નથી તો આ કોશમાં આવ્યા કેવી રીતે? આ કંઈ જૈન ધર્મનો કોશ નથી, ગુજરાતી શબ્દકોશ છે. હિંદુઓમાં તેત્રીસ કોટિ દેવતાઓ છે તો શું બધાનાં નામ કોશમાં સમાવવાના? વિષ્ણુ સહસ્રનામનાં હજાર નામ કંઈ કોશમાં આપવાના ના હોય. આવા નામોની જેને જરૂર પડે તે ધર્મગ્રંથોમાં કે અન્ય સંદર્ભ ગ્રંથોમાંથી શોધી લે. શબ્દકોશમાં આ નામોનો ઉમેરો નથી બુદ્ધિગમ્ય લાગતો કે નથી શાસ્ત્રીય લાગતો. ડાહ્યાભાઈ દેરાસરીના 'પૌરાણિક કથાકોશ'માં ૧૦,૦૦૦ જેટલા પૌરાણિક પાત્રોનો કથાસહિત વિગતે પરિચય છે. એમાંથી લોક વ્યવહારમાં ચલણી ૨૭૫ જેટલા પાત્રોનો પરિચય 'સાર્થ કોશ'ના પરિશિષ્ટમાં અપાયો એ યોગ્ય લાગે છે. એટલે 'સાર્થ જોડણી કોશ'માં ઉમેરેલા આ ૭૨ તીર્થંકરોના નામ કોઈને પણ ગળે ઊતરે તેમ નથી. મૂળ કોશમાં આપેલાં પ્રચલિત તીર્થંકરોના નામ જ પર્યાપ્ત હતાં. કદાચ કોશ સમિતિમાં કોઈ જૈન હશે ને બધા તીર્થંકરો માટે કોશમાં દેરાસરો બનાવીને જૈનમ્ જયતિ શાસનમ્ કર્યું હોય એવી શંકા જાય છે!

એક બાજુ ઉપરોક્ત લોક વ્યવહારમાં નથી એવા બિનજરૂરી શબ્દો કોશમાં ઘુસાડ્યા છે તો બીજી બાજુ લોક વ્યવહારમાં ચલણી બનેલા સેંકડો શબ્દો કોશમાં છે જ નહીં. મેં મારા કામ દરમિયાન સાર્થમાં ન મળેલા શબ્દોની યાદી કરી હોત તો સેંકડો શબ્દોની યાદી થઈ હોત. પણ મને મારી આળસ ને ઉદાસીનતા નડી. અહીં કેટલાક યાદ આવેલા શબ્દો ટાંકું છું જે જોડણીકોશમાં નથી, પણ રોજબરોજના વપરાશમાં છે.

સ્ક્વોડ, રેટ, વૉરંટી, હિમોગ્લોબિન, હૉર્મોન, નિકોટીન (હું ગુજરાતી શાળામાં ભણ્યો હતો. ચાર દાયકા પછી પણ કોઈ ગુજરાતી કોશમાં નથી.) હાઈવે, ઝમીર, ટેલિકોમ, સગીરા, વીક, વીકલી, સેલ્યુટ, વેટરનરી, એક્સ્કલૂઝિવ, એક્ઝિક્યુટિવ, રિક્રૂટમેન્ટ, મુખ્યમંત્રી, કુટીબંધ, મેરિટાઈમ, પોલિટેકનિક (ચારપાંચ દાયકાથી ચલણમાં), પોર્ચ, હેલ્મેટ, વેલ્ફેર, ફેન (પ્રશંસક), મોંફાટ (મોંફાટ વખાણ), પંગો (પંગો લેવો), રક્તતુલા, રજતતુલા, સુવર્ણતુલા, ડાબ (કાચું નારિયેળ), પરપ્રાંત, પરપ્રાંતીય, કેન્ટોનમેન્ટ, ઓલરાઉન્ડર, એકપાત્રી (નાટક), ઑફબીટ, ગુડવિલ, ડીલ (અં.), પિઠ્ઠુ, બ્લન્ડર, પદૂડી (કાઢવી), રણનીતિ, લક્ષ્મણરેખા, વાણિજ્યિક, અફળાઅફળી, પતંગનૃત્ય?

તળપદા શબ્દોની બાબતમાં તો સાર્થ જોડણીકોશ બહુ દરિદ્ર છે. હમણાં સ્વામી આનંદના પાંચેક પુસ્તકોની પ્રૂફસુધારણા દરમિયાન ઘણા તળપદા શબ્દો કોશમાં મળ્યા જ નહીં. કમ સે કમ સ્વામી આનંદ, પન્નાલાલ પટેલ, ઝવેરચંદ મેઘાણી, જોસેફ મેકવાન, ચૂનીલાલ મડિયા, રઘુવીર ચૌધરીના કથા સાહિત્યમાં વપરાયેલા તળપદા શબ્દો તો કોશમાં હોવા જ જોઈએ!?

*સાભાર : 'દલિત અધિકાર'*

*પ્રાપ્તિ સ્રોત : શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

**ખાલી થઈ જવું એ ખોટ નથી**

*નમ્રતા એ નિર્બળતા નથી,*
*ગરીબી એ દીનતા નથી,*
*માલિકી એ મહત્તા નથી,*
*સફળતા એ સંપ્રાપ્તિ નથી અને*
*ખાલી થઈ જવું એ ખોટ નથી.*

સેલ્ફી

# ગુજરાતનું ખજુરાહો

## સદીઓ પહેલા મંદિરની દીવાલ પર કોતરાયેલી લવ ગાઈડ

ભારતીય પૌરાણિક પરંપરાએ પ્રેમ ઉપરાંત શારીરિક સંબંધનું મહત્ત્વ સ્વીકાર્યું છે. ખજુરાહોનું જગવિખ્યાત મંદિર તેનો જીવતો જાગતો પુરાવો છે. **પુરાતનકાળની સેક્સગાઈડ જેવું એક મંદિર દાહોદ પાસે બાવકામાં આવેલું છે.** દસમી સદીના શિવ મંદિરમાં દેવીની તાંત્રિક યોનિમુદ્રામાં અનાવૃત પ્રતિમા મોજૂદ છે! મંદિરની દીવાલો પર મૈથુનશિલ્પોની વિપુલતાને કારણે તેને 'ગુજરાતનું ખજુરાહો' કહેવામાં આવે છે.

આ મંદિરની ચારેબાજુ કંડારવામાં આવેલ નૃત્ય મુદ્રાવાળી અપ્સરાઓની અંગભંગીનીઓ મનમોહક છે. પુરાતન સમયમાં કામનું જ્ઞાન અને એ વિશેની સમજ અનિવાર્ય ગણાતી કારણકે વાત્સ્યાયન મુનિએ કામને કલાનો દરજ્જો આપ્યો હતો. એ સમયે જાતિય જ્ઞાનના પ્રચાર - પ્રસાર માટેના માધ્યમ મંદિરો હતાં. બાવકા મંદિરની બાહ્ય દીવાલ પર રતિક્રિડાના શિલ્પો જાતીય જ્ઞાનની સાચી સમજ આપે છે. હાલ તો ખંડેર જેવું બની ગયેલું આ પુરાતન શિવાલય પોતાની જાહોજલાલી, વૈભવ અને ઐશ્વર્યની યાદોને તાજી કરતું ઊભું છે. પથ્થરોમાં કંડારેલાં દેવીદેવતાઓ, હાથી, માનવ યુગલો, ઘટનાઓ વગેરે કોતરણી જોવા જેવી છે. દરેક શિલ્પ પર સપ્રમાણ અંગ માપ અને સપ્રમાણ અંગ મરોડવાળી નૃત્ય કરતી અપ્સરાઓની પ્રતિમાઓ તેના ભાવોની સચોટ અભિવ્યક્તિ આ શિલ્પોનું આગવું આકર્ષણ છે. મંદિરની ચારેબાજુ કંડારવામાં આવેલ નૃત્યમુદ્રાવાળી અપ્સરાઓ અને ગાંધર્વ કન્યાઓના આકર્ષક આભૂષણો, અપ્સરાઓની અંગભંગીનીઓ મનમોહક છે.

ભારતીય પુરાતત્ત્વ ખાતાએ તો મંદિરને રક્ષિત જાહેર કર્યું છે પણ ગુજરાત સરકાર મંદિરને ખજુરાહોની જેમ પ્રચલિત કરવામાં સફળ થઈ નથી. ■

સેલ્ફી

# વડોદરાના પરીણિત દિવાન પ્રેમમાં પડ્યા અને તેમાંથી સર્જાયું સૂર્યમંદિર

સવા બસ્સો વર્ષ પહેલાં વડોદરામાં ગોવિંદરાવ ગાયકવાડનું શાસન અને અપાજી ફણશે એમના દિવાન. એક વખત દિવાન રાજા સાથે કાશી ગયા હતા. મણિકર્ણિકા ઘાટ ઉપર દિવાનની નજરું સ્વરૂપવાન બ્રાહ્મણ સ્ત્રી સાથે મળી ગઈ. પણ બંને પોતપોતાની રીતે પરીણિત હતા! અપાજીએ રાજાસાહેબને વાત કરી. ગોવિંદરાવે તુરંત સરયા અને તેના પતિને બોલાવીને વાત કરી કે તારી પત્નીને મારા દિવાન સાથે પ્રેમ થઈ ગયો છે. સમજદાર પતિએ પળવારનોય વિચાર કર્યા વગર સરયાને મુક્ત કરી દીધી. અપાજી સાથે લગ્ન થયા અને દંપતિ વડોદરા પધાર્યું.

અપાજીના પરિવારે વિરોધ કર્યો તો સમાજના બીજા વર્ગો પણ પ્રેમ આડે અડચણો ઊભી કરવા કૂદી પડ્યા. પણ અપાજી પોતાના નિર્ણય પર અડગ હતા. એટલે સરયા તેમની સાથે જ બીજા પત્ની તરીકે રહેવા લાગ્યા. રાજ કારભારમાં વ્યસ્ત અપાજી સરયાને ખાસ સમય આપી શકતા ન હતા. સરયા નવરાશનો સમય ભક્તિમાં પસાર કરતા હતા. સરયાએ પિયુ રાવજીને કહ્યું કે હું સૂર્યનારાયણની ભક્ત છું. મને એક સૂર્યમંદિર બનાવી આપો. પ્રેમને ખાતર અપાજીએ હવેલીની સામે જ મંદિર બનાવી આપ્યું, જે અત્યારે રાવપુરા વિસ્તારમાં આવેલું છે.

મંદિર બન્યા પછી તેના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં પણ બ્રાહ્મણોએ એમ કહીને વિરોધ કર્યો હતો કે મંદિરમાં સીધું જ સૂર્યનું કિરણ પડે છે. માટે શહેરનો નાશ થઈ જશે. માટે નજીકના અણસ્તુ ટેકરી વિસ્તારના અનસુયા મંદિરમાં રહેલી હાથીની વિશાળ પ્રતિમા લાવીને મંદિરના પ્રાંગણમાં ઊભી રાખી દેવાઈ. જેથી મંદિર સુધી સૂર્યોદય સમયે સીધું કિરણ પહોંચતું નથી. ૧૮૦૩માં અપાજીનું અવસાન થયું હતું. તેમના થોડા વર્ષો પછી સરયા પણ તેમની પાછળ સિધાવ્યા. તેમનું પ્રેમ-પ્રતીક બે સદી પછી પણ અણનમ ઊભું છે. ■

# પ્રતિભાવ

'કચ્છશ્રુતિ'નો માસ ઓગસ્ટ-૨૦૧૭નો અંક ઉમદા અને વાંચવા ગમે એવો છે. 'કચ્છશ્રુતિ'ના અંકમાં પ્રકાશિત થતા લેખો અને કાવ્યો ઘણા જ પ્રશંસનીય હોય છે. તંત્રીશ્રીને ધન્યવાદ, અભિનંદન. 'કચ્છશ્રુતિ'માં તંત્રીશ્રીએ લખેલ લેખ '૨૦૧૭ આઝાદી વર્ષે થોડું ચિંતન કરી લઈએ' ઘણો જ સરસ - વાંચવા જેવો છે. ભોલાભાઈ ગોલીબારના લેખમાં રાજા અને ભિખારીની વાત જીવનમાં સમજવા - ઉતારવા જેવી છે.

**'કચ્છશ્રુતિ' ૧૫મી ઓગસ્ટ, ૨૦૧૭ના મુખપૃષ્ઠમાં ગંગા બહતી હૈ... નું દૃશ્ય નયનરમ્ય છે.** એનું દર્શન કરવાથી ભક્તિભાવ જાગૃત થાય છે, મનને શાંતિ મળે છે.

'કચ્છશ્રુતિ' ઉત્તરોત્તર પ્રગતિ કરે એવી અભિલાષા.

***મહાભાઈ વોરા - ભુજ, કચ્છ***

**ગોલીબાર સાહેબને ધન્યવાદ**

'કચ્છશ્રુતિ'નો અંક મારા હાથમાં આવે છે ત્યારે સૌપ્રથમ ગોલીબાર સાહેબની કવિતા વાંચી જાઉં છું અને એમાંથી ગમતી પંક્તિઓ મારી ડાયરીમાં નોંધી લઉં છું.

ઓગસ્ટ અંકમાં તેમની છપાયેલી કવિતાનો પ્રથમ શેર વાંચીને મને અકબર ઈલાહાબાદીનો એક શેર યાદ આવી ગયો. તે શેર છે :

*'અકબર' ડરા નહીં કિસી સુલ્તાં કી ફૌજ સે*
*લેકીન શહીદ હો ગયે બીવી કી નોંક સે!*

સરસ કવિતાઓ બદલ ધન્યવાદ, ગોલીબાર સાહેબ!

***શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

# વિવિધ માહિતી

## વિધાનસભાની ચૂંટણીમાં કયા જિલ્લામાં કેટલી બેઠકો?

| ક્રમ | જિલ્લાનું નામ | સામાન્ય | SC | ST | કુલ બેઠક |
|---|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ૧૯ | ૦૨ | ૦૦ | ૨૧ |
| ૨. | સુરેન્દ્રનગર | ૦૪ | ૦૧ | ૦૦ | ૦૫ |
| ૩. | રાજકોટ | ૧૦ | ૦૧ | ૦૦ | ૧૧ |
| ૪. | જામનગર | ૦૬ | ૦૧ | ૦૦ | ૦૭ |
| ૫. | પોરબંદર | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૨ |
| ૬. | જૂનાગઢ | ૦૮ | ૦૧ | ૦૦ | ૦૯ |
| ૭. | અમરેલી | ૦૫ | ૦૦ | ૦૦ | ૦૫ |
| ૮. | ભાવનગર | ૦૮ | ૦૧ | ૦૦ | ૦૯ |
| ૯. | નર્મદા | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૨ |
| ૧૦. | ભરૂચ | ૦૪ | ૦૦ | ૦૧ | ૦૫ |
| ૧૧. | સુરત | ૧૨ | ૦૧ | ૦૩ | ૧૬ |
| ૧૨. | ડાંગ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ |
| ૧૩. | નવસારી | ૦૨ | ૦૦ | ૦૨ | ૦૪ |
| ૧૪. | વલસાડ | ૦૨ | ૦૦ | ૦૩ | ૦૫ |
| ૧૫. | તાપી | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૨ |
| ૧૬. | કચ્છ | ૦૫ | ૦૧ | ૦૦ | ૦૬ |
| ૧૭. | બનાસકાંઠા | ૦૭ | ૦૧ | ૦૧ | ૦૯ |
| ૧૮. | પાટણ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૪ |
| ૧૯. | મહેસાણા | ૦૬ | ૦૧ | ૦૦ | ૦૭ |
| ૨૦. | સાબરકાંઠા | ૦૪ | ૦૧ | ૦૨ | ૦૭ |
| ૨૧. | ગાંધીનગર | ૦૫ | ૦૦ | ૦૦ | ૦૫ |
| ૨૨. | આણંદ | ૦૭ | ૦૦ | ૦૦ | ૦૭ |
| ૨૩. | ખેડા | ૦૭ | ૦૦ | ૦૦ | ૦૭ |
| ૨૪. | પંચમહાલ | ૦૫ | ૦૦ | ૦૨ | ૦૭ |
| ૨૫. | દાહોદ | ૦૧ | ૦૦ | ૦૫ | ૦૬ |
| ૨૬. | વડોદરા | ૦૯ | ૦૧ | ૦૩ | ૧૩ |
| | **કુલ બેઠકો** | **૧૪૨** | **૧૩** | **૨૭** | **૧૮૨** |

## ૧૯૬૫માં કચ્છ બોર્ડર પર પાકિસ્તાન સાથેના યુધ્ધમાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર આઈએએસ એસ.જે. કોહેલ્હોનું બેંગ્લોરમાં અવસાન

ભારતના વહીવટી ઈતિહાસમાં અનુપમ છાપ છોડનાર આઈએએસ શ્રી એસ.જે. કોહેલ્હોનું જૈફ વયે તાજેતરમાં બેંગ્લોર ખાતે નિધન થયું છે. ૧૯૬૫માં પાકિસ્તાન સાથેના યુધ્ધમાં કટોકટીની પરિસ્થિતિ વચ્ચે યુધ્ધ ફતેહના બીજ રોપનાર કોહેલ્હોને તેમની વિશિષ્ટ કામગીરી માટે પદ્મશ્રી પુરસ્કાર મળ્યો હતો.

ભારતભરના સર્વે કલેક્ટરમાંથી સૌપ્રથમ પદ્મશ્રી થયેલા ગુજરાતના કલેક્ટર એસ.જે. કોહેલ્હો મૂળ ગોવાના હતા. ૧૯૬૫માં ભારત અને પાકિસ્તાન વચ્ચે યુધ્ધ દરમ્યાન એસ.જે. કોહેલ્હો કચ્છના કલેક્ટર હતા. તે વખતે કચ્છ બોર્ડર પર મિલિટરી ફોર્સ ઓછી હતી ત્યારે તેઓએ યુધ્ધની કટોકટી પૂરી ના થાય ત્યાં સુધી બોર્ડરની સૈનિક છાવણીમાં જ રોકાવવાની ભીષ્મ પ્રતિજ્ઞા કરી હતી. આ ઉત્તમ કામગીરી માટે તેમને ભારત સરકાર દ્વારા પદ્મશ્રી પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

# અન્ય સંસ્થાઓના સમાચાર

## Seminar on : "An overview of GST"

ફોકિયા (ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન) અને જીએસટી કમિશનરેટ દ્વારા "An overview of Goods & Services Tax (GST)" પર એક સેમિનારનું તા. ૧૦-૮-૨૦૧૭ના રોજ ભુજ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.

માલસામાન અને સેવાઓના પુરવઠા પર જીએસટી એકમાત્ર કર છે, જે ઉત્પાદકથી ગ્રાહક સુધી છે અને તા. ૧-૭-૨૦૧૭થી અમલમાં આવેલ છે. જી.એસ.ટી.ના overview માટે તથા તેના અમલીકરણને લગતા પ્રશ્નો ઉકેલવા માટે આ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

સેમિનારમાં શ્રી પ્રમોદ વસાવે, કમિશનર, જીએસટી કમિશનરેટ - કચ્છ એ કી-નોટ સ્પીચ આપી હતી અને શ્રી રંજન પ્રકાશ, જોઈન્ટ કમિશનર, જીએસટી કમિશનરેટ - ગાંધીધામ, શ્રી ઝાકીર હુસૈન, જોઈન્ટ કમિશનર, જીએસટી કમિશનરેટ - ગાંધીધામ અને શ્રી ધર્મરાજ કટીક, એડિશનલ કમિશનર, જીએસટી કમિશનરેટ - ગાંધીધામ એ જીએસટી પર માર્ગદર્શન આપ્યું હતું. જી.એસ.ટી. કમિશનરેટ દ્વારા હાજર રહેલા લોકોના પ્રશ્નોના જવાબ આપવામાં આવ્યા હતા. સેમિનારમાં ફોકિયાના એમ.ડી. શ્રી નિમિષ ફડકેએ મેમેન્ટો અને બુકે આપીને શ્રી પ્રમોદ વસાવેનું સ્વાગત કર્યું હતું. આ સેમિનારમાં ૧૫૦થી વધુ લોકોએ ભાગ લીધો હતો જેમાં ઉદ્યોગો જેવા કે ઈલેક્ટ્રોથર્મ, ઈકોપેક, વેલસ્પન, અદાણી, ઓપીજીએસ પાવર, સોલારીસ, સુઝલોન, સાંઘી, યુરો, ઈન્ડિયન સ્ટીલ, યુરો મલ્ટીવિઝન, જીંદાલ, રામા સિલિન્ડર, નાહતા સોલ્ટ, અલ્ટ્રેટ, શ્રી રેણુંકા સુગર, ૨૦ માઈક્રોનસ, મીના એજન્સી, આર્ચિઅન, રૂદ્રાક્ષ ડિટર્જન્ટ, સૂર્યા ગ્લોબલ, સ્ટીલના પ્રતિનિધિઓ તથા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, વેપારી પ્રતિનિધિઓ, કન્સલ્ટન્ટ્સ, વિદ્યાર્થીઓ સામેલ હતા એમ ફોકિયાની એક પ્રેસનોટમાં જણાવાયું હતું.

# પુસ્તક પરિચય

***પુસ્તકનું નામ*** : "કાવ્ય કિરણ" — કાવ્ય સંગ્રહ
***પ્રકાશક*** : કવિ કલા વૃંદ સાહિત્ય સંસ્થા - ભુજ
***સંપાદક*** : દિલીપ આચાર્ય 'દિલકશ' (મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮)
***સહ સંપાદક*** : સુરેશ જેઠી 'અજ્ઞાની'
***મેળવવા સંપર્ક*** : ઓરિએન્ટ કોલોની, ભુજ, કચ્છ

નવોદિત પ્રતિભા તેમજ બાળ સાહિત્યકાર અને દિવ્યાંગ (અપંગ)ને પ્રોત્સાહન સાથે પ્લેટફોર્મ મળી રહે તે ઉદ્દેશથી સાહિત્ય ક્ષેત્રે વિવિધ પ્રવૃત્તિ કરતી સંસ્થા કવિ કલાવૃંદ - ભુજ દ્વારા દર વર્ષે વિવિધ વિષયની કૃતિઓનું પ્રકાશન કરવામાં આવે છે.

આ સંસ્થા તરફથી સાહિત્ય ક્ષેત્રે રસ અને શોખ ધરાવનારને આગળ લાવવા અને ગુજરાતી સાહિત્ય જીવંત રહી સમૃધ્ધ બને તેવા પ્રયત્ન હાથ ધરવામાં આવે છે.

પ્રસ્તુત 'કાવ્ય કિરણ' કાવ્ય સંગ્રહમાં ઋતુ, પર્વ અને બાળ કાવ્ય જેવા વિષયોને સુંદર રીતે આવરી લેવામાં આવ્યા છે.

★

***પુસ્તકનું નામ*** : હલેસાં (કાવ્ય સંગ્રહ)
***રચયિતા*** : ચંદ્રવદન એચ. ધોળકિયા
***મૂલ્ય*** : રૂા. ૭૫/-
***પ્રકાશક*** : લેખકશ્રી સ્વયં

***કવિ છે ના પામર, ને ના તો એ રંક.***
***નિજાનંદી જુએ એ, પાસે સહજાનંદા.***

સિત્તેર વર્ષની વયે પણ ખુમારીની વાત કરતા કવિ ચંદ્રવદનભાઈએ શિર્ષક 'હલેસાં' રાખીને પોતાની શ્રધ્ધા, સાહસ અને ગતિશીલતાનો પરિચય આપી દીધો છે.

કવિના કાવ્યોમાં ક્યાંક પ્રકૃતિ પ્રેમ તો ક્યાંક ઈશ્વર પ્રેમ છે. માણસજાતને ક્યાંક ટકોરે છે.

***'હું સમયની શારડીને થંભવી શકતો નથી***
***ને કરચલી વય તણીને ખેરવી શકતો નથી.***
***કષ્ટો ભલે ને જીવનમાં પડકાર પાથરી રહે,***
***હું તો હૃદયને ગેરમાર્ગે દોરવી શકતો નથી.'***

કવિ જયંતી જોષી જણાવે છે કે કવિએ કવિતા સુંદરીને અધ્યાત્મલક્ષી કે ચિંતનાત્મક ભાવો જેવા અલંકારોથી શણગારી છે. ડૉ. દર્શનાબેન ધોળકિયા કહે છે કે, 'ક્યાંય આડંબરનું નામ નિશાન નથી. જે અનુભવાયું છે તે જ તેમણે લખ્યું છે.

***'અમે બેફામ થઈને કોઈ કલેજું કાતરી બેઠા,***
***અનેરું શિલ્પ સજાવી જગતને ભેટ દઈ જાશું.'***

કવિ પાસે શબ્દસૃષ્ટિનો ખજાનો ખરેખર અજબ ગજબનો છે. વૈવિધ્ય સભર, વતનપ્રેમ, ધર્મપ્રેમ અને માનવ પ્રેમના ઝરણા વહાવતા ચંદ્રવદનભાઈ એટલા તો વહ્યા છે કે તે નદી - મહાધોધ બને અને ત્યારબાદ 'હલેસાં' લઈને આવે ને કહે,

***'અવિરત ચાલતા પ્રવાહમાં મુકામ હવે દૂર નથી.'***

***દિનેશ માંકડ - અમદાવાદ***

# શબ્દ શોધ : ૬૪

મો. ૯૪૨૬૬ ૬૦૪૧૨

● પ્રદીપ જોશી - આદિપુર ●

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | | ૪ | | ૫ |
| | ■ | | ■ | | ■ | | ■ | |
| ૬ | ૭ | ■ | ૮ | | ૯ | ■ | ■ | ■ |
| ૧૦ | | ૧૧ | | ■ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| ■ | ■ | | ■ | ૧૬ | | | | |
| ૧૭ | ૧૮ | | ૧૯ | | ■ | ■ | ૨૦ | |
| ૨૧ | | ■ | | ■ | ૨૨ | | ■ | |
| | ■ | ૨૩ | | ■ | | ■ | ■ | |
| | ■ | ૨૪ | | ■ | ૨૫ | | | |

## આડી ચાવીઓ

૧. ગાયનો નર, મૂર્ખ, ગમાર (૩)
૩. ભાઈ-બહેનનો તહેવાર (૫)
૬. દરેક વ્યક્તિની ઓળખ માટે શું હોય? (૨)
૮. સુગંધ, સોડમ, ખુશબો (૩)
૧૦. ભ્રમર, ભમરો (૪)
૧૨. તત્ત્વ, રસાળતા, લાભ, ફળદ્રુપતા (૪)
૧૬. બનાસકાંઠા જિલ્લાનો એક પૂરગ્રસ્ત તાલુકો (૫)
૨૦. 'શું પીશો? ચા કે શેરડીનો _______?' (૨)
૨૧. અવાજ, ધ્વનિ (૨)
૨૨. કચ્છ જિલ્લાનું મુખ્ય મથક (૨)
૨૩. પાણી, જળ (૨)
૨૪. 'તારક મહેતા કા ઊલ્ટા ચશ્મા' ટી.વી. શ્રેણીમાં દિશા વાકાણીનું નામ શું છે? (૨)
૨૫. વેપારમાં વધારે પડતો નફો કરવાની વૃત્તિવાળું (૪)

## ઊભી ચાવીઓ

૧. નિંદાપાત્ર, અપકીર્તિવાળું (૪)
૨. કપટ, પ્રપંચ, છળ (૨)
૩. પેન્સિલનું લખાણ ભૂંસવા માટે શું વપરાય? (૩)
૪. કેદી (૨)
૫. '_______ તે સૌને ગમે' (૨)
૭. મધ, એ નામનો એક અસુર જેનો ભગવાન શ્રી વિષ્ણુએ વધ કરેલો (૨)
૮. સૂર્ય સંબંધી, સૂર્યને લગતું (૨)
૯. ભગવાન શ્રી રામના વનવાસ દરમ્યાન અયોધ્યાનો રાજા (૩)
૧૧. રૂ (૩)
૧૩. જુવાર બાજરીના કણસલાંવાળા પૂળા (૨)
૧૪. કયા ખાનદાનનું હિંદી ફિલ્મ જગતમાં મોટું યોગદાન છે? (૩)
૧૫. ખબર અંતર, સમાચાર, ખબર (૬)
૧૬. શેરડીના _______ માંથી રસ મળે (૨)
૧૭. ગુજરાતનો કયો જિલ્લો તાજેતરના ભારે વરસાદમાં પાણીગ્રસ્ત બન્યો? (૫)
૧૮. હોડકું (૨)
૧૯. અમદાવાદનું એક રમણિય સ્થળ (૪)
૨૨. 'લગાન' ફિલ્મમાં આમીર ખાનનું નામ શું હતું? (૩)
૨૩. તર્કના પ્રાધાન્યવાળી ચર્ચા, સામસામી તકરાર (૨)

## શબ્દશોધ : ૬૩નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ■ | સ | હ | જ | ■ | અ | ના | જ | ■ |
| મી | ન | ■ | ■ | ચ | ર | ■ | ત | બા |
| રા | મ | ના | થ | કો | વિં | દ | ■ | હ |
| કુ | ■ | ચ | ■ | ર | દ | બા | ત | લ |
| મા | ન | ક | રી | ■ | ■ | ઉ | ર | ■ |
| ર | મા | ■ | ■ | દ | વા | ■ | બ | સ |
| ■ | જ | રૂ | રિ | યા | ત | ■ | ત | ર |
| દા | ■ | ર | વા | ■ | હ | રિ | ર | સ |
| સ | ત | લ | જ | ■ | ર | ■ | ■ | વ |

## શબ્દ શોધ : ૬૨/૬૩/૬૪નો ઉકેલ મોકલાવનારના નામ

- મહાભાઈ આર. વોરા - ભુજ
- રશ્મિ એમ. સાવલા - ભુજ
- દિલીપ કે. શાહ - ભુજ
- જયકિશોર પી. બુચ - ભુજ
- નીલેશ વી. શાહ - ભુજ
- રાધિકા અશોકભાઈ મહેતા - ભુજ
- ચંદ્રકાંત બાબુભાઈ લોડાયા - અમદાવાદ
- સરલાબેન ચંદ્રકાંત શાહ - અમદાવાદ
- બિંદી કેતન રાણા - અમદાવાદ
- જીગરભાઈ આર. દોશી - માધાપર
- વસંતબેન વી. ગોર - ગાંધીધામ

## છૂમંતર થઈ ગયું

એક મટકું માર્યું ત્યાં દેખાતું બંધ થઈ ગયું,
એક ડચકું ખાધું ત્યાં જીવાતું બંધ થઈ ગયું.
જીવી રહ્યો હતો અધ્ધરશ્વાસે આ જીવતરને,
શ્વાસ થંભી ગયો ને શ્વસાતું બંધ થઈ ગયું.

સુખ દુઃખના અવિરત ધોધે સ્થિતપ્રજ્ઞ રહેવું હતું
ચેહના ફડકે સ્થિતપ્રજ્ઞ-સુ એક ઢીમ થઈ ગયું;
સંબંધોના કંઈક તાણાવાણા હું વણતો રહ્યો,
કબરમાં ગયો ત્યાં એ બધું શૂન્ય થઈ ગયું.

મારું-તારું, તૂ-તૂ મૈં-મૈં બધું અહીં થઈ રહ્યું,
એક ઘાત આવી ને બધું છૂમંતર થઈ ગયું;
ના તું રહ્યો, ના હું રહ્યો, ના મૈં-મૈં ના તૂ-તૂ,
કબરમાં સૂતો હું કે ક્યાંય નથી રહેતો હું.

રાગદ્વેષ, ગરુર કેરું ભૂત લઈ જીવાતું હતું,
ભૂત થયા જેવા, એ બધું ભૂતકાળે ભૂંસી ગયું;
સપનાઓના ભંગારે પણ સપના જેવું જીવન રહ્યું,
'આરસી'એથી ખસ્યો, વિલીન મુજ દશ્ય થઈ ગયું.

*રમેશ ચંદુલાલ શાહ 'આરસી' - અમદાવાદ*

## કેટલીય યાદ નીકળે...

જીવનની કિતાબ ખોલું ને કેટલીય યાદ નીકળે,
ને સ્મૃતિની વાટ શોધું ને કેટલીય વાત નીકળે.

આ ઝંઝાવાતી જીવને કેટલીય વેદના નીકળે,
ને નભ મહીં તારાઝુંડમાં કેટલાય લય નીકળે.

આંચકા મહીં ગઢ કાંગરા ખરતાં નીકળે,
ને પથ્થર ફંફોરું ને કેટલાય પોલા નીકળે.

હું ખોવાયો જે મિત્રમાં તેની પહેચાન નીકળે,
હૃદય સ્મૃતિ આવતાં આંખે અશ્રુ નીકળે.

આજીવન સફરનો આખરી અંજામ શું નીકળે,
સ્મિત મહીં 'દિલકશ' રહું ને કોઈક વિષ નીકળે.

*દિલીપ આચાર્ય 'દિલકશ'*
*ઓરિએન્ટ કોલોની પાસે, પ્રથમ શેરી, ઇંદીરા નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*

## દીકરી

કહેવાય જો સમસ્યા દીકરી
તો સમાધાન પણ છે દીકરી.
કાળઝાળ ગરમીમાં
ઠંડી લહેર છે આ દીકરી... કહેવાય જો સમસ્યા...

કહેવાય પારકું ધન છતાં
આપણી તો સાચી મૂડી છે દીકરી
દંભ અને દોર-દમામની દુનિયામાં
ગુપ્ત દાન સમી છે આ દીકરી... કહેવાય જો સમસ્યા..

અહીં પોતપોતાની માંડીને
રોદણા રડ્યા કરે છે બધા
ત્યારે પણ દુઃખને છુપાવતી ને
ઢાંકતી એવી રહેમદિલ છે આ દીકરી... કહેવાય જો સમસ્યા...

તાણને મોકાણ વચ્ચે આ જગમાં
કોણ શાંત છે?
ત્યારે અડીખમ દીવાલ જેવી છે દીકરી
બધાની ઢાલ સમ ઊભી છે આ દીકરી... કહેવાય જો સમસ્યા...

હોય દૂર માતા-પિતાને સ્વજન
તો પણ બધાની ફિકર કરતી આ દીકરી
હવે ખુદને પૂછી જો મા, મને તારાથી દૂર કરવી છે?
અને હૃદય સરસી ચાંપી વ્હાલ કરને મા...!!
કહેવાય જો સમસ્યા દીકરી....

*પૂજ્ય મમ્મી,*

હું તમારી દીકરી જીવનપર્યંત તમને આદર્શ ગણી, તમને અનુસરતી, તમારું અનુકરણ કરતી ક્યારેય તમને આંબી શકીશ ખરી? કારણકે એ તો સાંભળ્યું છે કે ગુરુથી ચેલા કે બાપથી બેટા સવાયા થયા. પણ માથી દીકરી સવાઈ થઈ નથી સાંભળ્યું કે પ્રભુથી ભક્ત સવાયા થયા. દુન્યવી ગણિતમાં એકનું સવાયું હોય, પણ પૂર્ણનું સવાયું હોય? પ્રભુ પૂર્ણ છે, મા, તું પૂર્ણ છે.

*– તમારી દીકરી*

*રમીલા પી. મહેતા - ભુજ*

*ક્રોધ ખરાબ છે કારણકે પહેલાં પરેશાની,*
*પછી પરસેવો અને અંતે પસ્તાવો.*

## હકીકત

શ્રાવણમાં 'રમનાર'ને
સમાજમાં ધિક્કાર છે
પણ
આસોમાં 'રમવાનો' તો
આલમ આખીને અધિકાર છે.

★

ત્યારે દીકરી
મા ને
મા જેવી લાગે છે
જ્યારે
"ચોક"થી રમનાર દીકરી
"ચોક"માં રમવા લાગે છે.

★

કોઈ પાસે
દલાઈ લામા છે
તો
કોઈ પાસે ઓબામા છે
ભાગ્યશાળી ભારત કેટલું?
એની પાસે તો
અંબા મા છે.

*અરવિંદ સોમૈયા - નખત્રાણા, કચ્છ*

## મોંભત વધારીયું

કચ્છમેં અવતરી પાં આનંધ મનાયું,
ને કચ્છી માડુજી હાણે પાં મોંભત વધારીયું.

ખમીરી સે જીએ ઈન કે ધિલકે વધાયું,
જગમેં અવતરીને મોભત હાણેં વધારીયું.

માડુ-માડુકે મિલી કરે મોંભતજી ગાલ્યું,
હાથ મિલાયા હાણેં પાં, ધિલ કે ઝિલાયું.

કચ્છ ધરા જો પાણી હાણેં પાં વતાયું,
વેર કે ભૂલી 'દિલકશ' મહેફિલ હાણેં મનાયું.

*દિલીપ આચાર્ય 'દિલકશ'*
*ઓરિએન્ટ કોલોની પાસે, પ્રથમ શેરી, ઇંદીરા નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*

## ઊઠ ઉઘાડા તા ફેંરેં

**(કચ્છી રચના)**

*– બલવીરસિંહ જાડેજા*

મીલું ભલેં ભંધ થીયું તોય
કપડેજો તોટો નાય.
શોરૂમજો ખરચ કઢેલા,
ધમાકા-સેલ તા કરીયેં,
તોય અજ પણ ઊઠ ઉઘાડાતા ફેંરેં. – (૧)

ચરીયાણ મડે વેંકાજી વ્યા,
ઢગા હલ્યા કતલ ખાને તેં,
ગવતરીયું વસુકીને પ્લાસ્ટીક તી ચબે
કોરો કરીયું અજ પણ ઊઠ ઉઘાડા તા ફેંરેં – (૨)

લોન માફ, અનામતજો રોજ
સજ ઉગેતો આથમણે
જીરે ફોજી જી કિંમત ન કરીએ
શહીદ કરીએ આતંકી ત ડો લખ ડીએં
એડા ઊઠ ઉઘાડા તા ફેંરેં – (૩)

વોટ્સઅપ મેં કોંગરેસ-ભાજપા સામસામે ધારીયું ડીંએ
ગાલ ન સુણાજે એડી મીડીઆ ચર્ચા કરીએં
સોજા થીએ, સઠ ને સઠજા થીએ અઠ
પોય ઊઠ ઉઘાડા તા ફેંરેં – (૪)

નિરાશીત થઈ પંડિત વચાળા સુખ-ડુખ કેં કે ચેં,
હુરિયત વારા ભેરા મડે ભેંરે ઈફતાર મેં
ભૂખે મરેતા કશ્મીરી એડા ભારતમેં
ઊઠ ઉઘાડા તા ફેંરેં – (૫)

ખેડૂજો પુત્તર ઝેર પીએ તોય
બાબુ વધુ ભથ્થા મંગેં
સાંસદ થીએ પંઢ દલા તરવાડી
પોય કીં ન ઊઠ ઉઘાડા ન ફેંરેં – (૬)

સરહદ સોંપી લશ્કર કે,
કમ કરીયું સરદાર (પટેલ) વારે જીં,
બલુચિસ્તાન કે છૂટો કરાયો
ત ચૂપ થીએ ચીનાજી
પોય નેર્યો કી ઊઠ ઉઘાડા ફેંરેં? – (૭)

INSTA-POWER™
Humble Efforts to Provide Quality Power
www.comfortinstapower.com
ISO 9001:2008, Certified Company
DISTRIBUTION TRANSFORMER
11 KV, 22 KV & 33 KV Class
upto 7000 KVA, Confirming to
IS-2026, IS-1180, 2014
OTHER PRODUCTS
■ Furnace Transformer ■ Lighting Transformer ■ Isolation Trnasformer
■ Online UPS ■ Servo Voltage Stabiliser from 1 KVA to 1000 KVA
WE ALSO UNDERTAKE TRANSFORMER MAINTENANCE, REPAIRING & OIL FILTRATION JOB
COMFORT INSTA-POWER LTD.
Corp. & Regd. Office Vadodara. Mo. : 9825374323
Works 1 (Anjar - Kutch) Mo. : 9925203489
Works 2 (Waghodia - Vadodara)



Navin Rajput : 9998540827
Raj Rajput : 9979888123
SHUKRA
Land Developers Ltd.
12, Zodiac Square, 3nd Floor, Opp. Gurudwara,
S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
M. : 8238044222, 8238055222, 8238066222
E-mail : shukraland@gmail.com
Website : www.shukraland.com



M. : 93750 22555 • Ph. : 2756 0480
FORTUNE SURGICALS
• GLUCOMETER • BLOOD PRESURE MONITER • WHEEL CHAIR • NEBULIZER • AIR BED
• WATER BED • PULSE OXIMETER • OXYGEN-FLOW METER • MORNING WALKER
• EXCERCISE CYCLE • MASSAGER • WEIGHING SCALE • SAUNA BELT • HEATING PED
• HOT WATER BAG • THERMOMETER • ADULT DAIPER • TREAD MILL
C-004, Supat-2, Nr. Vadaj Bus Stand, Nr. St. Laurn Hotel, Ashram Road, Ahmedabad-13



Rajesh Shah
Ayu Plus
Herbal Beauty Products
Everyday Herbal Beauty Care
Mfg. of Herbal Cosmetics & Fincg Products
Khadi & Village Industrial Commission Approved.
"Swastik" Opp. Railway Station, Samakhiyali-370150. Kutch-Gujarat (India).
Tele. Fax. : +91 2837 283854 • M. : +91 98790 33484
Email : everydayharbalcare@gmail.com • Web. : www.everydayharbalcare.com



પ્રતાપ બી. ઠક્કર
મો. : ૯૮૨૫૩૫૯૦૩૫
॥ જય જલારામ ॥
જલારામ એસ્ટેટ
બી/૧, બેન્કર્સ કોલોની, ઓધવરામ કોમ્પલેક્ષ, બીજા માળે,
ટાઉન હોલ સામે, ભુજ-કચ્છ. ૨૫૧૩૪૪.
૧૯/૨૦ આદર્શ ટાવર્સ, મુન્દ્રા-કચ્છ.



પિયુષકુમાર નટવરલાલ ધોળુ
નટવરલાલ ધનજીભાઈ પટેલ
(ઓ.) ૦૨૭૧૪-૨૯૪૫૧૩
મો. : ૯૩૭૪૫ ૮૫૬૫૫, ૯૮૨૫૪ ૮૫૬૫૫,
૯૩૭૪૪ ૪૦૨૩૪, ૯૮૨૫૪ ૪૦૨૫૪
શ્રી આશાપુરા ટીમ્બર ટ્રેડર્સ
શ્રી આશાપુરા સિમેન્ટ ડેપો
દરેક જાતના સાગ, સાલ, ચીલ, દેવદાર, આંબો,
લીમડો જલાઉ લાકડા તેમજ પેકીંગવુડ તથા પ્લાયવુડ વેચનાર.
સિમેન્ટ આર્ટીકલ્સ તથા સિમેન્ટના વિક્રેતા તથા સિમેન્ટ પતરા વેચનાર.
ઠે. મધીયા, બગોદરા હાઈવે, ધોળકા-૩૮૨૨૨૫. જિ. અમદાવાદ.



Ajay Shah
T. : +91 7926441050
M. : +91 9327000105
E-mail : admin@shahnet.com
Web. : shahnet.com
Shah Net
Technologies Pvt. Ltd.
406, Tilakraj Complex, Panchavati, Ellisbridge, Ahmedabad-380 006.
: Iolite :
Intellectual Property • Management Software
www.iolite.net.in



A world Class Exterior & Interior Acrylic Paints
Indocem Paints
You Can't buy better even at Higher Price,
Indocem (India) Pvt. Ltd.
(An Iso 9001-2000 Certified Company)
Ahmedabad: 27541226, 27544161, 25743401, Fax. 07927544199,
Bangalore: 080-26758800, 26758028, Baroda: 0265-2412446,2434041
Bhopal: 0755-2556785, Bhuj: 02832-223290, 250959, Goa: 0832-2752582
Hubli: 0836-2251415, Hyderabad: 040-24740401, 55598874
Mangalore: 0824-2410320, 4252325, Mumbai: 022-26858636, 26858639
Nasik : 0253-2511247, Pune: 020-26110951
Rajkot: 0281-2222766, Surat: 0261-2543332

## અવસાન નોંધ

- **બુધવાર, તા. ૨-૮-૨૦૧૭**
  પ્રવીણભાઈ દેવરાજ ગાલા (ઉં.વ.-૬૩)
  (કોટડા રોહા - અમદાવાદ)
- **શુક્રવાર, તા. ૧-૯-૨૦૧૭**
  મુળજીભાઈ લધાભાઈ પટેલ (કર્મયોગ પ્લાયવુડ સેન્ટર)
- **શનિવાર, તા. ૨-૯-૨૦૧૭**
  પ્રવીણચંદ્ર ચીમનલાલ શાહ (ઉં.વ.-૭૬)
  (ભુજ - અમદાવાદ)

***પ્રભુ સદ્‌ગતશ્રીઓના આત્માને શાંતિ બક્ષે તેવી પ્રાર્થના.***

## અભિનંદન



**C.A. કૈલાસદાન કરણીદાન ગઢવી**
**ગુજરાત રાજ્ય, કોંગ્રેસ પાર્ટીના પ્રવક્તા**

રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટીના સર્વોચ્ચ હોદ્દેદારશ્રીઓએ આપને ગુજરાત રાજ્ય, પ્રદેશ કોંગ્રેસ પાર્ટીના સત્તાવાર પ્રવક્તા તરીકેની જવાબદારી તાજેતરમાં સોંપી છે એ બદલ ખૂબ ખૂબ ધન્યવાદ.

આપશ્રી સી.એ. સેલ - યુનિટના ચેરમેનપદે તથા દૂરદર્શન પર રાજકીય ચર્ચા પેનલમાં પાર્ટી પ્રવક્તા તરીકેની મહત્ત્વની કામગીરી અદા કરી રહ્યા છો.

આપશ્રીની રાજકીય તેમજ સામાજિક કારકિર્દી વધુ ઉજ્જવળ બને તેવી અભ્યર્થના સાથે... અભિનંદન.

અત્રે ઉલ્લેખનીય છે કે, શ્રી કૈલાસદાન ગઢવી શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પૂર્વપ્રમુખ છે તથા હાલે ટ્રસ્ટી તરીકે સમાજની વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓમાં રસ દાખવીને હંમેશાં સક્રિય રહે છે. ■

## અભિનંદન

**એલ.જે. સ્કૂલ ઑફ લૉ - અમદાવાદના વિદ્યાર્થી મોહમ્મદ મોહિન યાસીન ગોલીબારનું વિશિષ્ટ સન્માન થયું**



અમદાવાદમાં એસ.જી. હાઈવે ઉપર એલ.જે. કેમ્પસમાં આવેલ એલ.જે. સ્કૂલ ઑફ લૉ ના સિનિયર વિદ્યાર્થીઓ તરફથી પહેલા વર્ષમાં એડમિશન પામેલા વિદ્યાર્થીઓના સ્વાગત - વેલકમ માટે ફ્રેશર્સ પાર્ટી - સ્નેહ મિલનનું તા. ૧૨-૮-૨૦૧૭ના રોજ દેવઆર્ક મોલમાં આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્નેહ મિલનમાં પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓનું જુદા જુદા ટાઈટલ્સ આપીને સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં મોહમ્મદ માહિન યાસીન ગોલીબારને 'મિસ્ટર ફ્રેશર'નું ટાઇટલ બક્ષીને સન્માન કરવામાં આવ્યું હતું.

આ ટાઈટલ એવા વિદ્યાર્થીને આપવામાં આવે છે જે ગુડ લુકિંગ, સ્માર્ટ અને કોલેજમાં વધુમાં વધુ સક્રિય અને મિલનસાર હોય. મોહમ્મદ માહિન ગોલીબારને આ ટાઈટલ ઉપરાંત સ્ટાર બક્સ કંપનીનો કોફી મગ તથા કાચનો ટેબલ - શો પીસ તેમજ જુદી જુદી કંપનીઓના લંચ - ડિનરના તથા અનેક કેશ વાઉચર્સ આપીને ઉચિત સન્માન કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, લોકપ્રિય અને લોકલાડીલા પત્રકાર, શાયર અને લેખક તેમજ 'ચક્રમ-ચંદન' સાપ્તાહિકના સ્થાપક સ્વર્ગસ્થ શ્રી એન.જે. ગોલીબારના મોહમ્મદ માહિન ગોલીબાર પ્રપૌત્ર છે.

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ સંચાલિત ઠાકોરભાઇ ગૂર્જર લાઇબ્રેરી

શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઠાકોરભાઈ ગૂર્જર લાઈબ્રેરીને તા. ૧૭-૮-૨૦૧૭ના રોજ શ્રીમતી લીલાબેન વીસારિયા તરફથી અન્ય ૯૨ પુસ્તકો સપ્રેમ ભેટ મળેલ છે.

શ્રીમતી લીલાબેન વીસારિયાને ખૂબ ખૂબ અભિનંદન.

**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

## કચ્છી નૂતન વર્ષ તથા સરસ્વતી સન્માન કાર્યક્રમ (II) ઉત્સાહપૂર્વક ઉજવાયો

શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો અષાઢી બીજ - કચ્છી નૂતન વર્ષ મિલન સમારંભ તથા સરસ્વતી સન્માનનો સંયુક્ત કાર્યક્રમ મંગળવાર, તા. ૧૫-૦૮-૨૦૧૭ના રોજ એચ.કે. કૉલેજ હોલ, આશ્રમ રોડ ખાતે ખૂબ જ ઉત્સાહપૂર્વક ઉજવાઈ ગયો.

૧૫મી ઓગસ્ટ એટલે રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય દિવસ. તે નિમિત્તે શરૂઆતમાં સૌએ પૂરા સન્માન સાથે રાષ્ટ્રગીત સમૂહમાં ગાઈને રાષ્ટ્ર તેમજ દેશના સૈનિકોને સલામી આપી હતી. તે સાથે સ્ટેજ પર દીપ પ્રાગટ્ય પણ કરવામાં આવ્યું હતું અને ઉપસ્થિત સર્વેને ભાવપૂર્વક આવકાર આપવામાં આવેલ. ત્યારબાદ મંત્રીશ્રી દ્વારા સમાજની વર્તમાન તેમજ આગામી પ્રવૃત્તિઓની વિગત આપવામાં આવી હતી. તે સાથે ઉજવાઇ રહેલા કાર્યક્રમના સૌજન્ય દાતાશ્રીઓ તથા આગામી યોજનાઓ માટે સૌજન્યશ્રીઓની વિગતવાર રજૂઆત કરવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન શ્રી હિમાંશુભાઈ ઠક્કર દ્વારા "જીવન મૂલ્ય પર આધારિત શિક્ષણ" વિષયે ટૂંક પ્રવચન આપવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે, વ્યક્તિ પોતાની પાસેની લક્ષ્મીને દાન - પુણ્ય તરફ વળાંક આપે તો તે લક્ષ્મી મહાલક્ષ્મીનું રૂપ ધારણ કરે છે. જેમાં સરસ્વતી સન્માનની યોજનાઓને અગ્રસ્થાન આપી શકાય. પોતાના વિષય પરત્વે તેમણે જણાવ્યું કે, કોઈપણ વિદ્યાર્થી ચોક્કસ ઉદ્દેશ સાથે આગળ વધે તો જીવનમાં કાંઈક પ્રગતિ હાંસલ કરી શકે. મહાપુરુષોના જીવન સંબંધી પુસ્તકો અગર વિદ્યાર્થીઓ વાંચે અને ત્યારબાદ તેના ભાવાર્થને પોતાના જીવનમાં ઉતારીને પ્રગતિનો હિસ્સો બનાવે તો દરેક વિદ્યાર્થીઓમાં યોગ્ય દિશામાં બદલાવ આવે અને ઉચ્ચ કારકિર્દીનું ઘડતર થાય. જીવનમાં સંગીત અને રમતગમતને પણ મહત્ત્વ આપવાનું તેમણે જણાવ્યું હતું. તેમના પ્રવચન બાદ કાર્યક્રમના મહેમાનોને આવકાર આપીને મંચ પર પોતાનું સ્થાન ગ્રહણ કરવા જણાવવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના પ્રમુખશ્રી અશોકભાઈ મહેતા, મંત્રીશ્રી હિમાંશુ ઠક્કર, અતિથિ વિશેષ તરીકે શ્રી શાંતિલાલભાઈ સાવલા, શ્રી પ્રવીણભાઈ માણેકલાલ રૂડાણી તેમજ દાતાશ્રીઓમાં મંજુલાબેન હરખચંદ સાવલા વતી શ્રી અશ્વિનભાઈ સાવલા, ધનસુખલાલ વીરજી સંઘવી - ઝરિયા વતી શ્રી મગનલાલભાઈ સંઘવી, માતુશ્રી ઝવેરબેન રંગવાલા વતી શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર, નરેન્દ્રભાઈ છગનલાલ શાહ વતી શ્રીમતી કમલબેન શાંતિલાલ શાહ, વિમળાબેન શાંતિલાલ શાહ વતી શ્રીમતી લક્ષ્મીબેન આણંદજી વીરા વગેરે બિરાજમાન હતા. અન્ય એક અતિથિ વિશેષ શ્રી ચીમનભાઈ પલણ અનિવાર્ય સંજોગોને કારણે ઉપસ્થિત રહ્યા નહોતા.

આદરણીય દરેક મહેમાનશ્રીઓનું ઉચિત રીતે સન્માન કરવામાં આવ્યું હતું. પ્રવીણભાઈ રૂડાણીએ પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું કે શ્રી કચ્છી સમાજ - અમદાવાદ ધન્યવાદને પાત્ર છે કારણ કે તેના નેજા હેઠળ સ્થાનિકના દરેક કચ્છી ઘટક સમાજો એક મંચ ઉપર ઉપસ્થિત થાય છે, જે ખરેખર આવકારદાયક છે. અગર સંગઠન હશે તો જ સામાજિક અને સરકારી લેવલે સારા કામ થઈ શકશે તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

ત્યારબાદ સરસ્વતી સન્માનના ભાગરૂપે વિવિધ પ્રકારની શ્રેણીઓમાં ઉત્તીર્ણ થયેલા સમાજના તેજસ્વી તારલાઓનું બહુમાન સર્વશ્રી જગદીશભાઈ ઠક્કર, દીપકભાઈ ચૌહાણ, મુકેશભાઈ ચૌહાણ, સુનિલભાઈ દાવડા, નીતિનભાઈ ગાલા, અમિતભાઈ સુરાના, સંજયભાઈ રાઠોડ, લક્ષ્મીબેન વીરા, રમેશભાઈ ઠક્કર, તુલસીભાઈ કંસારા, અશ્વિનભાઈ સાવલા, ઘનશ્યામભાઈ ઠક્કર, મગનલાલભાઈ સંઘવી વગેરે દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ-૧ થી ૪ના કુલ ૨૧ છાત્રોને રોકડ ઇનામ અને ચોકલેટ બોક્સ આપવામાં આવ્યા હતા. તે ઉપરાંત ધોરણ-૫ થી ૯ના પ્રથમ ત્રણ ક્રમાંકવાળાને રોકડ ઇનામ અને આકર્ષક સર્ટિફિકેટ તેમજ ત્રણ ક્રમાંક સિવાયના બાકી દરેકને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. જ્યારે ધોરણ-૧૦માં સીબીએસસી અને ગુજરાત બોર્ડ મળીને પ્રથમ ત્રણ ક્રમાંકવાળાને શ્રેષ્ઠતા પારિતોષિક હેઠળ રોકડ ઇનામ અને સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા અને બાકીના દરેકને સર્ટિફિકેટથી નવાજવામાં આવ્યા હતા. ધોરણ-૧૨ અને અન્ય વિશિષ્ટ પ્રતિભાશાળી છાત્રોને ખૂબ જ આકર્ષક ટ્રોફી, રોકડ ઇનામ તથા સર્ટિફિકેટ પ્રદાન કરવામાં આવ્યા હતા.

## શ્રી સરસ્વતી સન્માન સૌજન્ય દાતાશ્રીઓની નામાવલિ

| | |
|---|---|
| **ધોરણ-૧૦, ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ) વિશિષ્ટ પ્રતિભા પારિતોષિક સૌજન્યદાતા** | **: મંજુલાબેન હરખચંદ સાવલા** |
| **ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ) વિશિષ્ટ પ્રતિભા પારિતોષિક સૌજન્યદાતા** | **: નરેન્દ્ર છગનલાલ શાહ** |
| **ઉચ્ચ અભ્યાસ શ્રેષ્ઠતા પારિતોષિક (સ્પેશિયલ એચિવમેન્ટ)** | **: ધનસુખલાલ વીરજી સંઘવી ચેરિટેબલ ટ્રસ્ટ** |
| **કન્યા શ્રેષ્ઠતા પારિતોષિક** | **: ઝવેરબેન રંગવાલા** |
| **ધોરણ-૯ શ્રેષ્ઠતા પારિતોષિક** | **: શ્રી રમેશભાઈ રવજીભાઈ ધોરાઈ (મુલુંડ - મુંબઈ)** |
| **ધોરણ-૮ શ્રેષ્ઠતા પારિતોષિક** | **: વિમળાબેન શાંતિલાલ શાહ** |

*શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ઉપરોક્ત સરસ્વતી સન્માન કાર્યક્રમમાં નીચે મુજબ છાત્રોનું બહુમાન કરવામાં આવ્યું હતું.*

**ધોરણ-૧** : વોરા દેવેસી આદિત્યભાઈ, પટેલ નંદિની વિનયભાઈ, શાહ મિહિર, પુજારા ત્રિશા નીરવભાઈ, શાહ રાહિલ પ્રસાદભાઈ

**ધોરણ-૨** : શાહ ભવ્યા તપનભાઈ, શાહ કેયુર પરેશભાઈ, નાગડા ફેરી રાહુલભાઈ, સોની જિલ નીલેશભાઈ, ગાંધી મોનીલ મનીષભાઈ

**ધોરણ-૩** : પટેલ ધ્રુવી જીવરાજભાઈ, પંચાલ પ્રાચી કિરણભાઈ, ઠક્કર પરી સુનિલભાઈ, મહેતા સ્નેહ નિહારભાઈ, પટેલ ભવ્ય જયેશભાઈ

**ધોરણ-૪** : પરમાર રાચી રવિન્દ્રભાઈ, દોશી ક્રિષ્ના સમીરકુમાર, શાહ દ્રવ્ય હાર્દિકભાઈ, ચંદન જાનવી બિપીનભાઈ, કંસારા જેનિષા રવિકુમાર

**ધોરણ-૫** : **પ્રથમ 3 ક્રમાંક** : સોની ભવ્ય નીલેશભાઈ, શાહ કશિશ નીલેશભાઈ, સાવલા ધ્રુવી મનીષભાઈ

**અન્ય** : સંઘવી જૈનમ પંકજકુમાર, પટેલ મિત લક્ષ્મણભાઈ, શાહ ધ્યાન હાર્દિકભાઈ, વરુ પ્રિત અલ્પેશકુમાર, ચૌહાણ હિતાર્થ ગૌતમભાઈ, પંચાલ હિમાંગી કિરણભાઈ, ઠક્કર વિરાંગ અનિલભાઈ, શાહ દર્શના વિરલભાઈ.

**ધોરણ-૬** : **પ્રથમ 3 ક્રમાંક** : પટેલ ઋતુ ભવ્યેશકુમાર, પારેખ હેત્વી પીયૂષભાઈ, શાહ કરિશ્મા આકાશભાઈ

**ધોરણ-૮** : **પ્રથમ 3 ક્રમાંક** : મહેતા શીટ રોહિનભાઈ, શાહ ધ્રુવી કેતનભાઈ, ચૌહાણ હેતા રમેશભાઈ

**ધોરણ-૯** : **પ્રથમ 3 ક્રમાંક** : વસા અદિતિ નીરવભાઈ, ઠક્કર કેવલ રાજેશભાઈ, ચૌહાણ પૂર્વી રમેશભાઈ

**અન્ય** : મહેતા યશ નિખિલભાઈ, સંઘવી હર્ષ પંકજકુમાર, શાહ ખુશ્બુ પરેશભાઈ, મહેતા ધ્રુવી જયેશભાઈ.

**ધોરણ-૧૦** : **અન્ય** : રાજવી કલ્પેશભાઈ શાસ્ત્રી, કાવ્યા રાહુલભાઈ શાહ, ફૈની ચંદ્રેશભાઈ શાહ, સોની તીર્થ લક્ષ્મીદાસ, શાહ ખુશી જીતભાઈ, શાહ વિશુ મેહુલભાઈ, ગોસર કવિશા વિપુલભાઈ, શાહ આકાંક્ષા આકાશભાઈ.

## ધોરણ-૧૦ : મંજુલાબેન હરખચંદ સાવલા શ્રેષ્ઠતા પારિતોષિક

*પ્રથમ* : આયુષ શશીકાંતભાઈ પિંડોરિયા
*દ્વિતીય* : પ્રક્ષાલ ભાવેશભાઈ પારેખ
*તૃતીય* : રાજવી કલ્પેશભાઈ શાસ્ત્રી

## ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ) : નરેન્દ્ર છગનલાલ શાહ શ્રેષ્ઠતા પારિતોષિક

*પ્રથમ* : કેશવી કિરીટભાઈ નંદુ
*દ્વિતીય* : ધૈર્ય રમેશભાઈ પટેલ
*તૃતીય* : ધરણા તારકભાઈ વૈષ્ણવ

## ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ) : મંજુલાબેન હરખચંદ સાવલા શ્રેષ્ઠતા પારિતોષિક

*પ્રથમ* : પ્રશીલ ભાવેશભાઈ પારેખ
*દ્વિતીય* : હેત્વી હીરેનભાઈ જોબનપુત્રા
*તૃતીય* : પ્રિન્સી હર્ષદભાઈ સોની

## કન્યા શ્રેષ્ઠતા પારિતોષિક : ઝવેરબેન રંગવાલા કન્યા શ્રેષ્ઠતા પારિતોષિક

*ધોરણ-૧૦માં પ્રથમ* : રાજવી કલ્પેશભાઈ શાસ્ત્રી
*ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ)માં પ્રથમ* : કેશવી કિરીટભાઈ નંદુ
*ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)માં પ્રથમ* : હેત્વી હીરેનભાઈ જોબનપુત્રા

## સ્પેશિયલ એચિવમેન્ટ

| | | |
|---|---|---|
| મહેતા નિધિ પંકજભાઈ | : | બી.ટેક. |
| શેઠ હિત વિરેન્દ્રકુમાર | : | બી.ટેક. (કોમ્પ્યુટર) |
| ચૌહાણ દીપ હસમુખભાઈ | : | મિકેનિકલ એન્જિનિયર |
| મહેતા હર્ષિલ રસિકભાઈ | : | સિવિલ એન્જિનિયર |
| ઠક્કર જય રસિકકુમાર | : | બી.ટેક. પેટ્રોકેમિકલ્સ |
| મહેતા બંસરી સંદીપકુમાર | : | બી.ઇ. આર્કિટેક્ટ |
| મહેતા રચના દીપકભાઈ | : | એમ.ઇ. કોમ્પ્યુટર |
| પટેલ જીગર વિનોદભાઈ | : | એમ.ઇ. કન્સ્ટ્રક્શન |
| ચૌહાણ અંજલિ નરેન્દ્રભાઈ | : | એમ.ઇ. ઇ.સી. |
| જાડેજા રાજદીપસિંઘ પ્રવીણસિંઘ | : | એમ.બી.બી.એસ. |
| જોબનપુત્રા રોહન હીરેનકુમાર | : | એમ.બી.બી.એસ. |
| દોશી ભાગ્યેશ રાજુભાઈ | : | સી.એ. |

| | | |
|---|---|---|
| વસા અદિતિ નીરવભાઈ | : | સ્કાઉટ એન્ડ ગાઇડ રાજ્ય પુરસ્કાર |
| સ્વાદિયા કૃતાર્થ વિનેશભાઈ | : | સંશોધન ઓટો એન્જિનિયરિંગ |
| જોષી યશ અનિલભાઈ | : | બી.કોમ. |
| સતિયા મૈત્રેયી મિલનભાઈ | : | બી.ઇ. આર્કિટેક્ટ |

આજના કાર્યક્રમની સફળતાને જોઈને શ્રી પ્રવીણભાઈ માણેકલાલ રૂડાણી તથા શ્રી શાંતિલાલભાઈ મૂળજી સાવલા – દરેક તરફથી રૂા. ૨૧ હજાર તેમજ શ્રી અમિતભાઈ સુરાણી – રવિ એન્ટરપ્રાઇઝ તરફથી રૂા. ૧૧ હજાર સમાજને સપ્રેમ ભેટ આપવામાં આવ્યા હતા, જે સર્વે લોકોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધેલ. આજના આ કાર્યક્રમ માટે અન્ય કેટલાક દાતાશ્રીઓ તરફથી દાનની રકમ અગાઉ જાહેર કરવામાં આવી હતી. દાતાશ્રીઓના નામની સંપૂર્ણ યાદી આ અંકમાં અન્યત્ર પ્રસિધ્ધ કરી છે. તે સર્વે દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માનવામાં આવ્યો હતો.

શ્રીમતી અલ્પાબેન મેહુલભાઈ શાહે સમગ્ર કાર્યક્રમનું ખૂબ સુંદર રીતે સંચાલન કર્યું હતું. તેમણે અષાઢી બીજ - કચ્છી નૂતન વર્ષ નિમિત્તે કચ્છી ભાષામાં પણ ખૂબ સારી રીતે રજૂઆત કરીને સર્વેની પ્રશંસા પ્રાપ્ત કરી હતી.

કાર્યક્રમના અંતે પ્રમુખશ્રીએ ઉપસ્થિત મહેમાનશ્રીઓ, સર્વે દાતાશ્રીઓ, હોદ્દેદારો, આયોજનકર્તા, વોલિન્ટિયર્સ, સર્વે વિદ્યાર્થીઓ તેમજ સમગ્ર પરિવારજનનો તેમજ કાર્યાલય સ્ટાફ સભ્યોનો ખાસ આભાર માન્યો હતો. શ્રી દીપકભાઈ ચૌહાણની સામાજિક સંસ્થાના સભ્યોએ સ્ટેજ પરની સંપૂર્ણ કામગીરી સંભાળી હતી. જેના માટે ખાસ આભાર માનવામાં આવેલ.

૧૫મી ઓગસ્ટ તેમજ ગોકુળ અષ્ટમી હોવાના કારણે ફરાળી વાનગીઓનો અલ્પાહાર સૌએ આનંદપૂર્વક માણ્યો હતો.

***દીપક ચૌહાણ, કન્વીનર : સરસ્વતી સન્માન સમિતિ***
***સહયોગ : દિનેશ આર. મહેતા***

***જિંદગીને મધુર બનાવવા ભગવાને આપણને કેટલું બધું આપ્યું છે!***

★ પૂર્વાકાશે પ્રગટતી પ્રભાતી લાલિમા. ★ હસતાં પુષ્પોનો પમરાટ. ★ પવનમાં લહેરાતી ડાળીઓ. ★ નૃત્ય કરતું લીલુંછમ્મ ઘાસ. ★ અગાધ આકાશમાં પાંખ ફેલાવી ઉડતાં પંખીઓ. ★ નિશ્ચલ પહાડો, ઉછળતા દરિયા, વર્ષા લાવતાં મેઘધનુષી વાદળો, સ્મિતભર્યો પ્રકાશ રેલાવતાં તારાઓ. ★ સૂરીલું સંગીત, સુંદર ચિત્ર, કુદરતની કવિતા. ★ શિશુનું વિસ્મય અને ભોળપણનું સ્મિત. – *પ્રત્યેક સૌંદર્ય જોવાની દૃષ્ટિ કેળવીએ.*

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે

*કોઈપણ વ્યક્તિ, સુજ્ઞ વાચકવર્ગને શ્રી કચ્છી સમાજ-અમદાવાદના કાર્યાલયમાં અગર કોઈપણ ખાતા અથવા વિષયની રકમ બેંક ખાતામાં જમા કરાવવી હોય તો સમાજના બેંક ખાતાની વિગત અત્રે જણાવેલ છે.*

| | |
|---|---|
| **નામ** / Name | : **શ્રી કચ્છી સમાજ – અમદાવાદ** / **Shri Kutchhi Samaj – Ahmedabad.** |
| **બેંક** | : **ભારતીય સ્ટેટ બેંક,** પાલડી બ્રાંચ, બોની ટ્રાવેલ્સની બાજુમાં, અમદાવાદ-૩૮૦૦૦૬. |
| **Bank** | : **State Bank of India,** Paldi Branch, B/s. Bony Travels, Ahmedabad-380006. |
| **ખાતા નંબર** | : **૧૦૦૧૧૩૧૫૦૩૯ - A/C No. : 10011315039 • Bank Phone : (079) 26577952** |
| **આઈએફએસ કોડ** | : **IFS Code : SBIN0005306** |

*ઉપર મુજબ કાર્યવાહી બાદ તે ટ્રાન્ઝેક્શનની વિગત આ સમાજને* ***SMS****, વોટસ-અપ, પત્ર અથવા ઈ-મેઈલ દ્વારા કરવી જરૂરી છે.*

**Tel : (079) 26576184, 40076184 • Email : Kutchhisamaj@gmail.com**

**કાર્યાલયનું સરનામું : શ્રી કચ્છી સમાજ-અમદાવાદ** : ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬. **વોટ્સઅપ : ૯૬૦૧૨૭૫૦૭૮**

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

## કચ્છી નૂતન વર્ષ મિલન સમારંભ તથા સરસ્વતી સન્માન કાર્યક્રમ
## દાતાશ્રીઓના સૌજન્ય બદલ આભાર સહ અભિનંદન

શ્રી કચ્છી સમાજ - અમદાવાદે જ્યારે જ્યારે તેના કોઇ સામાજિક કાર્યક્રમના સમયે દાન માટે અપીલ કરેલ છે ત્યારે અમદાવાદ સ્થિત કચ્છી સમાજના પરિવારોએ આ અપીલને હંમેશાં માન સ્વરૂપે નિહાળેલ છે અને એ સમયે સમાજના સખી સદ્‌ગૃહસ્થોએ આ દાનની ઝોળી છલકાવી દીધેલ છે. અહીં અમદાવાદ સ્થિત કચ્છી પરિવારોની શ્રી કચ્છી સમાજ - અમદાવાદની પ્રત્યેની લાગણીના દર્શન થાય છે.

ગત તા. ૧૫-૮-૨૦૧૭ના રોજ શ્રી કચ્છી સમાજ - અમદાવાદે કચ્છી નૂતન વર્ષ અને સરસ્વતી સન્માનનો કાર્યક્રમ યોજેલ હતો. એ સમયે જરૂરી દાન માટે અપીલ કરવામાં આવેલ હતી. અમને જણાવતા આનંદ થાય છે કે આ અપીલને માન્ય રાખી દાતાશ્રીઓએ નીચે મુજબના દાનની જાહેરાત કરી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદની અપીલને યોગ્ય દાદ આપેલ હતી.

| | | | |
|---|---|---|---|
| ★ | શ્રી શાંતિલાલ મુળજી સાવલા | દીપ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ | રૂા. ૨૧,૦૦૦/- |
| ★ | શ્રી પ્રવીણભાઈ માણેકલાલ રૂડાણી | આર.બી. પટેલ એન્ડ કંું. | રૂા. ૨૧,૦૦૦/- |
| ★ | શ્રી હરીશભાઈ રણજીત રંગવાલા | હર્ષા એન્જિનિયર્સ | રૂા. ૧૧,૦૦૦/- |
| ★ | શ્રી જગદીશભાઈ રવજીભાઈ ઠક્કર | જે.આર.જે. ફુડ્સ પ્રા.લિ. | રૂા. ૧૧,૦૦૦/- |
| ★ | શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ | ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય | રૂા. ૧૧,૦૦૦/- |
| ★ | શ્રી હીરાલાલ કરમશીભાઈ ધોળુ | મહાલક્ષ્મી કન્સ્ટ્રક્શન ગ્રુપ | રૂા. ૧૧,૦૦૦/- |
| ★ | શ્રી કૈલાસદાન કરણીદાન ગઢવી | વી.કે. જિંદાલ એન્ડ કંું. | રૂા. ૧૧,૦૦૦/- |
| ★ | શ્રી અનિલ રામજી હરિયા | દેવલ ડેવલપર્સ | રૂા. ૧૧,૦૦૦/- |
| ★ | શ્રી મહેન્દ્રભાઈ મોરબિયા | બી.એમ.સી.બી. બેંક | રૂા. ૧૧,૦૦૦/- |
| ★ | શ્રી કીર્તિભાઈ મણિલાલ બારૂ | કતીરા કન્સ્ટ્રક્શન કંું. | રૂા. ૧૧,૦૦૦/- |
| ★ | શ્રી આનંદભાઈ ચુનીલાલ વોરા | અરિહંત એનર્જી લિમિટેડ | રૂા. ૧૧,૦૦૦/- |
| ★ | શ્રી ધવલભાઈ આચાર્ય | રોયલ ગ્રુપ | રૂા. ૧૧,૦૦૦/- |
| ★ | શ્રી અમિતભાઈ ભવાનજી સુરાણી | રવિ એન્ટરપ્રાઇઝ | રૂા. ૧૧,૦૦૦/- |

શ્રી જગદીશભાઈ ઠક્કર (જે.આર.જે. ફુડ્સ) તરફથી ટ્રોફીના ૧૨૦ ગીફ્ટ પેક પણ પ્રાપ્ત થયેલ છે.

*શ્રી કચ્છી સમાજ - અમદાવાદ, ઉપરોક્ત દરેક દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

**હિમાંશુ ઠક્કર**
**માનદ્‌ મંત્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

- ★ *ઘૃણા જીવનને સ્થગિત કરે છે. – પ્રેમ જીવનને મુક્ત કરે છે.*
- ★ *ઘૃણા જીવનમાં વિસંવાદિતા લાવે છે. – પ્રેમ જીવનમાં સુમેળ સાધે છે.*
- ★ *ઘૃણા જીવનને અંધકારમય બનાવે છે. – પ્રેમ જીવનમાં પ્રકાશ પાથરે છે.*

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ

## ઓગસ્ટ - ૨૦૧૭

★ **મંગળવાર, તા. ૧-૮-૨૦૧૭**

- નવરાત્રિ કાર્યક્રમના પાસો વિવિધ કેન્દ્રોમાંથી વિતરણ કરવા અંદાજિત ૧૫ જેટલી જગ્યાએ ફોન કરી, એ સ્થળો નક્કી કર્યા.

★ **બુધવાર, તા. ૨-૮-૨૦૧૭**

- તા. ૧૫-૮-૨૦૧૭ના સરસ્વતી સન્માન કાર્યક્રમના આમંત્રમ પત્રો વિવિધ મહાનુભાવોને મોકલવાના શરૂ કર્યા.
- શ્રી દીપકભાઈ ચૌહાણ પાસેથી સરસ્વતી સન્માનના સન્માનપાત્ર વિદ્યાર્થીઓનું સ્ટેટમેન્ટ આજરોજ મળી ગયેલ છે. તેના શિલ્ડ, સર્ટિફિકેટ, કવર વગેરે તૈયાર કરાવવાની કાર્યવાહી શ્રી મનુભાઈ કોટડિયાએ આરંભી દીધેલ છે. દરેક વિદ્યાર્થીને ઉપસ્થિત રહેવા આમંત્રણ પત્રો તૈયાર કર્યા.
- દીપોત્સવી તહેવારના મિષ્ટાન્ન, ડ્રાયફ્રૂટ, ગિફ્ટ પેકિંગ વગેરે મેળવવા વિવિધ પાર્ટીઓના સંપર્ક કરવાનું શરૂ કરેલ છે.

★ **બુધવાર, તા. ૯-૮-૨૦૧૭**

- તા. ૧૫-૮-૨૦૧૭ના કાર્યક્રમ સામે રૂા. ૧૧,૦૦૦/- નું ૧ એવા વિવિધ સૌજન્ય, સમાજના મહાનુભાવો પાસેથી મેળવવાની શરૂઆત કરી.
- તા. ૧૫-૮-૨૦૧૭ના કાર્યક્રમના એક અતિથિ વિશેષ એવા શ્રી પ્રવીણભાઈ રૂડાણીની મુલાકાત શ્રી અશોક મહેતા, શ્રી મનુભાઈ કોટડિયા તથા શ્રી અમિતભાઈ સુરાણી દ્વારા લેવામાં આવી.
- તા. ૧૫-૮-૨૦૧૭ના કાર્યક્રમનો મિનિટ ટુ મિનિટ પ્રોગ્રામ ફાઈનલ કરવામાં આવ્યો.

★ **ગુરુવાર, તા. ૧૦-૮-૨૦૧૭**

- નવરાત્રિ કાર્યક્રમના એન્ટ્રી પાસની પાછળ વિવિધ વ્યવસાયના નામ પ્રસારિત કરવા ધોળુ કન્સ્ટ્રક્શનના શ્રી કલ્યાણજીભાઈ પ્રેમજીભાઈ પટેલ સાથે ચર્ચા કરી તેમનું નામ ફાઈનલ કરવામાં આવ્યું.

★ **મંગળવાર, તા. ૧૫-૮-૨૦૧૭**

- કચ્છી નૂતન વર્ષ મિલન સમારંભ તથા સરસ્વતી સન્માનનો કાર્યક્રમ આજરોજ એચ.કે. કૉલેજના હોલમાં બહોળી સંખ્યાની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો. 'જીવન મૂલ્યો આધારિત શિક્ષણ' પર શ્રી હિમાંશુ ઠક્કરે વક્તવ્ય આપેલ હતું. શ્રી શાંતિલાલ મુળજી સાવલા તથા શ્રી પ્રવીણભાઈ રૂડાણી અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેલ હતા. શ્રી પ્રવીણભાઈ રૂડાણીનું પ્રવચન પ્રસંગને અનરૂપ હતું. લગભગ ૮૦ વિદ્યાર્થીઓના સન્માન વિવિધ પારિતોષિક યોજના હેઠળ કરવામાં આવેલ હતા. શ્રી દીપકભાઈ ચૌહાણે સરસ્વતી સન્માનની જવાબદારી યોગ્ય રીતે અદા કરેલ હતી. શ્રીમતી અલ્પા શાહનું એન્કરિંગ લોકોને સમગ્ર કાર્યક્રમમાં જકડી રાખે તેવું હતું. જન્માષ્ટમી હોવાના કારણે અલ્પાહારમાં ફરાળી વાનગીઓ પીરસવામાં આવી હતી.

★ **ગુરુવાર, તા. ૧૭-૮-૨૦૧૭**

- શ્રીમતી લીલાબેન વીસરિયાને ત્યાંથી શ્રી ઠાકોરભાઈ ગૂર્જર લાઈબ્રેરી માટે બીજી ૯૨ બુક્સ આજે સમાજ પર આવી.

★ **શુક્રવાર, તા. ૧૮-૮-૨૦૧૭**

- દીપોત્સવી વાનગીઓ માટે બંસીરામ ગ્રુપની મુલાકાત લઈ તેઓન કેટલીક પ્રોડક્ટના ભાવ વ્યાજબીપણે નક્કી કરવામાં આવ્યા.

★ **શનિવાર, તા. ૧૯-૮-૨૦૧૭**

- તા. ૨૬-૮-૨૦૧૭ની ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિની સંયુક્ત મીટિંગના પરિપત્ર તૈયાર કરવામાં આવ્યા.
- શ્રી પી.સી. શાહ - ભુજથી દીપોત્સવી તહેવાર માટેના પાપડપુરી, મઠિયા તથા ચોળાફળીના ભાવપત્રક આવી ગયા.

★ **સોમવાર, તા. ૨૧-૮-૨૦૧૭**

- નવરાત્રિ કાર્યક્રમના અનુસંધાને વિવિધ બેનર માટે

સમાજના સભ્યોનો સંપર્ક કરવાની શરૂઆત કરી.

★ **શનિવાર, તા. ૨૬-૮-૨૦૧૭**

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિની એક સંયુક્ત મીટિંગ મળેલ હતી. (૧) સરસ્વતી સન્માન કાર્યક્રમના હિસાબો આ સભા સમક્ષ રજૂ કરવામાં આવેલ હતા. (૨) સંસ્થાની બાકી રહેતી ઉઘરાણીનું લિસ્ટ શ્રી મનુભાઈ કોટડિયા આવતા દિવસોમાં તૈયાર કરાવી આપશે. (૩) સામાજિક સુરક્ષા સમિતિના કન્વીનર શ્રી જેન્તીભાઈ લાકડાવાલાએ અત્યાર સુધી કરવામાં આવેલ કાર્યવાહીનો રીપોર્ટ આ સભા સમક્ષ રજૂ કરેલ હતો. (૪) તા. ૨૪-૯-૨૦૧૭ના નવરાત્રિ કાર્યક્રમ વિશે અને સાન્નિધ્ય પાર્ટી પ્લોટના અત્યાર સુધીના હિસાબ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી. (૫) સરનામા - ટેલિફોન ડિરેક્ટરીના કન્વીનરશ્રીની અનુપસ્થિતિમાં એ વિષયે ચર્ચા થઈ શકેલ ન હતી. (૬) બાકી રહેતી કાર્યવાહી અંગે શુક્રવાર, તા. ૮-૯-૨૦૧૭ના રોજ ફરી સંયુક્ત મીટિંગ બોલાવવાનું નક્કી કરવામાં આવેલ હતું.

★ **સોમવાર, તા. ૨૮-૮-૨૦૧૭**

- શનિવાર, તા. ૨૬-૮-૨૦૧૭ના રોજ મળેલ ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિની સંયુક્ત મીટિંગની મિનિટ્સ બધા જ ટ્રસ્ટીશ્રીઓને તથા કારોબારી સભ્યોને મોકલી આપવામાં આવી.

★ **મંગળવાર, તા. ૨૯-૮-૨૦૧૭**

- શ્રી જીજ્ઞેશભાઈ ઠક્કર આજે સમાજની ઓફિસ પર આવેલ હતા. દીપોત્સવી પ્રસંગે કાજુ કતરી તેઓશ્રી બનાવી આપે છે. તેમની સાથે કાજુ કતરીના જરૂરી ભાવતાલ નક્કી કરવામાં આવ્યા.

★ **ગુરુવાર, તા. ૩૧-૮-૨૦૧૭**

- આજરોજ સાન્નિધ્ય પાર્ટી પ્લોટની મુલાકાત લેવામાં આવેલ હતી. ચાલુ વર્ષના તા. ૨૪-૯-૨૦૧૭ના કાર્યક્રમની સામે તેમને જરૂરી એમાઉન્ટના એડવાન્સનો ચેક આપવામાં આવેલ હતો. ■

## અભિનંદન



**શ્રીમતી અલ્પા મેહુલ શાહ**

શ્રી કચ્છી સમાજ - અમદાવાદની એવી કેટલીય વિશિષ્ટ પ્રતિભાઓ છે જેમણે વિવિધ ક્ષેત્રમાં અનોખી કાર્યશૈલી અપનાવીને અન્ય માટે એક દૃષ્ટાંતરૂપ બન્યા છે. તેઓ માત્ર તેવી કામગીરી કરી રહ્યા છે એટલું જ નહીં પરંતુ તેમાં પોતાની પ્રવીણતા, કલા-કૌશલ્યનું નિરૂપણ કરીને એક પ્રકારની અલાયદી સિદ્ધિ હાંસલ કરી છે. તે પૈકી એક વ્યક્તિ એટલે કચ્છી સમાજ - અમદાવાદના શ્રીમતી અલ્પા મેહુલ શાહ. જેઓ લાંબા સમયથી ટી.વી. - દૂરદર્શન સાથે ન્યુઝ રીડર, એનાઉન્સર તથા પ્રોગ્રામ ઓર્ગેનાઇઝર તરીકે સંકળાયેલા છે. તે ઉપરાંત, સ્થાનિક, રાજ્ય તેમજ રાષ્ટ્રીય કક્ષાના અનેક કાર્યક્રમોમાં એક સફળ એંકર તરીકે પણ પોતાની કામગીરી કરી રહ્યા છે. શ્રી નરેન્દ્ર મોદી તથા અન્ય રાષ્ટ્રીય નેતાઓ, સમાજ અગ્રણીઓ વગેરેના કાર્યક્રમો, નવરાત્રિ ઉત્સવ તથા અમદાવાદમાં કાંકરિયા લેક પર યોજાતા મનોરંજન અને ગુજરાતની લોક સંસ્કૃતિના કાર્યક્રમોમાં પણ તેમણે એંકર તરીકે સારી નામના પ્રાપ્ત કરી છે.

આવી અનેકવિધ પ્રતિભા ધરાવનાર શ્રીમતી અલ્પાબેનની તાજેતરમાં ઓલ ઇન્ડિયા રેડિયો - અમદાવાદ દ્વારા એનાઉન્સરની પેનલમાં પસંદગી થઇ છે. આ રીતે કોઈપણ સમયે ઓલ ઇન્ડિયા રેડિયોના કાર્યક્રમોમાં પણ તેમનો મધુર ધ્વનિ ગુંજી ઉઠશે.

દૂરદર્શન અને ઓલ ઇન્ડિયા રેડિયો – બંને ક્ષેત્રમાં તેઓ વધુ ઉજ્જવળ સિદ્ધિઓ હાંસલ કરતા રહે તેવી શુભેચ્છા સાથે ખૂબ ખૂબ અભિનંદન. ■

*★ બોલતા પહેલાં સાંભળો. ★ લખતા પહેલા વિચારો. ★ ખર્ચતા પહેલા કમાઓ.*

*★ મૂડીરોકાણ કરતા પહેલા તપાસ કરો. ★ નિંદા કરતા પહેલા ચકાસો. ★ પ્રાર્થના કરતા પહેલા માફી આપો.*

*★ છોડી દેતા પહેલા કોશિશ કરો. ★ નિવૃત્ત થતા પહેલા બચત કરો. ★ મૃત્યુ પામતા પહેલાં વહેંચો.*



Sunil R. Suthar : 97237 50005
Mansukh R. Suthar : 98250 14528
Ratilal M. Suthar : 93742 04600

HOME DESIGN
FURNITURE
Showroom & Mfg. of Wooden Furniture

Specialist for
Dining Table
Sofa Set
Bedroom Set

Shop No. 102, 1st Floor,
Sarthak-II, Opp. Rajpath Club,
S. G. Highway, Ahmedabad-380 051.
Email : homedesign3202@gmail.com

INDOTEX
PAINTS
● DURABLE ● DECORATIVE ● PROTECTIVE
Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 • M. : 9909444598 • Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in • Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 • Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnatanka, Goa, Andhra Pradesh

જગદીશભાઈ શીવરામભાઈ મજીઠિયા (ઠક્કર)
ઉપપ્રમુખ : શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
પ્રમુખ : શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ, અમદાવાદ
સુગર બ્રોકર :
મોમાઈ સુગર કોર્પોરેશન - અશ્વિન : ૯૭૨૩૧૧૧૧૫૫
મહાકાલ સુગર સપ્લાયર્સ - ત્રિવિન : ૯૯૦૪૫૭૭૫૫૫
માધુપુરા માર્કેટ, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.

H. Patel & Associates
Chartered Accountant
Contact:
Harsukh Patel 9825070384
Ghanshyam Patel 9426172584
80, Pankaj Society, Near Anjali BRTS, Anjali Char Rasta,
Paldi Bhatha, Ahmedabad. Ph: (079) 25331982

આપના ફર્નિચરની દીર્ઘાયુષની ખાત્રી સાથે
ઈમ્પોર્ટેડ પાઈનવુડના M.R., B.W.P.,
ફલસડોર, બ્લોકબોર્ડ, પ્લાયવુડ
વિલમોર પ્લાય પ્રા.લિ.
All Products
ભચાઉ-અંજાર રોડ, મુ. વરસામેડી, તા. અંજાર,
જિ. કચ્છ E-mail : willmoreply@yahoo.com
સંપર્ક :
નરસિંહભાઈ એન. પટેલ - ૯૮૨૫૨ ૪૩૫૫૭
ચંદ્રકાન્તભાઈ ઘોઘારી - ૯૮૨૫૦ ૩૨૦૫૪
અર્જુનભાઈ પટેલ - ૯૪૨૭૬ ૧૪૩૩૦



AMBICA TIMBER MART
logs. lumber. select veneers.
THE AARYAN (Construction Company)
FORESTRY PRODUCTS (Export and Import)
ALL NATURAL (Agro and Mineral Products)
Opp. The Grand Bhagwati, S.G.Road, Bodakdev, Ahmedabad - 54.
Tel: 079 - 26855764, 26852438, 65416036 Fax: +91-79 - 26855804
E-mail: ambica9002@yahoo.co.in Website : www.ambicatimbermart.com

Available on HIRE
- Gas Engine Driven Generators
Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

We Provide
- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



Corporate Office :
Deep Industries Limited
6th Floor, N.G. Tower,
Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

Registered Office :
Deep Industries Limited
Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

MAHESHBHAI M. : 92272 11715
SWASTIK
GUM INDUSTRIES (INDIA)
MANUFACTURERS & EXPORTERS OF
Guar Gum Refined Splits,
Powder & All Types of Textile Thickners,
Korma, Churi (Cattle Feed), Spices & Crude Drugs
328, G.V.M.M. Vasahat, Odhav, Ahmedabad-382 415.
Phone : (O) 2290 0063, 2290 0064 (R) 2287 0062
Fax : 91-79-2290 0065 E-mail : sgi@bom3.vsnl.net.in

REGD. NO. GAMC/1028/2015-17 VALID UPTO 31-12-2017 • R.N.I. 46515/87, DATE : 16-3-88
PUBLISHED ON 10TH OF EVERY MONTH • POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH

મારુ સ્વાસ્થ્ય - મારી હોસ્પિટલ
કેર ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીઝ
સીમ્સ હોસ્પિટલ - સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર
શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
એપોઈન્ટમેન્ટ માટે : ૯૧-૭૯-૩૦૧૦૧૨૦૦, ૩૦૧૦૧૦૦૮
મો. : +૯૧-૯૮૨૫૦ ૬૬૬૬૧ • ફેક્સ : +૯૧-૭૯-૨૭૭૧૨૭૭૦
Email : opd.rec@cims.me
ફોન : +૯૧-૭૯-૨૭૭૧ ૨૭૭૧-૭૫ (પાંચ નંબર)
Email : info@cims.me • Web. : www.cims.me

PRARAMBH
"ek nayi Zindagi ka"
Kailashdan Gadhavi
Prarambh Buildcon Ahmedabad LLP
307, Third floor,
3rd Eye One,
Near Panchvati,
C. G. Road,
Ahmedabad-380 006,
Gujarat, India
T : +91 79 40056400 | 40056401
M : +91 94262 85655 | 93741 85655
E : info@prarambhlife.com

A WORLD OF PRECISION
The cage making business is all about precision engineering
Precisely what our customers need to set the ball rolling !
TAPER ROLLER BEARING CAGES • SPHERICAL ROLLER CAGES
BRASS MACHINED CAGES • BALL BEARING CAGES
POLYAMIDE CAGES • STAMPED AUTO COMPONENTS
HARSHA ENGINEERS
ISO/TS 16949:2002 CERTIFIED
Harsha Engineers Limited
Sarkhej-Bavla Road, Changodar,
Ahmedabad - 382 213.
Ph. : 91-2717-391200 Fax : 91-2717-391259
Email : marketing@harshaengineers.com
Visit us at : www.harshaengineers.com

MEET RUDANI
+91 9726066655
MILAP PATEL
+91 9737524821
RII
RUDANI
INNOVATION INDUSTRIES
INDUSTRIES AUTOMATION • SPM MACHINES
WATERJET CUTTING MACHINE
LED TUBELIGHT & BULB MANUFACTURING MACHINE
Which Establish your Ideas & Dreams into the Reality...
47, Amba Estate, Vatva-Mehmdabad Highway, Nr. S. P. Ring Road Circle,
Vatva, Ahmedabad-382445 • Web. : www.rudaniinnovation.com
Email : sales@rudaniinnovation.com
purchase@rudaniinnovation.com

અશોક રઘુરામ ઠક્કર
કરી લો ઘર આપના પોકેટમાં
વિષ્ણુધારા હોમ્સ હવે આપના બજેટમાં.
श्री विष्णुधारा @Gota. HOMES
1 & 2 BHK Apartments
સાઈટ ઓફીસઃ
વોડાફોન ટાવર પાછળ, એસ.જી. હાઈવે,
ગોતા, અમદાવાદ-૮૧.
કોર્પોરેટ ઓફીસઃ બીજો માળ-૧૪, જે.બી.આર. આર્કેડ,
સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૬૦.
ફોન : ૮૮૬૬૧૦૪૪૯૯, ૮૮૬૬૩૦૪૪૯૯
ઉપલબ્ધ સુવિધાઓઃ
• ૨૪ કલાક સિક્યુરીટી ગાર્ડસ • સિનિયર સીટીઝન એરિયા
• ચિલ્ડ્રન પ્લે એરિયા • લેન્ડસ્કેપ ગાર્ડન

વિવિધ
યાદગાર પ્રસંગોએ
સ્વજનો-મિત્રોને ભેટ
આપવા જેવાં પુસ્તકો



ગુજરાતી સાહિત્યરસિકો માટે અમદાવાદમાં ગ્રંથતીર્થ સમા અમારા ત્રણ શો રૂમ
ગૂર્જર સાહિત્યભવન
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ – 380 001
ફોન : 079-22144663, e-mail : goorjar@yahoo.com
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
સંસ્કાર સાહિત્યમંદિર
5, N.B.C.C. હાઉસ,
સહજાનંદ કૉલેજ પાસે,
આંબાવાડી, અમદાવાદ-15
ફોન : 079-26304259
ગૂર્જર સાહિત્ય પ્રકાશન
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઈટેનિયમ સિટીસેન્ટર પાસે
સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર
અમદાવાદ-15 ફોન : 26934340, મો. 98252 68759
ઇમેલ : gurjarprakashan@gmail.com

फ्रूटी भी, ज्युसी भी और मिल्की भी
सब'मस्त है!
MICHI'S Candies & Toffees
Manufacturer & Marketer of Confectionery Products
JRJ FOODS PVT. LTD.
#314 / 315, G.I.D.C., Phase 1, Chhatral, Taluka Kalol, Dist. Gandhinagar - 382 729. Gujarat INDIA
Phone : +91-2764-234400 / 11 / 12 • Cell : +91 99090 23957/58 • Fax : +91-2764-234200
E-mail : salessupport@jrjfoods.com • Website : www.jrjfoods.com facebook.com/MichisTreats

The Name Says its all
II Radha Vallabh Group



Bonafide Brokers
138/2, Sindhi Commercial Market, Kalupur, Ahmedabad-380 002.
Phone : 22124412, 22120234, 22160418 (R) 22865419
Mobile : Chamanbhai - 9925070719, Nileshbhai - 98250 70719
Nelco Agency
137/2, Sindhi Commercial Market, Kalupur, Ahmedabad-380 002.
Amitkumar : 9879024849
Aryan Agency
Chamanbhai : 9925070719
Jaya Marketing
Hirenkumar : 9879997777
Branch Office :
A-410, City Center, Opp. Idgah Police Chowki, Prem Darwaja Road, Ahmedabad.
Web : www.bonafidebrokers.com

Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad
on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. • Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta • Price : Rs. 18.00 • Lifetime Subscription : Rs. 1500/-